

મેઘદૂતિકા

શિલ્પી · ચિન્તામણિ કર

કુમાર


આવતી કાલનાં નાગરિકોનું માસિક

તંત્રી · બચુભાઈ રાવત

સંસ્થાપક · રવિશંકર રાવળ

નવેમ્બર ૧૯૬૩

૪૭૯



ઈન્દુમતીનું મૃત્યુ

ચિત્રકાર • બિહારીલાલ બારભૈયા

વર્ષોવર્ષ કાલિદાસ જયંતી વખતે યોજાય છે તે કાલિદાસની કૃતિઓ પરથી સર્જેલાં ચિત્રો તથા શિલ્પોના પ્રદર્શન વેળા રજૂ થએલી કૃતિઓ પૈકીના આ ચિત્રમાં રઘુવંશના આઠમાં સર્ગના બત્રીસમા શ્લોકમા વર્ણવેલા અજ-ઈન્દુમતીના ઉપવનવિહાર (જે સમયે ઈન્દુમતીનું મૃત્યુ થયું)નું આલેખન છે.

स कदाचिदवेक्षितप्रजः
सह देव्या विजहार सुप्रजाः।
नगरोपवने शचीसखो
मरुतां पालयितेव नन्दने॥ ८-३

જેવી રીતે દેવોના પાલક અને શચીસખ ઇન્દ્ર નંદનવનમાં વિહાર કરે છે તેમ સુપુત્રવાન તથા પ્રજાહિતચિંતક તે રાજાએ (અજે) દેવી (ઇન્દુમતી) સાથે નગર સમીપના ઉપવનમાં વિહાર કર્યો (એ ઉપવનવાસ દરમિયાન એકદા આકાશમાર્ગે સંચરતા દેવર્ષિ નારદની વીણા પર લટકતી પુષ્પમાળા હવાના હિલોળથી નીચે ખરી પડી, તેના સંપાતથી ઈન્દુમતીનું મૃત્યુ થયું અને તે શાપમુક્ત થઇ. તપસ્વી તૃણબિન્દુના તપથી ભયભીત થએલા ઇન્દ્રે તેનો સમાધિભંગ કરવા માટે હરિણી નામની સુરાંગનાને મોકલી હતી, જે એ તપસ્વીના શાપને કારણે માનવદેહધારિણી ઈન્દુમતી બની હતી.)

(બ્લૉક: 'અંગના'ના સૌજન્યથી)

પાછલા પૂઠામાંનું પૂર્ણરંગી ચિત્ર

સાગરસંગીત

ચિત્રકાર • શાન્તિલાલ શાહ

વેરાવળના દરિયાકાંઠાના ખડકો પર અફળાઇને છિન્ન થતી વિચિમાળાની મનોરમ ભંગમાંથી ઊપજતા ધૂઘૂરમ્ય રવના જેવું જ સ્વપ્નિલ ત્યાંનું દશ્ય એમાં કલાકારે ઉતાર્યું છે.

(બ્લૉક: ગુજરાત રાજ્યના સૌજન્યથી.)

અનુક્રમણિકા

નવેમ્બર ૧૯૬૩ · અંક ૪૭૯

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૦; પરદેશમાં રૂ. ૧૪ અથવા શિ૦ ૨૧; છૂટક નકલ : રૂ. ૧-૨૫

વાચકો લખે છે....

લેખ (સર લલ્લુભાઇ શામળદાસ વિષે)થી પૂરો સંતોષ થયો છે, એટલું જ નહિ પણ પૂર્ણ માહિતીવાળો છે. આટલું બધું ક્યાંથી જાણ્યું એ સમજાતું નથી. છબીઓ પણ સરસ છે.

વંશાવલિમાં મારું બીજું નામ 'સિદ્ધાર્થ' લખ્યું છે એ સાચું નથી. મારું નામ મારા પિતાએ 'પ્રબુદ્ધ' પાડયું હતું. આ વિષે સંસ્કૃતિમાં મેં લખ્યું છે. મોસાળ તરફથી 'ગગનવિહારી' નામ હતું અને મને ઘણા લોકો એ નામે ઓળખતા એટલે મેં એ જ પછી સ્વીકાર્યું.

વંશાવલિમાં જ્યાં ઉપરથી ત્રીજું નામ 'કાનજી' છે ત્યાં 'ભીમજી' હોવું જોઇએ, એમ મારા મોટાભાઈ જ્યોતીન્દ્રભાઇ કહે છે.

(મુંબાઈ) —ગગનવિહારી મહેતા

'તમે ગમગીન છો' લખીને શ્રી કનુ અડાસીએ ગુજરાતી નવલિકા-સાહિત્યમાં નવો ચીલો પાડયો હોય એમ લાગે છે. માણસના અંતરને આવી સચોટ શૈલીમાં ઉતારેલું પૂર્વે મેં ક્યાંય વાચ્યું નથી. 'કુમાર'ને જ અલબત્ત દાદ દેવી જોઈએ એના આ પ્રયાસ બદલ. નવલિકામાં શ્રી સુધીર દલાલ, શ્રી ચંદ્રકાંત બક્ષી અને આ શ્રી કનુ અડાસીએ નવા માર્ગો પેખ્યા છે એમ લાગ્યા વિના રહેતું નથી.

(કલકત્તા) —ભાનુરાય લીલાધર પીપલિયા

અંક ૪૭૮માં 'વેદિયો અને વહેવારુ'નો ચાબખો વાંચ્યો. આવા ચાબખા 'કુમાર'માં છાપો તો આપણી ભાવિ પ્રજાની વધુ સેવા કરી ગણાશે; કારણકે અત્યારે સામાજિક, સાંસારિક, ધાર્મિક બદીઓ જડ ઘાલી બેઠેલી છે તેનું પોતીકું તાત્પર્ય ઘણાખરા લોકોને હોવું નથી, તેમજ શિક્ષણ (આજના)માં પણ તેનું કંઈ શીખવવામાં આવતું નથી. મતલબકે શું સાચું અને શું ખોટું એ સગવડિયા ધર્મ જેવું થઈ પડયું છે; અને તેથી જ એ બાહ્ય-ધાર્મિક પુરુષે વહેવારિકતાનો સગવડિયો અર્થ પાંચ પૈસા બચાવવાનો કર્યો. તેણે છેતરપિંડી કરી તેનો તેને મનમાં જરાપણ રંજ નથી થતો.

(મુંબાઇ) —મે'તાજી કાન્તિલાલ શેઠ

'કુમાર'માં (રવિભાઈની) હકીકત હું પહેલેથી રસપૂર્વક વાંચું છું. પોતાના જીવન-ચરિત્રને વાચકોને રસ પડે એ રીતે રજૂ કરવું બહુ કઠિન છે. વળી ઝીણામાં ઝીણી વિગત રજૂ કરવાનું ભૂલતા નથી. છેલ્લા અંકમાં લુહાણા રામજીભાઈ વિષેની પંક્તિ વાંચીને આ પત્ર લખવા પ્રેરાયો છું. એ મારા બાપુજીની રચેલી છે. મારા પિતાશ્રી ૧૯૧૬–૧૭માં ધ્રાફામાં શિક્ષક હતા. પૂ. મહાત્માશ્રીને જોએલા નહિ, એટલે બપોરના રીસેસમાં એમનાં દર્શને ગએલા. પ્રા. અતિસુખશંકરભાઇ ગાયકવાડને મળવા ગયા ત્યારે એમના એ. ડી. સી. ને મહારાજા સમજી કુર્નિશ કરી ક્ષોભ પામેલા, તેમ રામજીભાઇને પણ મહાત્મા સમજી પ્રણામ કર્યા, એનો એમને ક્ષોભ થયો. તે ટાળવા દલપતરામની બે પંક્તિમાં પોતાની જોડી:

ખવાસનો ડોળદમામ દેખી,
નમે અજાણ્યા નૃપ એ જ લેખી.

(તેવી જ રીતે)

ગણી મહાત્મા નમતાં ભુલાણો
નક્કી થતાં તે નીકળ્યો લુહાણો!

(ભાવનગર) —દેવકૃષ્ણ પીતાંબર જોષી

'કુમાર'માં પ્રકટ થતાં કાવ્યો ગુજરાતી સાહિત્યનાં ઉત્તમકાવ્યોનું પ્રતિનિધિત્વધરાવે છે. અભિનંદન! 'ક્ષિતિજ'ના એક અંકમાં કળાવિષયક પુસ્તકોની નામાવલિ છે. તેમાં શ્રી ફીરોજશાહ રૂસ્તમજી મહેતાના 'ચિત્રરસિકા'નું નામ છે. પણ દુર્ભાગ્યે તેની સામે 'ન વાંચવું' એમ લખેલું છે. કલાને જાણવાની સમજવાની, વિચારવાની રીતો જુદીજુદી હોઇ શકે છે. મંતવ્યો અને વિચારો જુદાજુદા હોઇ શકે છે. આથી કોઇપણ એક રીત કે વિચાર જ સત્ય છે, એ પ્રકારનો હઠાગ્રહ કોઇ પણ રીતે આવકારદાયક નથી. સ્વાભાવિક રીતે જ આ પ્રકારનાસામયિકપાસેથી બીજાનાં વિચારો, મંતવ્યો જાણવાની, સમજવાની સહિષ્ણુતાપૂર્વક અપેક્ષા રહે જ. પોતાથી ભિન્ન વિચારસરણી ધરાવનાર પ્રત્યે આ જાતનો નિર્દેશ પણ યોગ્ય લાગતો નથી.

(ભાવનગર-૨) —ચંદ્રશેખર

[*છતાં આપણે તો સહિષ્ણુ થવું.]

સપ્ટેમ્બર અંકમાં 'વાચકો લખે છે' વિભાગમાં ભાઈશ્રી કે. પી. જાદવે 'કુમાર'ના જૂના અંકો વિષે જે સૂચન કર્યું છે તેમાં હું તૈયાર છું. ફોટોગ્રાફીનો રસપૂર્ણ અભ્યાસ કરાવતી શ્રી ગોવિન્દ મેવાડાની લેખમાળા 'કુમાર'માં અગાઉ આવી ગઈ છે, તેવી જ રીતે રેડિયોનું જ્ઞાન આપતી લેખમાળા છપાય તો મારા જેવા કેટલાય યુવાનો સંતોષ અનુભવશે.

'અવિસ્મરણીય વ્યક્તિઓ'ની સત્યકથામાળા' તથા નટવરલાલ માલવીની લેખમાળા છાપવા બદલ 'કુમાર'ને ધન્યવાદ.

(અમદાવાદ) —જે. ડી. પંચાલ

૪૪મું બેસતાં

· પૃથ્વી ·

હતો ભરતીનો કશો સમય! દૂરનાં કર્ષણે
રહેવું ઊંચકાઇ, ક્ષુબ્ધ થવું, ગર્જવું, ઊર્મિના
પ્રચંડ બલઓઘથી ક્ષિતિતટાંગને ભેટવું,
ઉછાળી ગિરિ આભના વદન નીલને છાંટવું,
સવાર થઇ ઘોડલે હહણતા નદીસુન્દરી
તણું સુખ ચૂમી મીઠી મસૃણસેજમાં લેટવું!

હવે સમય ઓટનો: શમી ગયાં સહુ કર્ષણો,
ન ક્ષુબ્ધ થવું, ગર્જવું, તટથી દૂરદૂરે જવું,
વિષાદનું ઝીણુંઝીણું રહ્યું નસીબમાં ક્રન્દવું,
નિહાળી સુખ દૂરથી સરિતનું રહ્યું ઝૂરવું!

ન તે ઉરઉછાળ, કંપ પવનોત્થ; જીર્ણ જ્વર
રહ્યો ભીતર શોષી.
ઓટભરતી તણા ચક્રના
ક્રમે ઉદધિને થતું કંઇક સહ્ય તો જીવન;
હવે વયજલે ન કિન્તુ ભરતીનું આશ્વાસન.

જયન્ત પાઠક

વિયોગ

· વસંત-મૃદંગ ·

તું સાંજના ચણુ ઊડાડી ચબૂતરા પે
પાછી ફરે ઘરભણી, કચભાર-વિશ્લથ.
ઊડે રતુંબલ પ્રકાશમહીં લટો તવ.
વેણી ઊતારી પથ પે ફૂલ વેરતી જતી.
ધીરે કરંત સરખો નિજ વસ્ત્રછેડો.
વાતાયનેથી નીરખી રહું ચાલ તારી.
ને ચિત્તની ચકલી શોર રહે મચાવી.
આખું ય જીવન હસે ત્યહિં મોગરા શું
રે, એ કથા પ્રિય! બની નવ સત્ય.
આજ આ
વર્ષેલ શ્રાવણ; પડ્યું અહિં સિક્ત આંગણું
ખાબોચિયે તવ ગુલાલરસ્યા પદો થકી
શું નીતર્યો વરણ! આંહિ ગરેલ મોગરો.
ને પિચ્છ કૈં ઋજુ ખર્યાં; બસ આમતેમ
ઘૂમી રહ્યો પવન… તું અહિં આવ આવ!
સૂની પડી હૃદયની અડવી હવેલી;
ને હીબકાં ભરત ર્‌હેરહી બારીબારણાં;
બોલી રહ્યા ચહુ દિશાથકી ક્ષુબ્ધ દાદુર.

દિલીપ ઝવેરી

નમાયું ના!

· ગઝલ ·

અહીં ફૂલની સરળતાથી જીવી જોયું–જિવાયું ના!
ખરી પડતાં ય હસવું તો હતું કિન્તુ હસાયું ના!

દિવસ ને રાત જેના શબ્દ અંતરમાં ભમ્યા કરતા,
અધૂરું ગીત એ ક્યારે ય હોઠેથી ગવાયું ના!

કહી દીધો તમે નિષ્ઠુર જિગરનો આદમી મુજને,
તમે તે કેમ જાણો કેમ આંસુથી અવાયું ના!

કબૂલું છું, પ્રણયમાં એક મોટી ભૂલ થઇ ગઇ કે
તમે મારા તરફ જોયું ને મારાથી હસાયું : ના!

ઘણીયે વાત હું સ્હેલાઇથી વિસરી જતો આવ્યો,
પરંતુ ક્રૂર મીઠું એ વદન કેમે ભુલાયું ના!

વગર સમજ્યે મને સૌ બેફિકર ક્હે છે, ને મારાથી
ફિકરમાં ને ફિકરમાં મોત આવ્યે પણ મરાયું ના!

કોઈ આવ્યું, ગયું કોઈ, રહ્યું છે દર્દ એનું એ,
વધારી પણ શકાયું ના ને ઓછું પણ કરાયું ના!

નમું ના ફૂલ ચૂંટવા કાજ પણ એવો મિજાજી છું,
ખુશામતમાં કે મ્હોબતમાંય મારાથી નમાયું ના!

હેમન્ત દેસાઈ

પ્રાર્થના

· શાલિની ·

કુંજે કુંજે હેમસૌન્દર્ય મોતું;
શૃંગે શૃંગે રૂપ દીપે સ્તનોતું;
વૃન્તે વૃન્તે નેત્ર નર્તે સુમોતું.

ઘૂમે કોટિ આભમાં ગૂઢ યાત્રી,
પંથો એના આંકતી દીપ્તગાત્રી,
કાલારૂઢા, સુસ્વના, મૌનધાત્રી.

સંધ્યાકાશે વસ્ત્રના ફર્‌ફરાટે
ઊડે તારી સૌરભો શાંત વાટે,
આભાલેપો કુંકુમોના લલાટે!

પૃથ્વીવૃક્ષે સિન્ધુનાં વારિ ઝૂલે
ફંગોળે તું કાય; શો કંઠ ખુલે!
લીલા ન્યાળે કૃષ્ણ તો વેણુ ભૂલે!

વાસંતી તું બંસરી રાગશાલી,
ને વર્ષાની ખંજરી તું કરાલી,
શારદ્ ગીતે મંદ તારી સ્વરાલી.

વાવ્યા તેં તો ધૂલિમાંહી અજંપા,
રોપ્યા તેં તો વન્યભોમે ય ચંપા,
રાગો પાજે મત્ત, રૂપસ્વરૂપા!

વ્રજલાલ દવે

મધરાતના દવ

· મંદાક્રાન્તા ·

(૧)

જાગો વ્હાલી! અલસ નયને આંખનાં ઘેન છાંડો,
આ સામેના ગિરિદવપરે દગ્ધ શી મીટ માંડો!
સોના કેરી ઝળકી ઊઠી લંકા, કુબેરે ઉતારી
ભૂપૃષ્ઠે શું અલકનગરી? કે નરી વીજક્યારી?

આ બારીમાં ભભક ભરતી તેજનાં તોરણોની
આભા જાણે કનકરસરંગ્યા દિશાના પ્રણોની;
દાઝ્યા જીવો પ્રકૃતિઉદરે હોમતી કાળ ઝાળો,
જે સોહાવે સ્થળ સકળ તેની જ હૈયાવરાળો.

લાખેણાં કૈં સળગી મરતાં સત્ત્વ, ઉત્સાદનોના
ભેંકારોમાં ભયજનક શૃંગાર ભસ્માંગનાના;
કંકાલોની કણસતી ચિતાઓ પરે વહ્નિ-વેલી
નાચે ઘેલી વિખરી લટ શા ધૂમ્રપાશે કરાલી.

લીલી કુંજે સઘન તરુની, મેખલાઓ વનોની
ચેતી ઊઠી વિકલ સરખી દક્ષયજ્ઞે ભવાની!

(૨)

ના, વ્હાલી! ના ચમકી પડશો; આ કથા છે અધૂરી;
વર્ષો પ્હેલાં મળી ગઇ મને એહની ભાળ પૂરી.
પ્હેલેરો હું દવ નિરખતાં ચકધારે ચડ્યો'તો,
બાણેવીંધ્યાહરિણશિશુશોબ્હાવરોઆથડ્યોતો.

જ્યારે કિંતુ ઉદધિઉરથી મેઘવૃંદો મૃદંગે,
રંગેચંગે ઊમટી જ પડ્યાં, ત્રાટક્યાં શૃંગશૃંગે,
ત્યારે પાછી ઝળહળ ઝગી અદ્રિની યૌવનશ્રી,
કુંજે કોળી, વન ભરી વહ્યા વાયરાઓ વિલાસી.

મેં જાણ્યું જે બહુવિધ કથામાં વ્યથાનાં ઉખાણાં,
રોતા રાગોમહીં ઊપડતાં કેટલાં રમ્ય ગાણાં!
એ આલંબે ઉરદવ નમ્યો, ના શમ્યો તપ્ત છાક,
ત્યાં નિસ્યન્દે નયનરસ તારો વહ્યો, હું અવાક!

મેં માનેલી પ્રકૃતિકરસંકોરી જે યજ્ઞવેદી
સ્યન્દે સ્યન્દે સ્મિતમય બની જિંદગી લાલ મેંદી.

રામપ્રસાદ શુક્લ

('શૈલ અને મેઘ' શ્રેણીમાંથી)

સચોટ રૂપક-અલંકારોથી મંડિત પ્રશિષ્ટ બાનીમાં ભયાનક ગિરિદવનું, અને પછી તેમાંથી જ કોળતી ઝળહળતી અદ્રિની યૌવનશ્રીનું વર્ણન, જેનો પ્રબોધ સ્પષ્ટ છે (ઉત્સાદનો=વિનાશ; નિસ્યંદે=ધીમેધીમે ટપકચા કરીને; સ્યંદેસ્યંદે=ટીપેટીપે)

આપનાં સૌનાં હૃદયમાં જે છબિ મારી રહી,
જે આપની કીકીમહીં ધીરેધીરે ઊઘડી રહી,
હું તે જ મારી જાતને ચાહી રહ્યો, ના જે અહીં.

મહેન્દ્ર દવે

હીરાલાલ પોપટલાલ શાહ

ગુજરાતના પંત પ્રધાન

મેઘવર્ણી દેહકાંતિ, વિશાળ ભાલપ્રદેશ, બુદ્ધિથી ચમકતાં નેત્રો, માથા પર આછેરા રૂપેરી વાળની કલગી ને નિશ્ચયાત્મક દૃઢ હડપચીવાળા શ્રી બળવંતભાઈ અને સરદાર પટેલમાં સામ્ય જોનાર ગાંધીજીએ એમના વિષે કહ્યું છે: 'બળવંતભાઈને દેશી રાજ્યો વિષે બહોળો અભ્યાસ છે. એને કાઠિયાવાડના બીજા સરદાર કહું તો ખોટું નથી એટલી શક્તિ એનામાં પડી છે.'

ગાંધીજી અજબ માનવરત્નપારખુ હતા. પોતાના પરિચયમાં આવનાર વ્યક્તિની સુષુપ્ત અને વિશિષ્ટ શક્તિઓને તેઓ ઝટ પારખી લેતા. બળવંતભાઈમાં સરદારશ્રી જેવી સંગીન સંગઠનશક્તિ છે; હાથમાં લીધેલું કામ પાર પાડવાનું દૃઢ મનોબળ છે; કોઈ પણ સવાલને એની સમગ્ર આંટીઘૂંટીથી સમજવા અને ઉકેલવાની આગવી હથોટી છે; તેમજ અદના સૈનિક તથા કુશળ સેનાપતિના તમામ ગુણો છે.

તા. ૧૯મી સપ્ટેમ્બર ૧૯૬૩ના રોજ ગુજરાત રાજ્યનું સુકાન સંભાળનાર મુખ્ય પ્રધાન બળવંતરાય મહેતા આપણાથી છેક અજાણ્યા નથી. થોડાંક વર્ષો પહેલાં ભારત સરકારે સામૂહિક વિકાસ ઘટકો અને રાષ્ટ્રીય વિસ્તરણ સેવાની કામગીરીની તપાસ માટે એક અભ્યાસજૂથની રચના કરી હતી. એના અધ્યક્ષ તરીકે એમણે તૈયાર કરેલા, દેશમાં પંચાયતી રાજ સ્થાપવાની ભલામણ કરતા અભ્યાસપૂર્ણ અહેવાલથી એમનું નામ જોતજોતાંમાં ગામડેગામડે જાણીતું થયું હતું. આપણા દેશમાં લોકશાહી વિકેન્દ્રીકરણના ધોરણે પંચાયતી રાજ સ્થાપવાના ક્રાન્તિકારી કાર્યક્રમનો જે અમલ થઈ રહ્યો છે તેના પ્રત્યે હવે તો સૌનું ધ્યાન ખેંચાયું છે. એ પંચાયતી રાજના પ્રણેતા, પુરસ્કર્તા ને પિતા તરીકે બળવંતભાઇનું નામ આજે દેશપરદેશમાં ખ્યાતિ પામ્યું છે.

ઈ. ૧૮૯૯ની ૧૯મી ફેબ્રુઆરીએ ભાવનગરમાં એમનો જન્મ થયો હતો. એમના પિતાશ્રી ગોપાળજી ત્રિભોવનદાસ મહેતા ભાવનગર રેલવેમાં કારકુન હતા. કુટુંબસ્થિતિ સામાન્ય. એ જમાનામાં પંદર–૪૦ રૂપિયાના પગારમાં માતા-પિતા અને ત્રણ ભાંડુઓવાળા એ પાંચ વ્યક્તિઓના કુટુંબનો નિર્વાહ થઇ રહેતો. પણ બળવંતભાઇ



નવેક વર્ષની વયે



ઈન્ટરના અભ્યાસ વેળા

પાંચ વર્ષના થતાં પિતાની છત્રછાયા ઝૂંટવાઇ ગઈ. એમના મોટા ભાઇ ભૂપતભાઈ ત્યારે સાત વર્ષના હતા. બંને ભાઇઓને મામાએ પાંખમાં લીધા. ભાવનગર રાજ્યના કુંડલા મહાલમાં જેસર નામના ગામમાં એ ડૉકટર હતા. ત્યાં રહીને બંને ભાઈઓએ પ્રાથમિક શિક્ષણ પૂરું કર્યું.

એ જેસરની ધરતીનાં જે ધાવણ બંને ભાઇઓએ ધરાઈ ધરાઇને પીધાં તેમાંથી એમનામાં સાહિત્ય, ધાર્મિક જ્ઞાન અને સદાચારના સંસ્કારપિંડો બંધાયા. જેસરમાં ઘરઆંગણે ગીગા મહારાજના આખ્યાનો થતાં તેમાં બંને ભાઇઓ અચૂક હાજર હોય. પ્રેમાનંદનાં સુદામાચરિત્ર, ઓખાહરણ, નળાખ્યાન આદિનું આકંઠ રસપાન એમણે ત્યાં કર્યું. વળી ગામમાં રામલીલાઓ આવે, માણભટ્ટો આવે, બારોટો આવે, એનો પણ એકે ય અવસર આ બંને ભાઇઓ ન ચૂકે. બંનેએ દિવસો સુધી માણભટ્ટની મહાભારતની કથાઓ સાંભળેલી. વળી ડૉકટર મામાને રાજ્ય સાથે પત્રવ્યવહાર કરવો પડતો. નાનો બળવંત મામાની એ ફાઇલો પણ ઉથલાવે; વાંચતાં ન સમજાય તેની પૂછપરછ કરે.

જેસરમાં મોટા ભાઇ ભૂપતભાઇએ ગુજરાતીનાં સાત ધોરણ અને બળવંતે છ ધોરણ પૂરાં કર્યાં, એટલે બંને અંગ્રેજી શાળામાં દાખલ થવા ભાવનગર ગયા. ત્યાં મામાએ ભાડાનું એક મકાન રાખેલું, તેમાં રહી, ખારના દરવાજે આવેલી 'પ્રાઇવેટ હાઈસ્કૂલ'માં (જે પાછળથી સનાતન ધર્મ હાઇસ્કૂલમાં ફેરવાઇ) દાખલ થયા. ભાવનગર શહેર તો રાજ્યનું મુખ્ય મથક. ત્યાં અનેકવિધ પ્રવૃત્તિઓ ચાલે. બંને ભાઇઓને વિશાળ ક્ષેત્રનો લાભ મળ્યો. થીઓસોફી મંડળ તરફથી તે દિવસોમાં સનાતન ધર્મની પરીક્ષાઓ લેવાતી, તેમાં રામાયણ, મહાભારત, ગીતા અને ધાર્મિક સિદ્ધાંતો વિષે પૂછવામાં આવતું. આ પરીક્ષાઓમાં બંને ભાઇઓ બેસતા અને તેમાં ઉત્તીર્ણ થઇને ઇનામો મેળવતા. એ ઈનામોનાં ભેટ-પુસ્તકોમાં નાનો બળવંત ઍની બિસાન્ટનાં પુસ્તકો ઉપર પોતાની પસંદગી ઉતારે. 'વેઇક અપ ઇન્ડિયા', 'ઇન્ડિયા એ નેશન', 'હાઉ ઇન્ડિયા રૉટ ફૉર ફ્રીડમ' વગેરે પુસ્તકો એને માટે રાજકારણના પ્રથમ પાઠ સમ બન્યાં.

જેસરથી મામાની બદલી બોટાદ થઈ, એટલે બંને ભાઇઓને બોટાદ તેડાવી લેવામાં આવ્યા. ત્યાં ટી. ટી. જાની નામના સાહિત્યરસિક શિક્ષક મળ્યા. તે ફ્રી પીરિયડમાં કવિ નાનાલાલનું 'ઇન્દુકુમાર' વર્ગમાં વાંચી સમજાવે. એમાં બંને ભાઇઓ રસતરબોળ બની જતા. પછી તો એ જાનીસાહેબ પાસેથી નાનાલાલનાં બીજાં પુસ્તકો પણ ઘેર લઈ જઈ વાંચતા. સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયનાં પ્રબોધક પુસ્તકો પણ તે જ દિવસોમાં એમની પાસેથી મેળવી વાંચવા માંડેલાં. આજે પણ નાનાલાલ કવિ બળવંતભાઇના પ્રિય લેખક છે. થોડાક દિવસો પર ભાવનગરમાં શ્રી અનંતરાય રાવળનું કવિ નાનાલાલ વિષે પ્રવચન હતું તે સાંભળવા બળવંતભાઈ ચૂપચાપ આવીને સભાખંડમાં બેસી ગએલા.

હાઈસ્કૂલમાં બળવંતભાઇની નામના સદા તેજસ્વી વિદ્યાર્થી તરીકે રહી અને ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાંથી તે મૅટ્રિકની પરીક્ષામાં પહેલે નંબરે પાસ થયા. તે સાથે જ હાઈસ્કૂલમાં મૅટ્રિકમાં પ્રથમ આવનાર વિદ્યાર્થી તરીકે તેમને જશવંતસિંહ સ્કૉલરશિપ મળી અને કૉલેજનાં ચાર વર્ષ માટેની ફી તથા પુસ્તકોની બાબતમાં નિરાંત થઈ.

આલ્ફ્રેડ હાઈસ્કૂલના હેડમાસ્તર સ્વ. કૌશિકરામ મહેતા સાહિત્ય અને વાચનના ભારે રસિયા જીવ. તેમની નજર આ તેજસ્વી કિશોર

બળવંતરાય મહેતા

ઉપર ઠરી હતી. એમણે બળવંતભાઇને ઘણું પ્રોત્સાહન આપ્યું. ત્યાર પછી એણે 'વિદ્યાર્થી પુસ્તકાલય'માંથી 'સરસ્વતીચંદ્ર'ના ચારે ભાગ વાંચી લીધા. એમાંનો દેશી રાજ્યો વિષેનો ત્રીજો ભાગ તો એણે કેટલી યે વાર માણ્યો હશે. એ ઉપરાંત નારાયણ હેમચંદ્રનાં 'જીવનપ્રભાત' અને 'જીવનસંધ્યા' પણ એમની પાસેથી વાંચ્યાં.

અંગ્રેજી ત્રીજા ધોરણમાં આવ્યા ત્યારથી તેઓ મુંબાઈ અને અમદાવાદનાં અઠવાડિકો 'ગુજરાતી' ને 'ગુજરાતી પંચ'ના નિયમિત વાચનથી એ દેશભરના સમાચારો અને પ્રવાહોથી સારી રીતે વાકેફગાર રહેતા. તે વિષે તે સહાધ્યાયીઓ અને ઘણી વાર તો મોટેરાં સાથે ચર્ચામાં ઊતરતા. તેની ઊંડી સમજ, તર્કશુદ્ધ દલીલો અને બહોળી માહિતીથી પ્રભાવિત થઈ સૌકોઈ તેની વાત અદબથી સાંભળતા.

અમેરિકાના ફિઝિકલ કલ્ચરિસ્ટ બર્નાર મૅકફૅડનનાં પુસ્તકો 'વાઇટૅલિટી સુપ્રિમ' અને 'મસ્કયુલર પાવર ઍન્ડ બ્યૂટી' વગેરે વાંચી એમને શરીર સુધારવાની પ્રેરણા મળી. એમાંના માર્ગદર્શન મુજબ એમણે *વ્યાયામ ને આરોગ્યપાલન શરૂ કર્યાં. ખુલ્લી હવામાં ફરવાથી, ટટ્ટાર* બેસવા તથા ચાલવાથી, કાચાં શાકભાજી ખાવાથી શરીર ને આરોગ્ય સુધરે છે એ નાનપણમાં શીખેલા પાઠોનું આજે પણ તેઓ પાલન કરે છે.

હાઇસ્કૂલમાં ભાવનગરના નાયબ દીવાન શ્રી ત્રિભુવનદાસના પુત્ર શ્રી ચંપકભાઈ તેમના સહાધ્યાયી હતા. એમના પુસ્તકાલયનો તો એમણે વિદ્યાર્થીકાળમાં ખૂબ લાભ ઉઠાવ્યો.

ભાવનગર રાજ્યના દરેક મહાલમાં પુસ્તકાલયો હતાં. વૅકેશનમાં બંને ભાઇઓ ઉમરાળામાં મામાને ત્યાં જાય ત્યારે પુસ્તકાલયમાંની 'સુદર્શન', 'વસંત' અને 'બુદ્ધિપ્રકાશ'ની ફાઇલો વાંચ્યા કરે. ઉમરાળા અને બોટાદ ગ્રંથાલયનાં લગભગ તમામ પુસ્તકો વિદ્યાર્થી અવસ્થામાં એમણે વાંચી કાઢચાં હતાં. એ પુસ્તકાલયના સેક્રેટરી એક વકીલ હતા. પ્રથમ વૅકેશનમાં આ વિદ્યાર્થી પુસ્તકો લેવા ગયા ત્યારે એમના મનમાં એમ કે પાંચ સાત દિવસે પુસ્તકો બદલાવવા આવશે; પરંતુ વાચનભૂખ્યા આ બંને ભાઇઓ તો સવારે પુસ્તક લઈ જાય અને સાંજે એ બદલાવવા માટે આવીને ઊભા રહે. તેમાં યે તારની ઝડપે પુસ્તકો વાંચતા બળવંતને તો એ 'તાર-માસ્તર' કહીને સંબોધતા!

અમદાવાદના જાણીતા સાહિત્યમંડળ 'બંધુ સમાજ'ના લેખકો (૧) સ્વ. ભોગીન્દ્રરાવ દિવેટીઆની 'ઉષાકાન્ત' અને 'પદ્મનાભ' નામની સામાજિક નવલકથાઓ ને (૨) 'સુંદરી સુબોધ'ના તંત્રી રામમોહનરાયની 'યોગિની' અને 'બાળા'થી તે ખૂબ પ્રભાવિત થએલા. 'ગુજરાતી'-ના તંત્રી ઇચ્છારામ સૂર્યરામની 'હિન્દ અને બ્રિટાનિયા' એ દિવસોમાં ક્રાન્તિકારી નવલકથા લેખાતી. એ પુસ્તકના અક્ષરેઅક્ષરનું એમણે રસપૂર્વક પાન કરેલું. 'ગુજરાતી'ના ભેટ પુસ્તકો તરીકે અત્યંત લોકપ્રિય થએલી વિખ્યાત ઐતહાસિક નવલકથાઓ તેમજ બીજું જે કંઈ ઉચ્ચ સાહિત્ય હાથ ચડે તે આ બંને જ્ઞાનપિપાસુ ભાઇઓ વાંચવાનું ચૂકતા નહિ. બંને વચ્ચે જાણે એક પ્રકારની જ્ઞાનસ્પર્ધા ચાલતી.

ડૉક્ટર મામા શ્રેયઃસાધક અધિકારીવર્ગમાં આસ્થાવાળા હોઇ એ સંસ્થામાં 'મહાકાળ', 'પ્રાતઃકાળ', 'યમદંડ', 'ધર્મધ્વજ', 'શ્રીભક્ત' વગેરે સામયિકો એ મંગાવતા, અને આ બંને ભાણેજો એનો પણ લાભ ઉઠાવતા. આમ, ઉમરાળામાં તો જ્ઞાનપરબ મળેલી. સાહિત્ય, ઈતિહાસ, ધર્મ અને અમુક અંશે રાજકારણનાં પયપાન ધરાઈ ધરાઇને ત્યાં કર્યાં.



કૉલેજમાં પણ જ્ઞાનપ્રાપ્તિની એમની આ પ્રવૃત્તિ અખંડ રહી— બલકે ઉત્તરોત્તર વિકસતી ગઈ. યશોનાથ મહાદેવના મંદિરમાં થતાં સાધુસંતોનાં પ્રવચનોમાં તો બંને ભાઈઓ હાજર હોય જ. લોહાણા જ્ઞાતિની વાડીમાં ચોમાસામાં ત્રીકમલાલ મહારાજનાં આખ્યાનો પણ તે નિયમિત સાંભળવા જાય. જૈનોની 'આત્માનંદ' સભા અને 'જૈન પ્રસારક સભા'ના આશ્રયે ભાવનગરમાં પંડિત લાલન ને બીજા જૈન મુનિઓનાં વ્યાખ્યાન વખતે પણ ભૂપત-બળવંતની જોડી શ્રોતાવર્ગની આગળની હરોળમાં પલાંઠી વાળીને બેઠેલી નજરે પડે.

ભાવનગર કૉલેજમાં કેટલાક સહાધ્યાયીઓએ મળીને 'સુહૃદ-સંમેલન' નામે મંડળ કાઢેલું. એમાં દર અઠવાડિયે વિવિધ વિષયો ઉપર તૈયાર કરીને વંચાતા નિબંધોની ચર્ચામાં તે ઉત્સાહપૂર્વક ભાગ લેતા. તેમાં એમણે ગુજરાતી સાહિત્ય ઉપર તૈયાર કરીને વાંચેલો નિબંધ ખૂબ વખણાએલો. ભાવનગરમાં 'જૈન આત્માનંદ સભા' તરફથી યોજાએલી એક કાવ્યવાચન સ્પર્ધામાં કોટ-પાટલૂન, હૅટ અને ટાઇ પહેરીને એમણે લૉંગફેલોની પ્રખ્યાત કવિતા 'સામ ઑવ લાઇફ'નું જે છટાથી, શુદ્ધ ઉચ્ચારો અને શબ્દોના આરોહ-અવરોહ સાથે પઠન કર્યું તેથી એમને પ્રથમ ઈનામ મળેલું.

ભાવનગરની કૉલેજમાં એક વર્ષ અભ્યાસ કર્યો એવામાં એમને અમદાવાદ જવાનું થયું. ત્યાં ઇન્ટરમાં ઇતિહાસનો વિષય લીધો. કોચરબમાં મકાન રાખીને પાંચસાત વિદ્યાર્થીઓ રહે અને એમનાં બા સૌને રાંધી જમાડે. એ દિવસોમાં ગાંધીજી કોચરબમાં તાજો જ સત્યાગ્રહ આશ્રમ સ્થાપીને રહેતા હતા. ભૂપત-બલવંતની બંધુબેલડી રોજ ત્યાં ગાંધીજીની પ્રાર્થનામાં હાજરી આપે; અને રાત્રે ગાંધીજી સરખેજ રોડ પર ફરવા નીકળે ત્યારે સાથે જાય. આમ પ્રથમથી જ ગાંધીજીની અસર નીચે બંને ભાઇઓ આવી ગયા હતા. ખુલ્લા પગે ફરવાનું પણ બળવંતે એ દિવસોમાં શરૂ કરી દીધું હતું.

આમ વિદ્યાર્થી અવસ્થામાં જ્ઞાનભાથું એકઠું કરવાની ધૂનમાં એમણે પોતાના સુકલકડા શરીર પાસેથી જે ગજા ઉપરાંતનું કામ લેવા માંડયું તેના પરિણામે રોજ રાતના શરીર થાકીને લોથ થઈ જતું. અંતે જુનિપર બી.એ.ની એક ટર્મ પૂરી કરી ત્યાં તો આરોગ્ય લથડયું

અને ઝીણે તાવ શરીરને પીડવા લાગ્યો. ભાવનગરના ચીફ મેડિકલ ઑફિસરે 'ક્ષય'ની શંકા કરી અને સંપૂર્ણ આરામ લેવાની સલાહ આપી.

તરત એમનાં માતુશ્રી એમને વઢવાણ લઈ ગયાં. ત્યાં ગામ બહાર એક મહાદેવના મંદિરની પડાળીમાં મા-દીકરો રહેતાં. મોટા ભાઇ ત્યારે સૂરતમાં શિક્ષક થઈ ગયા હતા. વઢવાણની સૂકી ખુલ્લી હવામાં જે ચારપાંચ મહિના રહેવું પડ્યું તેમાં પણ પથારીમાં પડ્યાપડ્યા એચ. જી. વેલ્સનો જગત્ખ્યાત ઇતિહાસગ્રંથ 'આઉટલાઈન ઑવ વર્લ્ડ હિસ્ટરી' અને 'મૅનકાઈન્ડ ઇન ધ મેઇકિંગ' એમણે વાંચી નાખ્યાં.

સાજા થઇ ભાવનગરમાં પ્રિન્સિપલ શાહાણી પાસે અર્થશાસ્ત્ર અને ઇતિહાસના વિષયો શીખી તેમણે બી.એ.ની પરીક્ષા આપી. એમાં પાસ તો થયા; પરંતુ એટલામાં ગાંધીજીની અસહકારની લડતનાં બ્યૂગલો સંભળાવા માંડ્યાં. 'પરદેશી કેળવણી અને પરદેશી સરકારની ડિગ્રી ન ખપે'નાં સૂત્રોનો એમણે અમલ કર્યો અને યુનિવર્સિટીની ડિગ્રી લેવા જવાની ના પાડી. પાછળથી ગુજરાત વિદ્યાપીઠે આ લાયક વિદ્યાર્થીને અર્થશાસ્ત્ર વિશારદની ઉપાધિ બક્ષી.

મોટા ભાઇ ભૂપતભાઈ તો ગાંધીજીની અસરથી પૂરેપૂરા રંગાઈ ગયા હતા અને સાબરમતી આશ્રમની ગુજરાતી શાળામાં નરહરિભાઇ પરીખ, કાકાસાહેબ કાલેલકર, કિશોરલાલ મશરૂવાળા વગેરેની સાથે શિક્ષક તરીકે જોડાઈ ગયા હતા. દરમિયાન વૅકેશનમાં ત્યાં મોટા ભાઇને મળવા આવેલા બળવંતભાઇએ આશ્રમના વિદ્યાર્થીઓની ટુકડી સાથે જોડાઇને અમદાવાદથી આબુનો પગપાળો પ્રવાસ કર્યો.

અસહકારની લડતે અનેક ભારતવાસીઓનાં જીવનમાં મૂલ્યપરિવર્તન કર્યાં છે. એક વખત ભણેલાગણેલા વર્ગમાં સરકારી નોકરી એ મુખ્ય જીવનધ્યેય લેખાતું, તેનું સ્થાન હવે દેશસેવાએ લીધું હતું. બળવંતભાઈમાં તો વિદ્યાર્થીકાળથી જ દેશભક્તિના સંસ્કાર પડેલા, એટલે ગાંધીજીની હાકલ થતાં જ એમણે પોતાનું જીવન રાષ્ટ્રસેવામાં સમર્પી દીધું. ઈ. ૧૯૨૦-૨૩ના એ જમાનામાં જાહેર જીવન એ કપરી કસોટી જેવું હતું, અને તેમાં યે દેશી રાજ્યોમાં જાહેરજીવન તો લોઢાના ચણા ચાવવા જેવી વાત હતી. પરંતુ આ દૃઢસંકલ્પી અને તરવરતા તેજસ્વી યુવાને કશાની પરવા કર્યા વિના એમાં ઝંપલાવ્યું અને શરૂઆત તરીકે ભાવનગરને કાર્યક્ષેત્ર બનાવી ત્યાંના રેલવે સેવક યૂનિયનના ઑર્ગેનાઈઝર તરીકે કામ શરૂ કર્યું.

સંગઠનશક્તિ અને કાર્યકુશળતાથી હાથમાં લીધેલું કામ સફળતાપૂર્વક પાર પાડવાની બળવંતભાઇમાં અજબ હથોટી છે. એ તો એક કામ થાળે પડે એટલે તરત બીજું કામ હાથમાં લે. વિદ્યાર્થી અવસ્થામાં વાંચેલાં 'સુંદરીસુબોધ' માસિક અને 'યોગિની' તથા 'બાલા'ની નવલકથાઓમાંથી કન્યાકેળવણીનું કામ કરવાની જે પ્રેરણા લીધી



ધોલેરા સત્યાગ્રહ સંગ્રામના ત્રીજા સરદાર તરીકે

હતી તેને મૂર્ત સ્વરૂપ આપવાના સંકલ્પથી એમણે ૧૯૨૫ના અરસામાં સૂરતથી શ્રી અમૃતલાલ દાણી, શ્રી ચૂનીલાલ શાહ તથા મોટા ભાઇ બોલાવીને થોડાક આજીવન સભ્યોથી ભાવનગરમાં 'મહિલા વિદ્યાલય'ની સ્થાપના કરી. આજે તો એ સંસ્થા વિરાટ વૃક્ષની જેમ ફૂલીફાલી છે. બળવંતભાઈ ત્યાં સામાન્ય જ્ઞાનના વર્ગો લેતા. તેની શરૂઆતની વિદ્યાર્થિનીઓમાં ત્રિવેદી કુટુંબની સાવિત્રી નામની એક કન્યા પણ દાખલ થઈ હતી. ત્રિવેદી કુટુંબ સાથે બળવંતભાઈના મામાને સારો સંબંધ હતો. કુ. સાવિત્રી અતિ તેજસ્વી વિદ્યાર્થિની હતી. શહેરની બીજી કન્યાઓને પણ વિદ્યાલયમાં દાખલ થવા લઇ આવતી અને ઇતર પ્રવૃત્તિઓમાં પણ હોંશભેર ભાગ લેતી. બળવંતભાઇ સાહજિક રીતે એમના પરિચયમાં આવ્યા. એ પરિચય વિકસીને આત્મીયતામાં પરિણમ્યો, અને ઈ.સ. ૧૯૩૬માં કુ. સાવિત્રી બળવંતભાઈની જીવનસંગિની અ.સૌ. સરોજબહેન બન્યાં. આજે બળવંતભાઈની રોજબરોજની પ્રવૃત્તિઓ અને જાહેર સેવાનાં કાર્યોમાં તેઓ સક્રિય સાથી છે એટલું જ નહિ પણ એમનાં પ્રિય મિત્ર અને પ્રેરણામૂર્તિ છે.

એ જમાનામાં દેશી રજવાડાંઓમાં નાગરિક સ્વાતંત્ર્ય તો સોગંદ ખાવા જેટલું યે નહોતું. સ્વતંત્ર અને સ્વમાની પ્રકૃતિના આ યુવાનને એ વિષમ પરિસ્થિતિ ડંખતી. બ્રિટિશ હિન્દમાં લોકજાગૃતિનાં મંડાણ થઈ ચૂક્યાં હતાં. તેના અનુસંધાનમાં યુવાન કાર્યકર બળવંતે પણ ગોહિલવાડના ગામડે ગામડે પગપાળા ઘૂમવાનું શરૂ કર્યું. ખુલ્લા પગે અને ખભે થેલી ભરાવીને એ ખેતરેખેતરે અને ઝૂંપડેઝૂંપડે ફરતા અને લોકોનાં સુખદુ:ખનો અભ્યાસ કરતા; એમની મુશીબતો-મુશ્કેલીઓ સાંભળતા અને એનો નિકાલ લાવવા મદદ અને માર્ગદર્શન આપતા. આમ, સૌરાષ્ટ્રની ધરતીના ધબકાર એમણે પારખ્યા અને એમનામાં લોકજાગૃતિની લહર આણી. ટાઢ, તડકો, ધૂળ, વરસાદ, પરિશ્રમ અને પરસેવો વેઠીવેઠીને એમના શરીરમાં ખડતલપણું આવ્યું અને ગ્રામવિસ્તારનાં અનેક કુટુંબો સાથે એમને ઘર જેવો સંબંધ બંધાયો. એટલે જ તો, હમણાં શિહોરની છેલ્લી ચૂંટણી વખતે એ જ ગ્રામવિસ્તારની પદયાત્રાએ જ્યારે બળવંતભાઇ નીકળ્યા ત્યારે અનેક વૃદ્ધો અને કુટુંબોએ 'પહેલાં આવતા હતા તે બળવંત મહેતો' આવ્યો છે એ શબ્દોથી જૂનાં સંસ્મરણો તાજાં કર્યાં હતાં.

એવામાં, કાઠિયાવાડમાં ત્યારે લોકશિક્ષણ માટે સ્થપાએલા સાપ્તાહિક 'સૌરાષ્ટ્ર'ના તંત્રીમંડળમાં જોડાવાનું એમને ઈ. ૧૯૨૧માં આમંત્રણ મળ્યું. ૧૯૨૪માં તે 'બૉમ્બે ક્રૉનિકલ'ના પ્રતિનિધિ બન્યા. બીજી બાજુ ઠક્કરબાપાએ ઉપાડેલા હરિજનસેવાના કાર્યમાં જોડાઈ ભાવનગર, બોટાદ, રાજપરા વગેરેમાં હરિજનશાળાઓ ચલાવવા માંડી અને હરિજનકલ્યાણની અનેકવિધ પ્રવૃત્તિઓથી ગોહિલવાડમાં અસ્પૃશ્યતાનિવારણની ઝુંબેશ ગાજતી કરી. ૧૯૩૨-૩૪ના દિવસોમાં ગાંધીજીએ યરવડા જેલમાં હરિજનો માટે ઐતિહાસિક ઉપવાસ કર્યા ત્યારે સૌરાષ્ટ્રમાં અસ્પૃશ્યતાનિવારણ માટે ગામડે ગામડે ગાંધીજીનો સંદેશો પહોંચાડવા શ્રી બળવંતભાઈએ થોડાક સાથીઓ સાથે ભાવનગરથી જૂનાગઢ સુધી પગપાળા પ્રવાસ કર્યો હતો. આજે પણ હરિજનસેવા એ બળવંતભાઇની પ્રિય પ્રવૃત્તિ રહી છે.

વળી ૧૯૨૩માં 'ભાવનગર પ્રજામંડળ'ની સ્થાપના કરી તેના મંત્રી થયા ને કાઠિયાવાડ રાજકીય પરિષદની કારોબારીના સભ્ય પણ બન્યા; અને એ જ અરસામાં ભાવનગર મ્યુનિસિપાલિટિમાં ચૂંટાઇને ત્રણ વર્ષ તેની સ્થાયી સમિતિના સભ્યપદે રહી શહેરકલ્યાણનાં કાર્યો કર્યાં.

એમની તેજસ્વી બુદ્ધિ અને સફળ કાર્યકૌશલથી આકર્ષાઇને રાજ્યમાં એમને સારા પદ અને ઊંચા પગારની નોકરીઓ મળવાના

પસ્તાવો થતા, પરંતુ પોતાનું જીવન દેશસેવામાં અર્પણ કરવાના સંકલ્પબદ્ધ આ ભેખધારીએ તો આજીવન સેવાવ્રત અંગીકાર કર્યું હતું. અઠ્ઠાવીસ વર્ષની વયે તે લાલા લજપતરાયે સ્થાપેલી 'સર્વન્ટ્સ ઑવ પીપલ સોસાએટી'ના આજીવન સભ્ય બન્યા. સ્વ. પુરુષોત્તમદાસ ટંડન, શ્રી લાલબહાદુર શાસ્ત્રી અને લાલા ફીરોઝચંદ જેવા ખ્યાતનામ દેશસેવકોની બનેલી એ સંસ્થાના શ્રી બળવંતભાઇ આજે અધ્યક્ષ છે.


૧૯૨૩ના જુલાઈમાં નાગપુર સત્યાગ્રહમાં ભાગ લેવા ગુજરાત-માંથી ગએલી સૂરતની ત્રીજી ટુકડીમાં તેઓ જોડાએલા હતા. તે પછી સને ૧૯૨૮માં સરદાર વલ્લભભાઈએ શરૂ કરેલા બારડોલી સત્યાગ્રહમાં સૈનિક તરીકે ગએલા બળવંતભાઈએ ત્યાંની મોતા છાવણીની જવાબદારી ઉપાડી લીધેલી. એવામાં સૌરાષ્ટ્રમાં રેલસંકટ આવ્યું એટલે ત્યાં દોડી જઇ સૌરાષ્ટ્ર સેવાસમિતિ તરફથી સંકટગ્રસ્ત લોકોને રાહત આપવા તેમણે રાતદિન ખડે પગે સેવા કરી.

૧૯૩૦માં ધોલેરા મીઠા–સત્યાગ્રહમાં તે બીજા સરમુખત્યાર બન્યા. તેમાં પકડાયા ને બે વર્ષ જેલ ભોગવી. ૧૯૩૨માં ભાવનગર પ્રજાકીય આંદોલનમાં ભાગ લેવા બદલ રાણપુરમાં ધરપકડ કરવામાં આવી અને છ માસ નાસિકમાં જેલવાસ મળ્યો. ત્યાંથી છૂટી ધંધુકા તાલુકા પરિષદના પ્રમુખ તરીકે ભાગ લેવા ગયા તો પરદેશી કાયદા હેઠળ બ્રિટિશ હદમાં દાખલ થવાની તેમને મનાઈ ફરમાવવામાં આવી. તેનો ભંગ કરી તેઓ અમદાવાદ આવતા હતા ત્યારે રેલવે સ્ટેશને તેમને 'પરદેશી' તરીકે પકડી દસ દિવસ નજરકેદમાં રાખ્યા અને પછી ૪૮ કલાકમાં હદ છોડવા ફરમાવ્યું. તેનો ભંગ કરવા માટે તેમને પકડીને શાહીબાગમાં રહેતા જિલ્લા મૅજિસ્ટ્રેટના નિવાસસ્થાને લઇ જવામાં આવ્યા. ત્યાં તેમને નવ માસની સજા થઈ. જે સ્થળેથી એ પરદેશી સત્તાધીશે આ 'પરદેશી'ને સજા ફરમાવી હતી તે જ નિવાસસ્થાનમાં–શાહીબાગના 'સેવાસદન'માં–આજે તે ગુજરાતના મુખ્યપ્રધાન તરીકે નિવાસ કરે છે એ વિધિની કેવી લીલા છે!

૧૯૪૦ના ડિસેમ્બરમાં વ્યક્તિગત સત્યાગ્રહ કરવા માટે ગાંધીજી-એ એમની પસંદગી કરી અને તેમાં એક વર્ષ સખ્ત મજૂરીની કેદ થઈ. પછી ૧૯૪૨ની 'હિન્દ છોડો'ની લડતમાં દસમી ઑગસ્ટે એમને અટ-કાયતમાં લીધા તે ૧૯૪૫ના ઑગસ્ટની ૩૧મીએ સૌથી છેલ્લા છોડ્યા.

નાગપુર, સાબરમતી, થાણા, નાસિક, યરવડા ને રાજકોટની જેલોમાં આમ કુલ ૭ વર્ષ એમને રહેવું પડ્યું. એ જેલવાસે દેશની આઝાદી અને ઉન્નતિ માટે બીજા સાથીદારો સાથે વિચારોની આપલે કરવાની અમૂલ્ય તકો પૂરી પાડી. જેલનિવાસને એમણે આત્મ-કેળવણી અને સ્વાધ્યાયનો અવસર બનાવ્યો. વળી એમણે ૧૯૪૨ના જેલવાસ દરમિયાન રેડિયમનાં શોધક મહાન વૈજ્ઞાનિક માદામ ક્યૂરીના જીવન-ચરિત્રનો અનુવાદ કર્યો, જે નવજીવન પ્રકાશન મંદિરે પ્રસિદ્ધ કર્યો છે.

ઈ. ૧૯૩૧માં એમણે 'ઑલ ઇન્ડિયા સ્ટેટ્સ પીપલ કૉન્ફરન્સ'નું સુકાન સંભાળી લીધું હતું. ૧૯૩૭માં તે અંગે ડૉ. પટ્ટાભી સીતારામૈયા સાથે મહિસુર, કોચીન, ત્રાવણકોર, કર્ણાટક, મહારાષ્ટ્ર તથા ગુજરાત-સૌરાષ્ટ્રનાં રાજ્યોનો એમણે પ્રવાસ ખેડ્યો. ૧૯૩૮માં ઉત્કલ રાજ્યો માટેની તપાસસમિતિમાં ઓરિસ્સાનો પ્રવાસ ખેડી એનો અહેવાલ પ્રસિદ્ધ કર્યો. આમ સ્ટેટ્સ પીપલ કૉન્ફરન્સ અગ્રિમ કાર્યક્ષેત્ર બની ગઈ. તે દ્વારા દેશનાં તમામ નાનાંમોટાં દેશી રાજ્યોમાં ચાલતાં પ્રજા-કીય આંદોલનોના સતત સંપર્કમા રહી એમણે દોરવણી આપ્યા કરેલી. એ જ દિવસોમાં તેઓ પંડિત નેહરુના પરિચયમાં આવી પોતાના સંગીન કાર્યથી એમના પ્રીતિપાત્ર બની ગયા. એ સંસ્થાના 'મુખપત્ર' 'સ્ટેટ્સ પીપલ' પાક્ષિકનું તેમણે સફળતાપૂર્વક સંપાદન પણ સંભાળેલું,



રાજકોટ સત્યાગ્રહ વખતે ગાંધીજી સાથે

ને વર્ષો સુધી પરિષદના મંત્રી રહ્યા બાદ પાછળથી તેના ઉપપ્રમુખ થએલા તથા દેશી રાજ્યોની પ્રજામાં જાગૃતિ અને જવાબદાર રાજતંત્ર પ્રાપ્ત કરવા માટેના આંદોલનના પ્રેરણામૂર્તિ બની રહેલા.

રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લેવા માટે તેમને એક માસની સજા થએલી. ફરી પાછી તેમાં ધરપકડ થઈ, પણ સમાધાન થતાં સામુદાયિક છૂટકારા વખતે મુક્તિ મળી, એટલે ૧૯૩૯માં ભાવનગર પ્રજાપરિષદનું નેતૃત્વ સંભાળ્યું અને ગાંધીજીની સલાહ મુજબ જવાબદાર રાજતંત્ર માટે ભાવનગરના દીવાન સાથે વાટાઘાટો કરી. સરદાર વલ્લભભાઇના પ્રમુખપદે ત્યાં ભાવનગર પ્રજા પરિષદનું અધિવેશન ભરવામાં આવ્યું અને ૧૯૪૬માં ભાવનગર ધારાસભાની ચૂંટણી થઇ તેમાં પ્રજાકીય પ્રતિનિધિ તરીકે ચૂંટાઇ આવીને વિરોધ પક્ષના નેતા તરીકે બંધારણીય લડત આપી બજેટનો અસ્વીકાર કર્યો ને ધારાસભાનો બહિષ્કાર કર્યો.

તે પછી ૧૯૪૭ના એપ્રિલમાં ભારતનું રાજબંધારણ ઘડવા માટેની અખિલ ભારતીય 'કૉન્સ્ટીટ્યુએન્ટ ઍસેમ્બ્લી'માં તેઓ ચૂંટાયા; અને આઝાદી બાદ તા. ૧૪મી ઑગસ્ટથી ડિસેમ્બર સુધીમાં ભાવનગર રાજ્યમાં જવાબદાર રાજતંત્ર માટે દિલ્હીમાં વાટાઘાટો કરી તેનું સંતોષકારક પરિણામ આણ્યું. એમની કાર્યશક્તિ, કૉંગ્રેસનિષ્ઠા અને કર્તવ્યપરાયણતા જોઇ ૧૯૪૮ના જાન્યુઆરીમાં એમને કૉંગ્રેસ કારો-બારીમાં લેવામાં આવ્યા. એ વિષે ગાંધીજીએ લખ્યું છે: 'કાઠિયા-વાડનું કામ ઘણું કઠણ છે. બળવંતભાઇને વર્કિંગ કમિટિમાં લેવાની સૂચના કરી છે તે બહુ જ વિચારપૂર્વકની સૂચના કરી છે; કારણ કે એક તો ભાવનગર જેવા સંસ્કારી રાજ્યમાં તે ઊછર્યા છે; ત્યાં તેમણે ભેખ લઇને કામ કર્યું છે. બાહોશ માણસ છે.'

તા. ૧૫-૧-૪૮ના રોજ ભાવનગરમાં જવાબદાર રાજતંત્રની સ્થાપના થઈ એટલે સ્વાભાવિકરીતે જ ભાવનગર ધારાસભામાં નેતા તરીકે ચૂંટાઈને તેઓ ભાવનગર રાજ્યના પંત પ્રધાન બન્યા. પછી સૌરાષ્ટ્રના અલગ રાજ્યની સ્થાપના થતાં ફેબ્રુઆરી ૧૯૪૮થી સપ્ટે-મ્બર ૧૯૫૦ સુધી તેઓ તેના નાયબ પંત પ્રધાન થયા, જે પદેથી તેમણે સ્થાનિક સ્વરાજ્ય, કેળવણી, બંદરો, વિકાસ, રેલવે, ગ્રામસુધા-રણા, સહકારી મંડળી વગેરે ખાતાં સંભાળેલાં. ૧૯૫૦ના ઑગસ્ટની ૨૮મીથી તેમની સેવાઓ કૉંગ્રેસ સંગઠનમાં લેવામાં આવી અને ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના તેઓ મંત્રી બન્યા. તે પછી તો કૉંગ્રેસ પાર્લમેન્ટરી પક્ષના તેઓ મંત્રી થયા, અને અખિલ હિંદ

કૉંગ્રેસ સમિતિ (એ.આઈ.સી.સી.)ના પ્રમુખ જવાહરલાલજીએ તેમને તેના મહામંત્રીની જવાબદારી પણ સોંપી.

કૉંગ્રેસના એ મહામંત્રીપદેથી દેશના નાનામોટા સવાલોથી માહિતગાર બનવા તેમણે સમગ્ર દેશમાં પ્રવાસ કર્યો, દેશવ્યાપી સંબંધો કેળવ્યા અને હિન્દના પ્રથમ પંક્તિના નેતાઓમાં તેમની ગણના થવા લાગી. ભારતના સ્વતંત્ર્યયુદ્ધનો ઇતિહાસ તૈયાર કરવા માટે અખિલ હિંદ તંત્રીમંડળની રચના થઈ તેના સભ્ય તેમને બનાવવામાં આવ્યા અને એ ક્ષેત્રમા તેમણે કરેલી કામગીરી ખૂબ પ્રશંસા પામી.

૧૯૫૨ની ચૂંટણીમાં વિજેતા બની તે લોકસભામાં ગયા. ત્યાં ૧૯૫૫માં ભારત સરકારની અતિ મહત્ત્વની 'અંદાજ સમિતિ'ના અધ્યક્ષ નીમાઈ તેમણે બજાવેલી કામગીરી દેશનાં સરકારી ખાતાંઓ, ઉદ્યોગો વગેરેના એમના તલસ્પર્શી અભ્યાસ ને એમની સંગીન કાર્યશક્તિના જ્વલંત ઉદાહરણરૂપ લેખાય છે. એ સ્થાનેથી તેમણે રેલવે, કેળવણી, આરોગ્ય, આયોજન, સંરક્ષણ તથા જાહેરક્ષેત્રના ઉદ્યોગો વગેરે વિષે ૧૦૦ જેટલા અભ્યાસપૂર્ણ અહેવાલો પાર્લમેન્ટ સમક્ષ રજૂ કર્યા છે ને એમની આ કામગીરી બદલ પાર્લમેન્ટે ખૂબ સંતોષ ને પ્રસન્નતા વ્યક્ત કર્યાં છે.

સામુહિક વિકાસ ઘટકો અને રાષ્ટ્રીય વિસ્તરણસેવાની કામગીરીની તપાસ માટે એમના અધ્યક્ષપદે એક સમિતિ નિમાએલી, જે પાછળથી 'મહેતા સમિતિ'ના નામે જાણીતી થઈ. એ સમિતિના અહેવાલની ભલામણો પરથી જ આપણા દેશમાં પંચાયત રાજ્યનો અમલ થયો છે. દેશના દરેક નાગરિકે તે વાંચવા જેવો છે. એમને પંચાયત રાજ્યના પ્રણેતા, પુરસ્કર્તા ને પિતા કહેવામાં આવે છે તે યથાર્થ છે.

આજે બળવંતરાય મહેતા એક વ્યક્તિ નથી રહ્યા; એ હવે વિશિષ્ટ સંસ્થા જેવા બની ગયા છે. બળવંતભાઈ એટલે ભાવનગર, બળવંતભાઈ એટલે પંચાયત રાજ્ય, એવા પર્યાયો પણ બન્યા છે. ભાવનગરની નાનીમોટી તમામ સંસ્થાઓના તે પ્રેરક, માર્ગદર્શક ને પ્રોત્સાહક છે. ભાવનગરની ગાંધીસ્મૃતિ, સરદારસ્મૃતિ ને મહિલા વિદ્યાલય તો તેમનાં જ સર્જનો છે. દિલ્હીના ગાંધીસંગ્રહાલય બોર્ડ, પંચાયત પરિષદ, લોકસેવક સંઘ અને કાઉન્સિલ ફૉર આફ્રિકા વગેરેના અધ્યક્ષ તરીકે તેના રોજબરોજના સંપર્કમાં રહી માર્ગદર્શન આપવાનું કામ તે ગમે તેટલી પ્રવૃત્તિઓમાંથી સમય કાઢીને પણ કરતા હોય છે. જન્મભૂમિ ટ્રસ્ટ તરફથી પ્રકાશિત થતાં ચાર દૈનિકો, એક અર્ધ-સાપ્તાહિક અને એક સાપ્તાહિક ઉપર તે નિગાહ રાખે છે. ગુજરાત યુનિવર્સિટી સેનેટના પણ તેઓ સભ્ય છે. આમ, કેળવણી, હરિજનસેવા, મજૂરકલ્યાણ, સ્ત્રીઉન્નતિ, સહકારી પ્રવૃત્તિ, પંચાયત રાજ્ય, દેશનો આર્થિક અને ઔદ્યોગિક વિકાસ, ગાંધીવાદી વિચારસરણી, પુસ્તકાલય પ્રવૃત્તિ, વર્તમાનપત્રો વગેરે અનેકવિધ વિષયોમાં રસ ધરાવવા સાથે તે તે ક્ષેત્રોના વિકાસમાં મોંઘો ફાળો તેઓ આપતા રહ્યા છે.

દેશના ગ્રામવિસ્તારોમાં પીવાના પાણીના સવાલોનો વ્યવહારુ અને ત્વરિત ઉકેલ લાવવા માટે ભારત સરકારે તાજેતરમાં તેમના અધ્યક્ષપદે 'પાણી બોર્ડ'ની રચના કરી છે; તેમજ મ્યુનિસિપાલિટીઓ તથા કૉર્પોરેશનોનાં બંધારણ, કાર્યક્ષેત્ર વગેરેમાં લોકશાહી વિકેન્દ્રીકરણ કરવાની દૃષ્ટિએ સ્થપાએલી 'રૂરલ અર્બન રિલેશન્સ કમિટી'નું પ્રમુખપદ પણ તેઓ સંભાળે છે. ખાદી-ગ્રામોદ્યોગ બોર્ડના કાર્યકરજૂથના તેઓ અધ્યક્ષ છે અને ચીનના આક્રમણને પરિણામે દેશમાં જાહેર થએલી કટોકટી બાદ રચાએલી નાગરિકોની મધ્યસ્થ સમિતિની જાહેર સંપર્ક સમિતિનું અધ્યક્ષપદ પણ તેમને જ સોંપાયું છે.

સૌરાષ્ટ્રના પંત પ્રધાનના પદેથી શ્રી ઢેબરભાઈને કૉંગ્રેસના પ્રમુખ તરીકેનું સુકાન સંભાળવાનું આવ્યું ત્યારે તેમનું સ્થાન બળવંતભાઈ લે એવી ઘણાની ઈચ્છા હતી. પરંતુ તેમણે એનો સ્વીકાર ન કર્યો. ઈ. ૧૯૫૨માં તેમને એક બાજુ કૉંગ્રેસનું મહામંત્રીપદ સંભાળવાનું ને બીજી બાજુ કેન્દ્રના પ્રધાનમંડળમાં જોડાવાનું એમ બે કહેણ આવેલાં. તેમણે કૉંગ્રેસનું મહામંત્રીપદ સ્વીકાર્યું અને સત્તાનું સોહામણું સ્થાન જતું કર્યું. ઈ. ૧૯૫૭માં તેમને એકાદ રાજ્યનું ગવર્નરપદ સ્વીકારવાનો પ્રસ્તાવ પણ આવેલો, પરંતુ તેનો પણ તેમણે અસ્વીકાર કરેલો.

દિલ્હીમાં તો એમનું આગવું સ્થાન અને માન છે. એમનાં સલાહસૂચન અને માર્ગદર્શન મેળવવા દેશના મહત્ત્વના સવાલો અંગે એમની સાથે વિચારવિનિમય કરવામાં આવે છે. એમને માટે સત્તાનું કોઈ પદ દૂર નથી, તેમ છતાં તેમણે જાગૃતપણે સત્તાના સ્થાનથી દૂર રહેવાનું પસંદ કર્યું છે. એમના લોહીમાં સેવાના સંસ્કાર પડેલા છે.

થોડાક વખત પહેલાં મુંબાઈ અને દિલ્હીમાં એમના પ્રમુખપદે આફ્રિકાનાં સંસ્થાનો વિષે એક પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. પંડિત નેહરુએ તેનું ઉદ્ઘાટન કરેલું. તેમાં ગોવાના સળગતા સવાલ પર લક્ષ કેન્દ્રિત થઈ ને ગોવાને ભારતમાં ભેળવી દેવાનું જે ઐતિહાસિક પગલું ભરાયું તેની ભૂમિકા તૈયાર કરનાર અને તે માટે લોકમત જાગૃત કરનાર બળવંતભાઈ જ હતા. વળી તેમણે સીલોન ને પૂર્વ આફ્રિકાનાં કેન્યા, યુગાન્ડા, ઝાંઝીબાર તથા ટાંગાનીકાના પ્રવાસો કરી ત્યાંના ભારતીયોની સ્થિતિ વિષે સારો અભ્યાસ કર્યો છે અને એમના પ્રશ્નોમાં આજે પણ ઊંડો રસ લઇ રહ્યા છે.

શ્રી બળવંતભાઇએ ગુજરાતના મુખ્ય પ્રધાનના પદે આવી કેટલીક આગવી અને મૌલિક પ્રણાલિકાઓ પાડી છે. ગુજરાતની અગ્રગણ્ય સંસ્થાઓ, અને સંસ્થાઓ જેવી વ્યક્તિઓને સામે પગલે જઈ તે મળે છે. ગુજરાતના સર્વાંગી વિકાસ તથા તેના નમૂનેદાર રાજવહીવટ માટે તે પ્રજાના તમામ વર્ગો પાસેથી આવતાં સૂચનો આવકારે ને અપનાવે છે. સ્વભાવે તે વિનમ્ર, દેખાવે સાદા અને વર્તનમાં સૌજન્યભર્યા હોઇ સૌકોઈની સાથે સહેલાઈથી હળીમળી જાય છે. દર બુધવારે એમના નિવાસસ્થાને લોકોની ફરિયાદો સહાનુભૂતિપૂર્વક સાંભળે છે.

ગુજરાતનાં શિલ્પ અને સ્થાપત્ય, સાહિત્ય અને કળા, શિક્ષણ અને સંસ્કાર, ઉદ્યોગો અને સંશોધનપ્રવૃત્તિઓ, રચનાત્મક કાર્યો અને વિકાસકામો વગેરેમાં ઊંડો રસ ધરાવતા હોઈ અનેક વ્યક્તિઓ સાથે એમણે સારો સંબંધ કેળવ્યો છે. સમભાવ, સુમેળ, સહકાર અને સમજપૂર્વક કામ લેવાની એમનામાં આગવી સૂઝ છે. તેઓ વ્યવહારલક્ષી આદર્શવાદી છે. એમના હૈયામાં ગુજરાત ઘડવાની એક કલ્પના છે, સ્વપ્ન છે. પ્રભુ એ સિદ્ધ કરવા એમને શક્તિ, સામર્થ્ય અને નિરામયી દીર્ઘાયુ આપો અને ગુજરાત તેમજ એ દ્વારા દેશનાં સુખ, સમૃદ્ધિ અને શાંતિમાં વૃદ્ધિ થાઓ.

'જીવનમાં વિશ્વની વિશાળતા ભરવી અને જીવનનાં દુઃખોથી કંટાળવું કે બીવું નહિ એ બે જ તમારા જીવનનાં સૂત્રો કરીને અહીંથી નીકળશો તો આજ સુધી લીધેલી તમારી કેળવણી સફળ થઇ એમ અમે વડીલો માનીશું.'

(દક્ષિણામૂર્તિભવનના વિદ્યાર્થીઓને આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવનાં આશીર્વચન)

નરસિંહ મહેતાની હૂંડી

રેડિયો નાટિકા
લેખક
ભાનુપ્રસાદ ત્રિવેદી

(બહારથી સમૂહ-ભજન)
મારી હૂંડી સ્વીકારો મહારાજ રે
શામળા ગિરધારી!

નરસિંહ મહેતા: અહીંથી જાવ છો કે નહિ? નહિ? કાંઇ ધંધો જ નથી? ચાલ્યા રાગડા 'મારી હૂંડી શીકારો મહારાજ રે...' અહિ અમારો જ હૂંડો કોઇ શીકારતું નથી-ને તમને,

માણેક: હવે તમે આમબારી એ બેઠાબેઠા ચૂંગી જ પીધા કરશો, કોઇ બજાર-બજાર

નરસિંહ: એય તારે શી ખવલું પડશે? મારો ટાઈમ થશે એટલે તારા વગર કહ્યે 'ઓપન' જોવા જઈશ. છતાં તને અત્યારે ન ખમાતો હોઉં તો આ ચાલ્યો.

માણેક: મને ખમાતા નથી એવું મેં કયારે કહ્યું? આટઆટલાં વરસ થયાં, આ છોકરી પણ મોટી વાંસ જેવડી થઈ, તો ય તમે ન સુધર્યા!

નરસિંહ: છોકરી મોટી થઈ એમાં મારો શો દોષ?...અને એ તારી માફક ગોળી જેવી ન થઇ, ને વાંસ જેવી થઇ એમાં ય હું શું કરું?

માણેક: તમને તે કંઈ લાજશરમ જ નથી, પણ મારે શું સાંભળવું પડે છે, ખબર છે?

નરસિંહ: ના.

માણેક: આ આડોશીપાડોશી તો કહે છે, 'ઘરમાં વાંસ ફરે છે.'

નરસિંહ: પણ આપણી ચિંતા આપણને થતી નથી ને લોકોને કેમ થાય છે?

માણેક: તમને ચિંતા ન થાય, પણ મને તો થાયને? ઘરમાં આવડી મોટી છોડી ફરે છે, ને તમે ધંધાનું તો ઠીક પણ એનું ય ઠેકાણું પાડતા નથી, તે લોકો કેવું કેવું...

નરસિંહ: તે છોને ફરે ઘરમાં છોડી! લોકોના બાપનું શું ખાય છે?

માણેક: હવે તો એના બાપનું ય શું ખાશે?

નરસિંહ: કેમ?

માણેક: તમે તો હવે બજારે બેસવાનું બંધ જ કરી નાખ્યું છે.

નરસિંહ: રોજ 'બજારે' તો જાઉં છું. હા, 'બેસતો' નથી, ઊભો રહું છું.

માણેક: મૂઈ તમારું એ બજાર. એ સટ્ટાબજારને મૂકોને પૂળો. ઊંઘમાં ય 'લીધાદીધા' બબડયા કરો છો તે ગાંડા થઇ જશો ગાંડા; ને કમોત કરાવશો કો'ક દા'ડો! આપણી દુકાન આપણને બટકું રોટલામાંથી નહિ ટાળે. પણ પેલો મૂઓ કૃષ્ણલાલ કયાંથી મળ્યો... ને તમને આ લતે ચડાવ્યા!

નરસિંહ: (મોટું બગાસું ખાય છે.)

માણેક: બસ! મારી વાત સાંભળતાં તમને બગાસાં જ આવે છે. એક બગાસા ભેગું મારું બધ્ધું કહેલું તમે કાઢી નાખો છો. પણ તમે કહેનાર કહી રહ્યા? જો આજથી એ સટ્ટાની લત નહિ મૂકી દો, ને દુકાન નહિ સંભાળો, તો પછી...તો પછી મારા જેવી ભૂંડી કોઈ નથી.

નરસિંહ: (ઊભા થાય છે.)

માણેક: કેમ ઊભા થયા? લાવો પાણી હું પાઉં છું. વળી તમે કાંઈક ફોડશો પાછા! (નરસિંહ ઝભ્ભો કાઢે છે) ઝભ્ભો કેમ કાઢો છો? વાહ! આજે તો કાંઈ કહેતાંવેંત અસર થઈ લાગે છે! લ્યો, કબાટમાંથી નવો કાઢી આપું. ઊભા રે'જો, લઈ આવું. (જતાં જતાં) આજે તો ભગવાન પાંશરો ઊતર્યો લાગે છે. કેટલા દિવસે આજ દુકાન પર જવા તૈયાર થયા (અર્ધું વાકય અંદરથી સંભળાય. કબાટ ઉઘાડવાસ થાય. પાછી આવતાં) અરે! પાછા સૂઇ ગયા? દુકાને જતા નથી? મેં તો જાણ્યું–

નરસિંહ: જરાક આડે પડખે થાઉં છું, કૃષ્ણલાલ આવે તો (બગાસાં) કહેજે...

માણેક: (ઊકળીને) અરે કૃષ્ણલાલ પડયો ખાડામાં! હે ભગવાન...! આમને સદ્‌બુદ્ધિ કોણ આપશે? (ન૦ નસકોરાં બોલાવે છે.) હાં, હવે નસકોરાં બોલાવવા માંડયા. (પગલાંનો અવાજ) લ્યો, એમનાં કુંવરી આવ્યાં. (કુંદનનો પ્રવેશ. રૅકેટ હલાવતી હલાવતી છટાથી પ્રવેશે છે. એણે હજી રમતનો પોશાક જ પહેરી રાખ્યો છે. નાટકી ઢબે પિતાના પગ સામે જોઈ રહે છે.

કુંદન: (નાટકીય ઢબે)
એ...જાગને જાડિયા, કૃષ્ણ દેવાળિયા,
તુજ વિના 'હૉલ'માં કોણ જાશે?...
ધોળી-કાળી સીગરેટો કોણ પીશે?...
...એ—જાગને!

માણેક: ચૂપ મર ભણીભણીને આ ભણી? તારી કૉલેજમાં આવું શીખવે છે? તારા સગા બાપનાં આવાં ગાણાં જોડતાં શરમાતી નથી?

કુંદન: મમ્મી! એમાં ગુસ્સે કેમ થાય છે? આ તો પેલા કૃષ્ણકાકા માટે જોડયું છે!

માણેક: તે તારે બીજો ધંધો નથી? આખો દિવસ ટેનિસ રમવાં, ને આવાં તૂત જોડવાં!

કુંદન: અરે આ તો એક્સેલેન્ટ 'પૅરડી'—છે.

માણેક: એટલે? તું આવી પરડો જોડવા કૉલેજમાં જાય છે? જોજેને, તું! આવતે મહિને જ હું તને ઉઠાડી લેવાની છું!

કુંદન: પણ આ મેં નથી જોડયું, મમ્મી!

માણેક: ત્યારે કોણે જોડયું છે, મેં?

કુંદન: (હસે છે) તું ન ચિડાય તો કહું.

મા૦: મારા ચિડાવાની તને કયાં પરવા–

કુંદન: ખરું પૂછે તો આ ઘરમાં સૌ તારાથી બીએ છે. પણ એ વાત જવા દે. હું તો એમ કહેતી હતી કે... આ કૃષ્ણકાકા—

માણેક: શું 'કૃષ્ણકાકા'?

કું૦: (અધૂરું પૂરું કરતી)–નું વર્ણન મેં મારા પાર્ટનર આગળ કર્યું એટલે એણે આ કર્યું!

માણેક: તે તને ના કહ્યા છતાં તું એવા નખરાળા છોકરાઓની સોબતે ચડયા કરે છે, કેમ?

કુંદન: ઓ ડીઅર મમ્મી! એ તો મારો...

માણેક: તારો શું? બોલ જોઇએ! તારો શું?

કુંદન: મારો 'ફ્રેન્ડ' છે!

માણેક: છોકરીની જાત થઈને તું આવા છોકરા ભાઈબંધ રાખે છે? લાજ લાજ જરી!

કુંદન: તું આવી ઑર્થોડૉક્સ કયાં સુધી—

માણેક: ચિબાવલી! જો મારી સામે જેમતેમ બોલી છે ને તો જીભ જ ખેંચી કાઢીશ તારી! આ નથી તારો બાપ...

નરસિંહ: (પડયો પડયો કંટાળીને) બાપે શાં પાપ કર્યાં હશે! જોગમાયા, હવે બે ઘડી ઊંઘવા તો દે!

માણેક: તે તમે તો ઊંઘો જ છો ને? તમે ઊંઘતા રે'શો ને આ તમારાં લખ્ખણવંતાં કંઇ-કરી બેસશે તો મરવા વખત મારે આવશે. જુઓ, હું તમને કહી દઉં છું. દિવસે દિવસે એ ચડી વાગતી જાય છે, ને ન્યાતમાં મૂરતિયા મળતા નથી. પછી એને પરણાવવા માટે કયાં ખજાનો ખોદવા બેસશો?

કુંદન: મમ્મી, તું મારા મૅરેજની વાત મારા ઉપર છોડી દે?

માણેક: જોયું? આ ભણતરે આજકાલની છોકરીઓને બોલતાં શીખવ્યું છે તે? (ચાળા પાડી) 'માલા મેલેજની વાત માલા પર છોડી દે!' પણ હું તને કહું છું કે આપણી નાતમાં તને કોઇ લેનાર નહિ મળે. તારા બાપમાં તો પૈસા ખરચવાની પોં'ચ નથી. મૂરતિયો કૈં તમારું ડાચું જોઇને પીગળી નહિ જાય! રૂપિયા ખવડાવવા પડશે રૂપિયા!?

કુંદન: મમ્મી! તું તો જાણે ગાજર-મૂળા લેવાનાં હોય એમ વાત કરે છે! વર વર તે કાંઇ માર્કેટમાંથી તોળી લાવવાની ચીજ છે?

માણેક: તારા બાપાના સાંભળતાં? 'વર'-'વર' બોલતાં શરમ નથી આવતી?

નરસિંહ: તું એ બધી વાત જ પડતી મૂક

ને! એને ઠીક લાગે ત્યાં...

માણેક: પરણી જાય, કેમ? એને ફાવે ત્યાં?

ન૦: ત્યારે એને ન ફાવે ત્યાં પરણાવી દેવી?

માણેક: એમાં વળી ન ફાવવાનું શું? અમને પરણાવ્યાં ત્યારે તો તમે અમને ફાવશો કે નહિ ફાવો એવો અમને વિચારે ય નહોતો આવ્યો. ને તમે પરણ્યા તે ય, હું તમને ફાવીશ કે નહિ ફાવું એવો સવાલે ય તમે ઉઠાવ્યો નહોતો!

નરસિંહ: એટલે તો પસ્તાઉં છું.

માણેક: (સક્રોધ) તમે બાપ-દીકરી ભેગાં થઇને મારી મશ્કરીઓ કરો છો એમ ને? જાવ પડો ખાડામાં મારે શું? (જાય છે.)

નરસિંહ: હા......શ.

કુંદન: પપ્પા!

નરસિંહ: હં; હાં.

કુંદન: આ મારી મમ્મી મારા માસા માર-ફત બહુ ખટપટ કર્યા કરે છે.

નરસિંહ: તારા લગનની?

કુંદન: હા.

નરસિંહ: અરે એ ખાંડ ખાય છે. હું તારી ઈચ્છા વિરુદ્ધ કાંઇ કરું એવો છું?

કુંદન: તો તમે મારી વાત માનશો?

નરસિંહ: શી?

કુંદન: કુળ નીચું હોય તો યે?

નરસિંહ: તો યે.

કુંદન: પરન્યાત હોય તો યે?

નરસિંહ: તો યે.

કુંદન: ઓહ! થૅન્ક યૂ, પપ્પા, થૅન્ક યૂ! તમે કેટલા પ્રોગ્રેસિવ છો!

નરસિંહ: પણ બહેન, જોઈ-વિચારીને નિર્ણય કરજે; અને એના વિષે મને બરાબર ખાતરી કરી લેવા દેજે. પછી તારા નિર્ણયની આડે હું નહિ આવું; કારણકે આજકાલના જુવાનો તમારા જેવી છોકરીઓને ભોળવીને રઝળાવવાના ધંધા બહુ કરે છે. એટલે એના વિષે, એના ઘર વિષે, એના બાપા વિષે.

કુંદન: ઑફકોર્સ, પપ્પા! તમારી જાણ બ-હાર હું કશું નહિ કરું. પણ...એ એવો વિચિત્ર છોકરો છે કે કશી માહિતી આપતો જ નથી.

નરસિંહ: તો બહેન ચેતતા રહેવું.

કુંદન: એ તો કહે છે કે 'મારા બાપાની ક્રેડિટ ઉપર મારે નથી જીવવું. હું જેવો છું તેવો શું વિશ્વાસ કરવા યોગ્ય નથી?'

નરસિંહ: અજાણ્યા પર વિશ્વાસ કેમ બેસે?

કુંદન: એ તો કહે છે કે 'પહેલાં મારા પો-તાનામાં તને શ્રદ્ધા બેસે, પછી જ મારા કુટુંબ કે ન્યાતજાતની વાત આવે છે. અને એનાથી પણ તને સંતોષ થશે. પછી શું?'

નરસિંહ: સારું સારું. બેન એક વાર મારી પાસે લાવજે ને.

કુંદન: આજે જ લાવું, પપ્પા?

નરસિંહ: ચાલ, હમણાં તો મને 'હૉલ'માં જઈ આવવા દે! આજે તો મોટે ભાગે (જતાં જતાં) પાસા પોબાર છે! પછી તો જે થાય તે ખરી... (જાય છે.)

મનસુખલાલ: (નીચેથી બૂમ પાડે છે) અરે! નરસિંહલાલ! ...આ...છો કે ઘરમાં?

કુંદન: ઓહ! પાછા માસા આવ્યા!

મન૦: અરે 'હૂંડી'! તું ભલી આજે ઘેર છો? તારું ઓલ્યું ડકાડકિયું રમવા નથી ગઇ?

માણેક: (પ્રવેશી) એ આવો મનસુખલાલ! (મન૦ પાઘડી ઉતારી ટાલ પર હાથ ફેરવે છે)

કુંદન: જો મમ્મી, આ માસાને સમજાવી દે કે એ મને 'હૂંડી' 'હૂંડી' ના કહ્યા કરે, હા! પછી તું નહિ સમજાવે ને મારે સમજાવવાનું આવશે ને, તો એમને કઠણ પડશે.

મન૦: તને 'હૂંડી' કહું છું એમાં ખોટું શું કહું છું? આ અમારા નરશી મે'તાની હૂંડી—ક્યાંય સીકારાતી જ નથી!

માણેક: હાય! હાય! તે તમે એવા જ સમાચાર લઇને આવ્યા છો?

મન૦: હા ભઈ, એણે તો રોડું રોડવ્યું કે મારો ગગો હમણાં પરણવાની જ ના પાડે છે?

કુંદન: મમ્મી! મેં તને કહી તો દીધું કે મારી વાત તારે કોઈ જગ્યાએ ન કરવી?

મન૦: તારે તો એમ જ કહેવું પડે બેન એ તો તારો વિવેક અને આમન્યા કે'વાય! વાહ! માણેકબાઈ, છોકરી ભલે આટઆટલું ભણી, પણ જરા યે ઉછાંછળાવેડાં છે?

કું૦: હવે માસા તમે લસોટ્યા વગર રહેવા દો. હું આવું આવું સાંભળવા નથી માગતી.

માણેક: તે તું સાંભળે છે શા માટે? જા, જઇને ચા મૂક તારા માસા માટે. (કુંદન ગુસ્સામાં અંદર જાય છે.)

માણેક: (નિસાસો નાખી) ખરે...ખર. આ છોકરીનું ઠેકાણું પડવું મુશ્કેલ છે.

મન૦: ત્યારે તમે પેલા કસ્નાલાલની કેમ હા ભણતા નથી?

માણેક: મૂઓ એ સટોડિયો! એણે તો એમને ય આ લતે ચડાવીને ભીખ માગતા કર્યા.

મન૦: પણ ઈ તો ભીખ માગતો નથી થિયો ને? અને એણે પોતે જ...

માણેક: લાજ નહિ આવતી હોય નફફટને!

મન૦: એમાં નફફટ શાનો બચાડો? ગરજુ છે. આ આઠ મહિનાથી રાંડ્યો છે, પણ હજી ફરી કંકુઆળો થયો નથી.

માણેક: પણ એને ઘેર ભાર તો છોકરાં છે!

મન૦: છોકરાં તો સૌના ઘેર હોય છે.

માણેક: પણ આ તો શૉક્યનાં છોકરાં.

મન૦: તમારે બૈરાંનું આજ મોટું દુઃખ. પોતાનાં છોકરાં વહાલાં લાગે, પણ શૉક્યનાં તો જાણે બચકાં ભરવા ના આવતાં હોય!

માણેક: વળી કુંદન તો એની સાથે લગન કરવાની વાત સાંભળીને જ બેભાન થઈ જાય!

મન૦: એ તો પાછી આવી જાય ભાનમાં ઑટોમૅટિક-દરેક છોકરી પહેલાં તો બેભાન જ હોય છે. એને એક ભાન, પોતાના ચોટલાનું, ને બીજું પોતાના કાનનું. પોતાનું રૂપ જોઇને બીજું બધું ભૂલી જાય, ને પોતાને કાને પોતાનાં વખાણ સાંભળીને ભાન ભૂલી જાય.

માણેક: મારું મન માનતું નથી.

મન૦: આમાં તમારું મન ક્યાં મનવવાનું છે?

માણેક: એને મનાવવી એ મારે હાથમાં નથી. તમારા સાઢુએ એને એવી ચઢાવી મારી છે કે—

મન૦: અરે, ગમે એટલી ચડી હશે, રૉકેટ-માં બેસીને ઠે...ઠ ચંદ્રલોકમાં પહોંચી હશે ને, તો ય એક વાર હાથેવાળો ઝલાવી દીધો કે પછી ટપાક લેતી કે ધરતી પર આવી જાશે.

માણેક: અરે, એ બાપને દીકરી ભેગાં થઈ ને

મન૦: પણ આપણે બે એકમત થઇએ, પછી

કુંદન: (એકદમ પ્રવેશી) મને વટાવી ખાવી!

માણેક: એવું અમે ક્યાં કહ્યું?

કુંદન: તમે એકમત થઇને મને પરણાવી નાખવાની વાત કરો છો એ હું જાણું છું પણ કોઈ એવી તસ્દી લેશો નહિ મેં મારો નિર્ણય કરી લીધો છે. મારા પપ્પા આવે એટલી જ વાર (નરસિંહ મહેતા એકદમ આવીને ઢગલો થઈ પડે છે) અરે પપ્પા આ શું?

મન૦: અરે, શું થયું નરસિંહલાલ!

બધાં: શું થયું? શું થયું?

મન૦: કુંદન, પાણીનો કળશ્યો, લાવ; કળશ્યો! (કુંદન દોડીને પાણી લઇ આવે છે.)

કુંદન: શું થયું તમને અચાનક પપ્પા?

મન૦: સાતે ય વા'ણ સામટાં ડૂબી ગયાં હોય એવા કેમ થઈ ગયા છો?

નરસિંહ: મારું કપાળ ફૂટી ગયું...(રોતાં) હવે હું બધાંને ક્યાં ઊભાં રાખીશ?

માણેક: હાય હાય! કેટલાની ખોટ આવી?

નરસિંહ: અગિયાર...

મન૦: અગિયાર હજારની! કોના ડાચા-માં દેવાના છે તે તો કહો!

માણેક: હાય! રે તમે તો મને ભીખ મા-ગતી કરી રે...હું તમને ના કે'તી'તી, કે આ લત છોડી દો...પણ તમને તો પેલો કૃષ્ણાલાલ મળ્યો' તો...એનું જડાબીટ જાય...એનું કોઇ સરાવાય ન રહે...મને રઝળતી કરી રે...

મન૦: તમે આમ છા:જિયાં ન લો. જરાક

ધરપત રાખો; સંધાં ય સારાં વાનાં થઈ જશે.

માણેક: ધરપત તે ક્યાંથી લાવી ને રાખું? એ તો આમ લમણે હાથ દઈને બેસી રહેશે. પણ અમે ક્યાં જઈશું?

કુંદન: મમ્મી, આવે વખતે તો તારે પપ્પાને હિંમત આપવી જોઇએ. એને બદલે તું તો ઊલટી ડામ દે છે!

માણેક: હવે તું ને તારો પપ્પો મને ક્યાંકથી અફીણનો વાડકો લાવીને આપો એટલે ઘોળીને સૂઇ જાઉં, ને તમારાથી છૂટું.

મન૦: તમે નક્કામો આટલો કલેશ કરો છો?

માણેક: તમે કામના કામના અહીં રહો ને મને નક્કામીને અહીંથી મરવા દ્યો.

મન૦: તમે જરા શાંતિ રાખો તો કંઈક રસ્તો કાઢીએ.

માણેક: ક્યાંથી રસ્તો કાઢો છો? મારાં હાડકાંમાંથી?

કુંદન: કેમ? દુકાનમાં માલ તો હશે ને?

માણેક: શો માલ બળ્યો હશે? જાય છે તારા બાપા કોઈ દા'ડો દુકાને?

કુંદન: તો ય એટલું તો સહેજે નીકળી જશે.

માણેક: તો કાઢો, ને લેણદારનું મોં બાળો; નહિ તો જપ્તી બેસારશે ઘેર, ને ફજેત...

કુંદન: (માયાથી પાસે જઇ) પપ્પા, બોલો શો વિચાર છે?

નરસિંહ: શું બોલું?

મન૦: કેમ, દુકાનમાં નથી માલ?

નર૦: માલ તો અકબંધ પડચો છે પણ...

મન૦: તો પછી, શું થયું છે?

નરસિંહ: ટાંચ આવી છે!

મા૦ કું૦: હાય મા! (બેસી પડે છે.)

મન૦: કોની ટાંચ?

નરસિંહ: શામળશા ઍન્ડ સનની. એમની હૂંડીઓ ભરપાઈ ના થઈ શકી, ને મુદ્દત બહાર જતી રહી એટલે નોટિસો બજાવી'તી. છેવટ આજે ટાંચ બેસાડી.

માણેક: ઓ મારી માડી રે (રડે છે.) મને ભીખ માગતી કરી રે! હવે હું કયા બારણે...

મન૦: તમે રોશો નહિ. (નરસિંહને) હવે તમે એ તો કહો કે કોને ચૂકવવાના છે?

નરસિંહ: એ જ... કૃષ્ણલાલને.

મન૦ માણેક૦: ઓહો, કૃષ્ણલાલને જ ને?

નરસિંહ: હા.

મન૦: તો તો બાજી હાથમાં છે!

નરસિંહ: કેવી રીતે?

મન૦: જુઓ, આ કુંદનનું ક્યાંય ઠેકાણું પડતું નથી એ તો તમે જાણો છો ને?

નર૦: હા, પણ એને ને આ વાતને...

મન૦: હું એના ઉપર જ આવું છું. અને આપણી પાસે મૂડી તો કંઈ છે નહિ. દીકરીને સાસરવાસો કરવાનાં ય સાંસાં છે. વળી...

નરસિંહ: તમે ઝટ મૂળ વાત પર આવોને?

મન૦: મૂળ વાત એ, કે આ કૃષ્ણલાલ આપણા ગોળનો છે. સારી પાર્ટી છે. ખાનદાન છે. ને ઉંમરે ય કાંઈ બહુ મોટી ના કે'વાય...

નરસિંહ: (ક્રોધથી) હવે બંધ કરો, બંધ! એ સટોડિયાને હું મારી દીકરી પરણાવું?

મન૦: સટોડિયા તો તમે ય છો.

નરસિંહ: પણ હું એના જેવો નથી... અને મારી દીકરીને એ ગમતો જ નથી.

મન૦: અટાણે ગમવા ના ગમવાની વાત જ છોડી દ્યો, શેઠ!

નરસિંહ: તો એને પરાણે પરણાવું?

માણેક: આ મનસુખલાલ કહે છે એ ખોટું નથી. હવે બીજો કોઈ ઉપાય પણ નથી. અને દીકરીને તે બહુ લાડ શાં?

નરસિંહ: એટલે? એને કૂવામાં નાખવી?

મા૦: આ કૂવો છે? રૂપાળો એશારામ છે.

નર૦: એને એશારામ કાંઈ જોઈ તો નથી.

મન૦: તમે હા નહિ ભણો તો બીજો કાંઇ ઉપાય નથી. હમણાં ફૂટપાથ પર જઇને ઊભા રહેવું પડશે. પછી ઈ ટાણે, દીકરીનું મન ક્યાં મનાવવા બેસશો?

નરસિંહ: એટલે એનો અરથ એ, કે મારે ખાતર મારી દીકરીનું લિલામ કરવું?

મન૦: આ તમારી આબરૂનું લિલામ થાય છે એ નથી જોતા? એવા અરથ કાઢવા બેઠા કરતાં આપણો અરથ સરે ઈમ કરોને!

નરસિંહ: શરમ નથી આવતી આવી સલાહ આપતાં? સગા છો માની બોલતો નથી, એટલે તમે ફાવે તેમ ભરડવા માંડચા! અહીંથી તમારે ઘેર જાઓ વેળાસર.

મનસુખ: ઓ... હો હો હો, લે! સાચું કહીએ છીએ એટલે પેટમાં દુઃખે છે! (જવા માંડે છે) મારે શું? રખડજો રસ્તા ઉપર (જાય છે.)

નરસિંહ: રખડીશ તો યે તમારી પાસે નહિ આવું, જાઓ!

કુંદન: (રડતી) પપ્પા...!

ન૦: (ઢીલે રાગે) હાં બેટા.

મા૦: જુઓ જોઇએ, કોઇક આવ્યું લાગે છે!

નરસિંહ: હેં?!

અવાજ: નરસિંહલાલ શેઠનું ઘર આ કે?

માણેક: હા કેમ?

(એક વેપારી તરુણ, આશરે એકવીસેક વર્ષનો, પ્રવેશે છે. નાની ઉમરમાં મોટા વેપારી થઈ જવાના કોડ અને તાલાવેલીને લીધે એના મુખ પર એક વિચિત્ર તરવરાટ દેખાય છે)

વેપારી તરુણ: કેમ કાકા?

નરસિંહ: હા ભાઈ, આવો.

તરુણ: મને ના ઓળખ્યો?

નરસિંહ: હજી ઓળખાણ પડતી નથી.

તરુણ: હું શકરાભાઈનો દીકરો.

નરસિંહ: હા, હા, ઓળખાણ પડી! શકરાભાઈ, આપણા દલાલ.

તરુણ: એ કોઈ બીજા શકરાભાઇ હશે. હું તો શીગોડાવાળા શકરાભાઇનો દીકરો.

નરસિંહ: હા, હા! શીગોડાવાળા શકરાભાઇ! (પત્નીને) આપણે ત્યાં પેલા મરોલીવાળા મણિભાઈના આડતિયા તરીકે...

માણેક: (ન રહેવાતાં) તમે આ શું ભચડો છો? મણિભાઈના આડતિયા તો વાઘજીભાઈ!

નરસિંહ: ના, ના, ભૂલ્યો! આ તો કોપરબરાસ મારકીટમાં પેલા કોઠારી બ્રધર્સના...

માણેક: તમે ક્યાંનું ક્યાં ખેંચી જાઓ છો!

નર૦: ઓહ! માફ કરજો ભાઇ. તમારા બાપુજી તો પેલા સરદારજીની ડેરીના મુનીમ...

તરુણ: કાકા, રહેવા દ્યો; હું જ કહું છું.

માણેક: હા ભાઇ, હા તમે જ કહોને; એમનું મગજ આજે ઠેકાણે નથી.

તરુણ: પેલા શીગોડાવાળા શકરાલાલ, આપની દુકાને નહોતા આવતા માલ લેવા?

નરસિંહ: હા, હા, યાદ આવ્યું. ને સાથે ભાઈ તું પણ આવતો'તો ને? ઘણી વાર તો તું એકલો આવીને માલ લઈ જતો...

ત૦: ખરું કહ્યું, કાકા, ખરું કહ્યું. એ જ હું.

નરસિંહ: તે ભાઈ કેમ આવવું થયું?

ત૦: મુદ્દાની વાત જાણે એમ છે, કે મારા અને ચીનિયા વચ્ચે હરીફાઈ છે.

નરસિંહ: ચીનિયો કોણ?

તરુણ: મારા કાકાનો છોકરો.

નર૦: (બેધ્યાનમાં) શાની હરીફાઈ?

તરુણ: ધંધાની. આપણે વેપારી લાઈનના માણસને બીજી શાની હોય? એમાં પાછું મારા બાપાના મનમાં એક એવું ભૂસું ભરાઇ ગયું છે કે મારા કરતાં ચીનિયો હોંશિયાર છે.

નરસિંહ: હાસ્તો એ તે શેં સહન થાય? પોતાનો જ બાપ ઊઠીને...

તરુણ: આવું કરે એટલે પછી મારે મારો ઈલમ વાપરવો પડે.

નર૦: તે શો ઈલમ વાપરવા આવ્યા છો?

ત૦: જુઓ, આમાં કંઈ દગાફટકાની વાત નથી. મને ય વેપારી રીતની ખબર છે. પાછા એમ ન માનતા કે આ છોકરું શું સમજે?

નરસિંહ: એવું મનાય ખરું? આજકાલ તો છોકરાંની સમજ આગળ ઘરડાંબુઢ્ઢાંની સમજ ટાંટિયા ઘસે છે!

ત૦: એ તો મોનોપોલીઓ, ને એજન્સી-

આ, ને લાયસન્સો, ને એવાંએવાં લફરાંના જમાનામાં સાહસ કરતાં જરાક દાંત ખોતરવા પડે છે. બાકી મારી બી બુદ્ધિ એવી પહોંચે છે કે એ ચીનિયો ને મારા બાપા બે ય જોતા રહે ને કાલ સવારે એવું માર્કેટ ઊભું કરી દઉં, એવા ખેલ ખેલું કે એમની પાઘડીઓ અદ્ધર!

નરસિંહ: હા...તે તમારો પ્લાન શો છે?

ત૦: મારો 'પ્લૉટ' એવો છે કે આ વખતે મને તમે તમારી એજન્સીનો સીધો જ માલ અપાવો. આટલું કામ તમારે કરવું પડશે.

નરસિંહ: મારી એજન્સી પર?

ત૦: અરે મારા શેઠ! મને ય વેપારી રીતની ખબર છે હોં...ને મારું કામે ય પાકું છે, હા! ફક્ત તમે જો આટલી વખત થોડું જતું કરીને પણ અમને ફાયદો કરી આપો, તો પછી હું તમને ભૂલું એવો નથી. શીયોડાના આખા એરિયાની ઘરાકી તમારે ત્યાં વાળી દઉં છું કે નહિ, એ જોજો ને!

નરસિંહ: તે હું તમને શું કરી આપું?

ત૦: કેમ આજે આમ બોલો છો શેઠ? શામળશા ઍન્ડ સુનની હોલસેલની એજન્સી તમારી છે કે નહિ?

નરસિંહ: (થોડી વારે) છે તો ખરી!

ત૦: તો તમારે મને એમના ઉપર હૂંડી લખી આપવાની, એટલે માલ તરત છૂટો થાય!

નરસિંહ: હૂંડી લખી આપવાની? મારે?

ત૦: ચમકો નહિ મારા શેઠ! તમારી હૂંડીના રૂપિયા શા' જોગના તમારા હાથમાં જ ગણી આપવાના–રોકડા, 'કૅશ' કલદાર!

નરસિંહ: તે તમારા બાપની કંઈ ચિઠ્ઠીબિઠ્ઠી લાવ્યા છો?

ત૦: એમાં ચિઠ્ઠાની શી જરૂર? તમે ય, ભલા માણસ, ચોળીચોળીને ચીકણું કરો છો! મારે બતાવી આપવું છે કે એમના કરતાં સવાયો ધંધો કરું છું કે નહિ! જ્યાં ખટારામાંથી માલ ઊતરશે કે એમની આંખો ફાટી જશે!

નરસિંહ: અરે, કુંદન બેટા, પાણી...ક્યાં ગઈ કુંદન?

માણેક: શી ખબર! મને ય ખબર ના રહી, આ વાતોમાં ક્યારે જતી રહી તે!

ત૦: તો શેઠ, શું કહો છો? (નરસિંહલાલ વિચાર કરે છે.) શો વિચાર કરો છો શેઠ?

નરસિંહ: લાવો લખી આપું છું. બોલો કેટલાની લખી આપું?

ત૦: હં...જુઓને, આઠ હજાર તમને રોકડા ચૂકવી દઉં છું. એટલે વટાવ ચડાવીને જે થાય તેટલી રકમની લખી આપો.

નરસિંહ: ઠીક...તો...(ગણતરી કરે છે.) તમને નવ હજાર ચારસો ચાળીસની લખી આપું છું. (લખે છે.) લ્યો મારા સાહેબ!

તરુણ: (અર્ધું ઉતાવળે અને અર્ધું મનમાં વાંચતાં) હં...અં...શેઠ શામળશા ઍન્ડ સન...ને...તમોએ આપેલા માલની કિંમતના રૂ. આટલા આટલા અંકે રૂપિયા આટલા ...અં...હં! ચૂકવી આપવા તે સહી હાં. બરાબર! આ આપણું કામ પાકું થયું કહેવાય. લ્યો આ તમારા રૂપિયા ગણી લો. (આપે છે.)

નર૦: (માણેકને) આપણે કંઈ ચા-બા...

ત૦: અરે ચાની શી જરૂર છે? (હસીને) રૂપિયા લીધા ને શેઠ? (નરસિંહ ગણતાં ડોકું હલાવે છે.) થઈ ગયા ને પૂરા આઠ હજાર?

નરસિંહ: તમારામાં ભૂલ હોય?

ત૦: (ચા આવે છે તે પીને જલ્દી) લ્યો ત્યારે, બેસો. આ હૂંડી પાછી મારે શામળશા ઍન્ડ સનની અહીંની બ્રાન્ચમાં ભરી તરત કૉલ નોંધાવવો પડશે, કે આજે જ ફેંસલો. (જતાં જતાં) એટલે તરત માલ તો છૂટો થાય!

નરસિંહ: એ...આવજો.

ત૦: (બહારથી પાછું ડોકું કાઢી) હા, હા, કાકા! હું યે કેવો ઉતાવળમાં ચાલ્યો જાઉં છું! પણ તમારો ઉપકાર માનવાનું તો ભૂલી ગયો!

નરસિંહ: ઉપકાર તો ભગવાનનો ભાઈ! આવજો, હોં!

તરુણ: (જતાં) એ હા! જરૂર આવીશ.

મા૦: (આવેશમાં) આ તમે શું કર્યું? એ શામળશા આગળ કઇ ક્રેડિટ વટાવવા નીકળ્યા છો? હવે કૈં એ હૂંડી સ્વીકારવાનો છે, તે લખીને બેઠા? તમે ય એક પછી એક એવાં કામ કરો છો કે સત્યાનાશ નીકળી જાય!

નરસિંહ: એ બધું અત્યારે મેલ અભરાઇ પર! અત્યારે તો મને જલદી જલદી પેલા કૃષ્ણલાલને પૈસા ભરી આવવા દે ને, એટલે હું ય છૂટું ને મારી દીકરી ય છૂટે! નહિ તો બિચારીનો તમે ભવ બાળશો ક્યાંક!

માણેક: અરે, પણ હમણાં પેલો તમારો સગલો પાછો આવશે તમારી હૂંડી લઇને, તે તમે આબરૂ ખોશો.

નરસિહ: હવે ક્યાં આબરૂ 'સ્ટૅાક'માં રહી જ છે, તે ખોવાની છે?

માણેક: અરે પણ પેલો પૈસા પાછા માગશે ત્યારે ક્યાંથી આપશો?

નર૦: (ઊભા થઈને) એ તો થઈ પડશે!

માણેક: 'થઇ પડશે' શું? સગલો ઠગાઇની ફરિયાદ માંડશે, ને હાથકડી થશે તો હું કેમ કરીને જીવીશ? (નરસિંહ મહેતા ચાલવા માંડે છે.) અરે, ઊભા રહો, ના જશો...ના જશો કહું છું, તમને મારા સમ! (ગળગળી થઇને) અરેરે, શું થવા બેઠું છે, ભગવાન

(બહાર ભજન સંભળાય છે)

મારી હૂંડી સ્વીકારો મહારાજ રે
શામળા ગિરધારી...

(માણેક હાથ જોડી ઊંચે જુએ છે) આ હૂંડી તો નહિ સ્વીકારે. (વિચારમાં પડે છે... પછી એકાએક) જવા દે મને મનસુખલાલ પાસે; કદાચ કૃષ્ણલાલ માની જાય (જાય છે.)

(કુંદન અને પ્રદ્યુમ્ન પ્રવેશે છે.)

કુંદન: પ્રદ્યુમ્ન; તેં મમ્મીને જોઈ?

પ્રદ્યુમ્ન: ના.

કુંદન: અને મમ્મીએ તને જોયો?

પ્રદ્યુમ્ન: ના.

કુંદન: તો તો ફાવ્યા! પણ કેમ ફાધર અહીં દેખાતા નથી? ક્યાંક ચાલ્યા ગયા હશે તો? મને તો એમની ચિંતા થાય છે, હવે શું થશે?

પ્રદ્યુમ્ન: (ગાય છે) જે ગમે જગતપીઠ દેવ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવો!

કુંદન: તને અત્યારે ગાવાનું સૂઝે છે.

પ્રદ્યુમ્ન: ગાવું તો પડે જ ને?

કુંદન: અત્યારે ગાવું પડે?

પ્રદ્યુમ્ન: હાસ્તો!

કુંદન: શું 'હાસ્તો'?

પ્રદ્યુમ્ન: કેમ? અત્યારે લગન છે ને?

કુંદન: મૂરખના જાયા! લગન કોનાં છે?

પ્રદ્યુમ્ન: તારાં.

કુંદન: મારાં?

પ્રદ્યુમ્ન: તું જ કહેતી હતી ને, કે ફાધર ભયંકર આપત્તિમાં સપડાયા છે, અને એના એકમાત્ર સોલ્યુશન તરીકે તારાં મૅરેજ પેલા સટોડિયા જોડે કર્યા વગર છૂટકો નથી?

કુંદન: કહ્યું એટલે લગનમંડપ રચાઈ ગયો?

પ્ર૦: હવે રચાશે. એમાં શો ફેર પડવાનો?

કુંદન: જો, તારે એમ 'સૅટાયર' કરવાની જરૂર નથી. તને અહીં હું એટલા માટે લાવી છું કે ફાધર, તું, ને હું મળીને કાંઈક ઉકેલ કાઢીએ.

પ્રદ્યુમ્ન: ઉકેલ તો તમે શોધી કાઢ્યો છે ને? અને તું કહેતી હતી તેમ એ ઉકેલ પાછો 'એકમાત્ર ઉકેલ' હતો. પછી શું?

કુંદન: ફાધરને ખાતર હું જિંદગીભર વેચાઈ જાઉં તો મેં...

પ્રદ્યુમ્ન: તો તેં આ કલિયુગમાં બીજા ભિષ્મ પિતામહનો આદર્શ સિદ્ધ કર્યો ગણાય.

કુંદન: પણ ધાર કે આપણે એ પહેલાં લગન કરી લીધાં.

પ્રદ્યુમ્ન: એવું 'ધરાય' શી રીતે? પારકી છોકરી, જેને એનાં માબાપ બીજાને આપી દેવાનું ગોઠવતાં હોય એવી છોકરી સાથે મેં-લગન કરી લીધાં' એવું મારાથી શેં ધરાય?

(અનુસંધાન પૃષ્ઠ ૪૭૬ મે)

આત્મકથાનક · ૨૩

જીવનપટનાં સ્મૃતિચિત્રો

લેખક
અને આલેખક
રવિશંકર રાવળ



ભાવનગરના લોકપ્રિય અને આદર-પાત્ર સ્ટેશનમાસ્તર હરગોવિન્દ-ભાઈ (મોટાભાઈ)

૯૯ સ્ટેશન-બંગલાનું સંસ્કારજીવન

બીલખાથી નવી દીક્ષા લઇને આવેલા સાધકોનું ભ્રાતૃ-મંડળ ભાવનગરમાં વધુ નિકટ આવતું ગયું. તેઓ છૂટકછૂટક મળતા ત્યારે પોતાની સાધનાની વાતો કરતા; પ્રાણાયામ વગેરે ક્રિયાઓ જાણવા એકબીજાને ત્યાં જતા. એમાંથી તેમને વિચાર આવ્યો કે નિયમિત રીતે દર રવિવારે સ્ટેશન-માસ્તર હરગોવિન્દભાઈના સ્ટેશન-માં નિવાસ પર સવારે કે સાંજે મળવું. તેમાં મારા કાકા હરિલાલભાઈ પણ જવા લાગ્યા. મારો ઉત્સાહ જોઇ મને પણ તે સાથે રાખતા.

હરગોવિન્દભાઇની ઉદાર ભાવનાઓ ને આતિથ્યસત્કારને કારણે એ બંગલો શિષ્યમંડળનું મથક બની ગયો અને ત્યાંથી જ એ મંડળનો સામાજિક સંબંધો અને પ્રવૃત્તિઓનો ઇતિહાસ ઘડાયો.

હું એ બંગલે જાઉં ત્યારે ત્યાં 'નાના'ની મુલાકાત તો થાય જ. તેણે તેના મોટા ભાઈ મસ્તરામની ઓળખાણ કરાવી. મને નવાઈ લાગી કે એમને નિશાળની હાજરી ભર્યા પછી કોઈ પ્રવૃત્તિ હતી જ નહિ. મિત્રો પણ દેખાતા નહોતા. પણ તેમના ઘરમાં તેમના વડીલ ભાઇઓનો જમેલો રહેતો. કુટુંબના બીજા એકબે મામા-માશીના છોકરાઓ ગામડાંમાંથી ભણવા માટે આવી ત્યાં રહેતા હતા. તેમના મોટા ભાઈ હીરાલાલને સૌ પોપટભાઈના હુલામણા નામે બોલાવતા. તેમની લગભગ સરખી ઉંમરના ગિજુભાઇ બધેકા વળાથી ભણવા આવેલા હતા. હરગોવિન્દભાઈના મામાના દીકરા પણ ત્યાં જ મોટા થયા હતા. એમને સૌ નાનુકાકા કહેતા. એવા ત્રણચાર યુવાન વડીલો મૅટ્રિક સુધી પહોંચી ગયા હતા. ગિજુભાઈ એકાદ વર્ષ આગળ હશે. મૅટ્રિકના વર્ષ વખતે રામનારાયણ પાઠક પણ થોડો વખત ત્યા હતા. ત્યારે તેમના બીજા એકબે મિત્રો પણ ત્યાં આવજા કરતા. તેમાં શ્રી લાભશંકર પ્રભુરામ ભટ્ટ અને શ્રી રતિલાલ પાઠક પણ હતા.

કુમારોનું આ મંડળ મળે ત્યારે વિનોદ-વાર્તાઓ અને ચર્ચાઓ બહુ ઊંચા પ્રકારનો આનંદ આપનારી બનતી. સૌની ઉપર હરગોવિન્દ-ભાઈના સાત્ત્વિક પ્રસન્નતાભર્યા વ્યક્તિત્વની પ્રબળ છાપ હતી. પ્રત્યેક જણ એમની આજ્ઞા ઉઠાવવા સહજ પ્રયત્નશીલ રહેતો. ઘરનાં સૌ એમને 'મોટાભાઈ' કહીને બોલાવતા, એટલે પછી મુલાકાતીઓ અને સંબંધીઓ પણ એ જ નામે એમને સંબોધતા. સ્ટેશન-સ્ટાફમાં પણ એમને વિષે એ જ નામે વાત થતી. એમની નીતિનિષ્ઠા અને સુચરિતની શાખ એટલી હતી કે ભાવનગરના સ્ટેશનમાં વેપારીઓ કે પ્રવાસી-ઓને ભાગ્યે જ સ્ટેશન-સ્ટાફ માટે ફરિયાદ કરવી પડતી.


હું ધીમેધીમે ત્યાંના આ કુમારમંડળને ઓળખતો થયો, એટલે રવિવારના સાધકમંડળનો સાથ છોડી વખતોવખત એમનામાં ભળવા લાગ્યો. સ્ટેશનનું મેદાન મોટું હતું એટલે મારો સંઘરી મૂકેલો ક્રિકેટનો સામાન ત્યાં લઈ ગયો અને એથી મોટાભાઈ પણ ખુશ થયા. રમતો-માં મસ્તરામ કરતાં નાનાનો ઉમંગ વધારે રહેતો. આ રમતને લીધે તેની શાળાના એકબે વિદ્યાર્થીઓ પણ આવતા થયા.

રમત પૂરી થાય ત્યારે સાંજ પડી ગઈ હોય એટલે અમે મેદાનમાં કે બંગલાનાં પગથિયાં પર બેસી ગપ્પાં મારીએ. વાતો ચલાવવામાં મારો સિક્કો પડચો હતો, તેથી ગિજુભાઈ અને પોપટભાઈ પણ મારા-માં રસ લેવા લાગ્યા. તેઓ મોટાભાઇને ખુશ રાખવા સંધ્યા, અર્ઘ્ય અને ભસ્મ કરતા. એમના મંડળમાં સાહિત્ય, ઇતિહાસ અને રાજ-પ્રકરણની રસભર ચર્ચાઓ થતી તે ક્વચિત અમે સાંભળતા. એ મોટેરા મંડળે પણ બંગલાની મર્યાદા સ્વીકારી શહેરના સંબંધો વિસ્તાર્યા નહોતા; તો પણ એમાંના બેપાંચ સમાનશીલ અને ભાવનાવાળા યુવાનો કલ્પનાઓ ને સ્વપ્નોથી હમેશાં ભભકતા રહેતા. મોટાભાઈ તેમનો કદી વિરોધ કરતા નહિ કે તેમના પર કટાક્ષ કરતા નહિ. ઘણી વાર તો તે આરામખુરશીમાં બેઠાબેઠા તેમનાં સાહિત્ય ને તત્ત્વજ્ઞાનના વિશ્વવ્યાપી વિવાદ-ચંક્રમણોના મૌન સાક્ષી બનતા. તેમની મહત્ત્વા-કાંક્ષાઓને ટેકો આપતા. જૂના જમાનાના અધૂરા શિક્ષણને યાદ કરી આ નવી પેઢીને આગળ જવા બને તેટલું પ્રોત્સાહન આપતા. અમે બધા મૅટ્રિક થઈને આગળ શું કરવું તેના વિચાર કરતા.

રામનારાયણ પાઠક 'બટુભાઈ'ના નામે ઓળખાતા. તેમને મૅટ્રિક-ની પરીક્ષામાં 'જશવંતસિંહજી સ્કૉલરશિપ' મળી એટલે તેઓ તો મુંબાઈમાં કૉલેજનો અભ્યાસ કરવા આ મંડળમાંથી વહેલા મુક્ત થઈ ગયા. ગિજુભાઇએ ભાવનગરમાં જ કૉલેજનું પહેલું વર્ષ શરૂ કર્યું. તેમના સન્મિત્ર શ્રી રતિલાલ પાઠક વખતોવખત બંગલામાં દેખાતા. તે અને ગિજુભાઈ કાવ્યો રચતા. શ્રી રતિલાલનું કવિ તરીકેનું તખલ્લુસ 'સ્નેહજ્યોતિ' હતું, અને ગિજુભાઇનું કવિ તરીકેનું નામ 'વિનાયક' હતું. એ 'સ્નેહજ્યોતિ' ઉત્તરજીવનમાં સ્વામી રામતીર્થના સંઘ દ્વારા સંન્યાસ દીક્ષા લઈ આજે 'સ્વામી સ્વયંજ્યોતિ' તરીકે ગુજરાતમાં સુપ્રસિદ્ધ છે અને ઘણા કુટુંબપરિવારોના પૂજ્ય પુરુષ તરીકે ભરુચ પાસે 'મુક્તમ્પુરમ' આગળ 'યોગાસાધન આશ્રમ' કરીને રહ્યા છે.

આ ઉપરાંત વડીલ સાધકમંડળના સભ્ય ને અમારા જ્ઞાતિમંડળના શ્રી ચુનીલાલ ખુશાલના પુત્ર લખુભાઈ પણ પોપટભાઈના સહાધ્યાયી બન્યા હોઇ ત્યાં આવતા. પોપટભાઈના એક કુંભાર મિત્ર કરસન ભગત મૅટ્રિક સુધી પહોંચેલા, તેને મોટાભાઈ બહુ વહાલથી આવકાર આપતા. આ કરસન ભગતને મેં ચિત્ર ક્લાસમાં પણ જોએલા એટલે અહીં તેમનો પરિચય મને નવો નહોતો.

સ્ટેશન-બંગલાના આ મંડળમાં અંદર જમનારાં કેટલાં છે, કોણ મહેમાન છે, કે કોણ મળવા આવ્યા છે તે ઘણી વાર હું પારખી શકતો નહિ. એ સમયના ૮૦ રૂપિયાના પગારદાર ભાવનગરના સ્ટેશન-માસ્તરનું આ ઘર કોઈ નાની ઠકરાત જેવું ભર્યુંભર્યું લાગતું. આંગણે એક ભેંશ અને એક ગાયનું દુઝાણું રહેતું. સ્ટેશનના સાંધાવાળા આવી તેની માવજત કરી જતા. સ્ટેશનનો કોઇ નોકર વલોણું કરી જતો. રસોઈ તો ઘરનાં જ માણસો કરતાં. સ્ત્રીવર્ગમાં મોટાભાઇનાં વૃદ્ધ માતુશ્રી હતાં. તે ઘરનું મોટું માણસ, એટલે તેઓ આગલી ઓશરી-માં કે ઓરડામાં સૌની નજરે પડે. પણ ઘરનું સુકાન તો મોટાભાઇનાં ધર્મપત્ની શ્રી ત્રિવેણીબાની ચોવીસ કલાકની નિગાહમાં રહેતું. મોટા-ભાઈ સ્ટેશનેથી ગમે ત્યારે કોઇપણ મહેમાનનો બિસ્તરો ઘેર મોકલી



મોટાભાઈ સ્ટેશનેથી ગમે ત્યારે કોઈ પણ
મહેમાનનો બિસ્તરો ઘેર મોકલી આપે.

આપે, એટલે તરત, મોટાભાઈ સાથે જ તેમની થાળીઓ પડવાની એમ ધારી, તેઓ તેની તૈયારી કરી નાખે. એમાંના કેટલાકના મુકામ તો દિવસો સુધી રહે ! ઘણી વાર તો કોણ ક્યારે આવ્યું તેની મોટાભાઇને યાદ પણ ન હોય, છતાં ત્રિવેણીબાનો ધર્મ અખંડ સચવાયો હોય.

મોટાં છોકરાંઓ અને નાનાં છોકરાંઓનું મંડળ એક પંક્તિએ જમીને નિશાળે જાય. બપોરના નાસ્તા માટે તપેલું ભરીને મગ કે ચણા વઘારી મૂકે અથવા કંઈક ખાવાનું કરી રાખે. ખાવાની ચીજોમાં કંઇ શૉખ કે ચટાકો નહિ, તેમ જ છોકરાંઓમાં પણ કોઈ ચાગલાં નહિ.

પોપટભાઈનું તાજેતરમાં લગ્ન થએલું તેથી કુલવધૂ પૂરીભાભી પણ ત્રિવેણીબાની મદદમાં રસોડામાં કે અનાજના કોઠારમાં જ પુરાયાં હોય. શરમાતી લુપાતી તેમની મૂર્તિ અમને અન્નપૂર્ણા જેવી લાગતી. તેમનાં નણંદ હીરાબેન—ત્રિવેણીબાનાં લાડીલાં પુત્રી સૌ ભાંડુઓમાં મોટાં હોઈ, કોઈ આઘાંપાછાં કે વાંકાંચૂકાં થાય ત્યારે 'મોટાભાઈને કહી દઈશ' એ વાક્યથી દોર ચલાવે ખરાં. આવડી મોટી કુટુંબ લંગાર-માં કપડાંલત્તાંનો ઠાઠ તો શાનો હોય? પહેરણ કે કોટ માટેના સાદા કાપડના એકબે તાકા લાવી, દરજીને ઘેર બોલાવી, એક જ ઘાટના કોટ અને એક જ ભાતનાં પહેરણ સીવડાવી લેવાનાં. કોઈને અંગત પસંદગી કરવાની રહે જ નહિ. આમ, ત્યાં સદા આનંદ અને કલ્લોલ રહેતાં. કોઈને નકારો નહિ, કોઈને લાડકોડ નહિ.

ત્રિવેણીબાનાં એક બેન પાંચ છોકરાં મૂકી ગુજરી ગયાં. તેમના પતિ વનમાળીદાસ ભટ્ટને પોતાના મોટા છોકરા ચૂનીલાલની કેળવણી-ની ચિંતા થઈ. ત્રિવેણીબાએ તેને પણ ગોદમાં લઈ લીધો. એને મોટા-ભાઇએ 'લાલ' કહી બોલાવ્યો અને એ 'લાલભાઈ' પણ ત્યાંની ત્રીજા વર્ગની કિશોર ટોળીમાં એકરૂપ થઈ ગયો. ત્રિવેણીબા અમ સૌ બાળકો-ની હૂંફ હતાં. કોઈ કોઈ વખત સ્ટેશનના કોચ એક્ઝામિનર નાદર-શાહના પણ પુત્રો આવી ચડતા. આ પારસી છોકરાઓની સહુકાઈ અને સાદી સ્વચ્છતા અમારા મન પર છાપ પાડતાં. ઘણી વાર બધા ગિજુભાઈએ શરૂ કરેલી સાંજની ગીત-પ્રાર્થનાઓમાં ભેગા થઈ જતા. ભોળાનાથ સારાભાઈની 'ઈશ્વરપ્રાર્થનામાળા'માંથી તે ગવડાવતા. મોટાભાઈ પણ કોઈ કોઈ વાર તેમાં જોડાતા.

૧૦૦ પ્લેગ અને ઢસામાં વાસ

ઈ. ૧૯૦૫ના ઉનાળામાં ભાવનગરમા ઊંદર પડવા લાગ્યા અને કોઈ-કોઈ ઠેકાણે પ્લેગના કેસ જાહેર થયા, એટલે ફરી પાછા લોકોએ ઘરો ખાલી કરી સગવડપડતાં સ્થળોમાં નિવાસ શોધી લીધો. કાકાએ પોતાની ઑફિસે પહોંચાય તે રીતે નજીકના કોઈ સ્થળે નિવાસ શોધ્યો હતો.

અમારા કુટુંબ માટે, પિતાશ્રીના ડિસ્ટ્રિક્ટમાં ભાવનગર રાજ્યના ઢસા ગામના શાળા-શિક્ષક અને પોસ્ટ-માસ્તર એક ગજાનન મા-સ્તર હતા તેમણે એક ખડકીબંધ ઘર ત્યાં રાખી લીધું હતું, એટલે અમે ઢસા જઈ રહ્યા. એ ગજાનન માસ્તર રામનારાયણભાઇના પિતાશ્રી વિશ્વનાથ સદારામ પાઠકના ભાણેજ થતા, એટલે તે મારા પિતાશ્રીને મામા અને મારાં માતુશ્રીને મામી કહી બોલાવતા. ભાવનગર રાજ્ય-ના શિક્ષકવર્ગમાં તેમનું નામ એક ચુનંદા ગણિત-શિક્ષક તરીકે જા-ણીતું હતું. ગણિતનો કોઈ પણ દાખલો તે સરળતાથી કરી બતાવતા. સ્વભાવે ખૂબ હસમુખા. તમાકુ ચૂનાની ડબ્બી સાથે જ રાખતા. તેનો એક બૂકડો માર્યા પછી તે રંગમાં આવી જતા. મને તેમણે સરવાળા-બાદબાકીની કેટલીક સરળ અને મૌલિક રીતો બતાવી.

ઢસામાં અમને બધાંને ગામડાનું જીવન જીવવાની લહેર મળી. રોજ સવારે એક વાડીના મોટા કૂવામાં નહાવા જતા. કૂવો એટલો પહોળો હતો કે અંદર ઊતરી શકાતું. હું તરવાનું થોડું જાણતો, પણ અહીં તો ભૂસકા મારીને નહાવાની હિંમત કરતો. ભૂસકા મારવાનો ડર જેમજેમ જતો રહ્યો તેમતેમ નહાવા જવાનો લોભ વધ્યો, ને ઘણી વાર તો મારા મોટાભાઈ સાથે બપોરે પણ પહોંચી જતો. ગામડામાં બીજું કૈં કામ કે રોકાણ નહોતાં. પાસેના દરબારી ઉતારામાં વહીવટ-દારનો મુકામ થતો ત્યારે ત્યાં એકાદ મિજબાની થતી. ત્યાં મને ને મોટાભાઇને નોતરું મળતું. એમાં નાગરો હમેશાં જુદા જમવા બેસતા.

અમે ઢસામાં હતા તે જ વખતમાં ગજાનન માસ્તરની ભાવનગર બદલી થઈ અને તેને બદલે ચૂનીલાલ ખુશાલ મહેતાજી આવ્યા. એ અમારા સમુદાયના અને બીલખા શિષ્યમંડળના હતા, તેમજ એક ઠાવકા ને પીઢ શિક્ષક તરીકે જાણીતા હતા. તે બાળકોનાં શિક્ષણ અને ચારિત્ર્ય વિષે બહુ ચિન્તા ને ચીવટ રાખતા મારી પ્રવૃત્તિઓમાં તેઓ રસ લેતા. તેમના મોટા પુત્ર લખુભાઈ—લક્ષ્મીશંકર મારા મોટા-ભાઈની વયના હતા. નાનો પુત્ર મનુ મારાથી ઘણો નાનો હતો પણ મારી સાથે જલદી હળી ગયો. લખુભાઈનું લગ્ન તાજેતરમાં થએલું. તેમનાં વહુ અમને નાનાંઓને બહુ મીઠાશથી બોલાવતાં અને હું પણ તેમના પ્રતિ સગાં ભાભી જેટલો આદર અને ભાવ રાખતો. ચૂનીભાઈ માસ્તરે ઘરમાં સંધ્યા-પૂજાનો નિયમ અખંડ જાળવ્યો હતો અને તે ભાવનગરના સ્ટેશન-બંગલામાં દર રવિવારે અચૂક હાજરી આપતા. પણ તેમના સુપુત્રોનો પરિચય તો મને અહીં ઢસામાં જ થયો.

ઢસાનું એક મીઠું સ્મરણ મથુરદાસ પેંડાવાળાનું છે. શાળાના આ-સિસ્ટંટ માસ્તર માવજીભાઇના તે નાના ભાઈ થાય. ગરીબ જૈન ઘરના એ બંને ભાઇઓ મીઠાબોલા સેવાભાવી જુવાનો હતા. માવજીભાઈ રોજ અમારા ઘર માટે જરૂરી ખરીદી કરી લાવે અને પોસ્ટના પટા-વાળા કે હલકારાને કામો સોંપે. તેમના નાના ભાઈ મથુરદાસ એટલું ભણેલા નહિ, એટલે તે પેંડા બનાવી ઢસા સ્ટેશને ગાડીના સમયે વેચવા જાય. એક નાનકડા વંડીવાળા મકાનમાં તેની પેંડા બનાવવાની ચૂલ

હતી. હું ઘણી વાર ત્યાં જઇ બેસતો. ગામડાંમાંથી ભેગો કરેલો માવો સાકરની ચાસણીમાં કલાકો સુધી હલાવીને તેને પાકો કરી તે પેંડા વાળે ત્યાં સુધી હું જોયા કરતો. ઘણી વાર તે પ્રેમથી એક નાનો પેંડો મને આપી દેતા. આ પેંડાના વેચાણમાંથી તેનો શો નિર્વાહ થતો હશે તે તો કોણ જાણે, પણ તેના સ્વભાવનું લહેરીપણું અને મારા તરફનો તેનો ભાવ હું વીસર્યો નથી.

એ જ વખતમાં વીરમગામથી બેનનાં સાસરિયાંનો સંઘ પભાસ અને દ્વારકાની જાત્રાએ નીકળેલો, તેમને પિતાજી ધોળામાં ભેગા થઈ ગયા. અમને તાર કર્યો એટલે અમે બેનને લઇ ઢસા સ્ટેશને ચા વગેરે લઈ મળવા ગએલા. એ વખતે એ લોકોને તો છોકરી ચાલાક, વિવેકી અને હોશિયાર થશે એવો મત બંધાએલો; પણ અમારામાંના જે વધુ વિચારવંત હતા તેમને છોકરો તેને યોગ્ય બનશે કે નહિ તેની આશંકાઓ થઈ હતી, એ મેં પાછળથી જાણ્યું.

૧૦૧ સંસ્કૃતનું શિક્ષણ

મેં ચોથી ચોપડી પાસ કરી અને પાંચમી અંગ્રેજીમાં પ્રાણલાલ કરી એક વૃદ્ધ ભરુચી માસ્તરનાં વર્ગમાં હું ગયો. ભાવનગરના બીજા શિક્ષકો કરતાં તે જુદા જ પ્રકારના હતા. તે સાદો પણ સ્વચ્છ બટન ટાંકેલો અંગરખો પહેરતા. બહુ જ ધીર અને ગંભીર અને કંઈક કરડા દેખાવના; પણ શીખવતી વખતની તેમની ઇંતેજારીમાં માયાળુ હૃદય દેખાતું.

સંસ્કૃત માટે પાંચમીના બધા વિદ્યાર્થીઓનો એક સંયુક્ત વર્ગ બીજા મોટા ખંડમાં બેસતો. તેમાં નૃસિંહપ્રસાદ અંજારિયા નામના માસ્તર આવતા. એ અંજારિયા માસ્તર ભારે ટીખળી હતા. ઠોઠ કે બેપરવા વિદ્યાર્થીને તેમની ટકોર ભારે પડતી. બેઠી દડીના, ઊજળા વાનના આ નાગર ગૃહસ્થ નિશાળની લાયબ્રેરીમાંથી ચોપડી સાથે નીકળતા દેખાય કે બહાર આંટા મારતા વિદ્યાર્થીઓ ભ ર ર ર કરતા અંદર વર્ગમાં પેસી જતા. તે પણ વર્ગના બારણે આવી જરા ઊભા રહે, અને ખિસ્સામાંથી તપખીરની ડબ્બી કાઢી એક ઊંડો સડાકો નાકમાં ચડાવી, રૂમાલથી મોં સાફ કરતા વર્ગમાં આવે, અને ચારે તરફ નજર ફેરવી કોઇકોઇ સામે આંખ મીચકારી કટાક્ષપૂર્ણ હસીને ટેબલ પાછળની ખુરશી ખેંચી આગળ વચમાં લાવી બેસે પહેલી માર્ગોપદેશિકાના છેવટના પાઠો તેમણે જ પૂરા કરાવ્યા. તે સાથે પાછળનાં બધાં સુભાષિતો એકએક કરી મુખપાઠ કરાવ્યા. તેમનો નિયમ હતો કે આંગળી ચીંધી ગમે તે ત્રણચાર જણ પાસે ઘેરથી કરી લાવવા આપેલું પદ મુખપાઠે બોલાવે. આથી દરેક જણ તૈયાર રહેતો. એ કહેતા કે સંસ્કૃતનો આસ્વાદ લેવો હોય તો સુભાષિતો લલકારવાં. તેનાથી સ્વચ્છ ઠોકદાર વાણીનો પણ વિકાસ થાય છે.

સંસ્કૃત માર્ગોપદેશિકાનો બીજો ભાગ બહુ અઘરો ગણાતો, તે પણ તેમણે શરૂ કરાવ્યો. તેમની શિક્ષણપદ્ધતિ વખણાતી. વિદ્યાર્થીઓ પાસેથી કડકપણે કામ લઇ પાકું કરાવતા. અનિટ ધાતુઓની ૧૦૨ના જૂથની કારિકાઓ તેમણે ચાલુ પાઠો સાથે રોજની દસ લેખે એવી તો પાકી કરાવી કે આજે પણ મને તે યાદ છે. ચારણી છંદની જેમ અટપટા ધાતુઓની લીટીઓ કડકડાટ બોલી જવાની, તે કહેતા કે શિયાળાની ઠંડીમાં ટાઢ ઉડાડવા આ કારિકાઓ બોલવા માંડો તો ટાઢ ઊડી જાય! ખરેખર હોઠની ધ્રુજારી અને દાંતની કડકડાટી બોલાવતા આ કારિકામાં એવો જ પ્રભાવ છે! शक्लृत्र पचमुच वच-विचरिच सिच प्रच्छो त्यज, निजिर भज: વગેરે.

૧૦૨ સોનગઢ

એ વર્ષમાં ઉનાળો આવતાં ફરી પ્લેગની બૂમ પડી, એટલે બહુ



મથુરદાસ પેંડાવાળા

દૂર ન જતાં કાકાએ તેમની ઑફિસના મિત્રો સાથે સોનગઢમાં મોટી જગ્યા મેળવી લીધી. દરેકને ભાગે એકેક ઓરડો અને મોટી પરસાળ ઉપરાંત એક મોટો ખંડ સૌનો સહિયારો રાખ્યો. ઓરડાઓ મલાજાવાળી સ્ત્રીઓ તથા બાળકો માટે રાત્રે વપરાતા, અને ઓશરીમાં આધેડ વયનાં બૈરાં અને કન્યાઓ તેમજ બાળકો સૂતાં. મોટા ખંડમાં બધા પુખ્ત પુરુષોની પથારીઓ પડતી. રવિવારે રજા હોય, એટલે જમ્યા પછી સોગઠાંબાજી મંડાતી, તેમાં બીજા વાસોમાંથી પણ રસઘેલા મિત્રો આવી જામતા. ઑડિટ ઑફિસના વડા અધિકારી પ્રભાશંકરભાઈ પણ તે દિવસે તો સમાન બની રમતના દાવ ખેલતા. ગણતરીબાજોના હાથમાંથી ધાર્યા દાણા પડતા ત્યારે ભલભલાની સોગઠી પર તે જોરથી પ્રહાર કરતા. આમ સોગઠી જતી તેમનાં મોં જોવા જેવાં બનતાં. એમાં પીતાંબરદાસ કરીને એક ગૃહસ્થ તો ખૂબ ચીડવતા.

આ નિવાસમાંથી મને સાથીદારો તરીકે પ્રાણજીવન ગાંધી અને તેના ભાઇ વગેરે મળી ગયા. વર્ષો બાદ મુંબાઇમાં તેનો નાનો ભાઈ મસ્જિદબંદર આગળ હુલ્લડનો ભોગ બન્યો. દરમિયાન એમના પિતાશ્રી અને પ્રાણજીવન સાથે ચાલુ સંબંધ રહ્યો. સોનગઢના એકલિયા મહાદેવ આગળનો નદીના નિર્મળ જળનો બંધ, ઘટાદાર વૃક્ષવાડી, ટેકરીઓની રખડપટ્ટી અને કોઇકોઈ વાર થતી મિજબાનીઓ હજી ભુલાયાં નથી. અહીં જ મેં મારા કાકાની ઑફિસના મિત્ર શ્રી દીનાનાથભાઇને ત્યાં મોટું ભાગવત જોયું. વારંવાર એમને ઘેર જઇ કટકે કટકે મેં તે વાંચી નાખ્યું. તેમાંનાં ચિત્રો મને બહુ ગમતાં અને વાચન કરતાં તે પ્રમાણે તદાકાર બની શકતો. એ દીનાનાથભાઈના સુપુત્ર શાંતિલાલે અમદાવાદમાં આજે ધર્મનગર વસાવ્યું છે. પિતાના પવિત્ર આચરણ અને ધર્મ-સંસ્કારનો એ વારસો છે.

સોનગઢની ગુજરાતી શાળાના હેડમાસ્તર ગિરિજાશંકરભાઈ બહુ ઉત્સાહી શિક્ષક હતા. તેમના પુત્ર હરિલાલ મારા મિત્ર થયા, તેથી વખતોવખત શાળામાં મને ચિત્ર તેમજ માટીકામના પ્રયોગો કરવાની તક મળી જતી. કાગળના કૂચા પલાળી, ખાંડીને તેનો માવો કરી આકાર બનાવવાનું હું જાણતો હતો. તે રીતે પૃથ્વીનો ગોળો બનાવી શકાય એ વાત મુ. ગિરિજાશંકરભાઈએ જાણી, એટલે તેમણે શાળાના વિદ્યાર્થીઓ પાસે કાગળ ખંડાવી માવો કરાવી આપ્યો. તેમાં ગુંદરની



મેં પૃથ્વીનો ગોળો બનાવ્યો

ચીકાશ નાખી ગોળો બનાવ્યો. એ સુકાયા બાદ તેના પર ચાકના રંગો ચડાવી મેં અક્ષાંશ-રેખાંશ દોર્યાં અને પૃથ્વીના ખંડો આલેખી તેમાં જુદાજુદા રંગો ભર્યા. એ સમયમાં શાળા માટે આવી ચીજ અપ્રાપ્ય હતી તે આમ સહેલાઈથી બની શકી તેનો તેમણે ખૂબ જ હર્ષ બતાવ્યો. મને પણ લાગ્યું કે હું યે કંઇક ઉપયોગી કામ કરી શક્યો છું.

વૅકેશન ઊઘડ્યા પછી વર્ગોમાં આવ્યા ત્યારે જાણ્યું કે પ્રાણલાલ માસ્તર બીમારીને લીધે નોકરી પરથી ઊતરી ગયા છે અને તેમને બદલે તુળજાશંકર ભ નામના બી.એ., એલએલ.બી. થએલા શિક્ષક નિમાયા છે. અત્યાર સુધી જે શિક્ષકો આવેલા તેમાંના કોઈને આવી ડિગ્રી લાગેલી નહોતી. બધા ઘણે ભાગે જૂના વખતના મૅટ્રિક થએલા શિક્ષકો હતા. આ તુળજાશંકર માસ્તર તો જાણે મોહનલાલ લૉર્ડની નવી આવૃત્તિ જોઈ લ્યો! તેમણે છટાદાર આંટીવાળો ફેંટો બાંધ્યો હતો, કપડાં ઇસ્ત્રીબંધ હતાં અને બારીક ધોતિયું પગ ઢાંકતું જોડા પર ઝૂલતું હતું, તે કડપ રાખવાનો પ્રયત્ન કરતા. મોટેથી હસવાની મનાઇ બતાવતું આછેરું હાસ્ય કરતા. એકબે માસમાં તે દરબારી વકીલની જગ્યા મળતાં ચાલ્યા ગયા. આ તુળજાશંકરભાઈ વિધુર થયા બાદ ઉત્તરકાળમાં સિદ્ધપુરના એક વૃદ્ધ સંન્યાસીની અંતિમ અવસ્થાએ તેમના શિષ્ય થયા અને અનિરુદ્ધતીર્થ સ્વામી તરીકે મઠાધીશ બન્યા. થોડાં વર્ષો પહેલાં જ તે બ્રહ્મીભૂત થયા. તેમના મોટા ભાઇ શ્રી જીવણરામ ભટ્ટ અમદાવાદમાં સુપ્રસિદ્ધ વકીલ હતા. પાછળથી તે મારા સ્વજન બન્યા.

તુળજાશંકર ભટ્ટ પછી શિક્ષક તરીકે સૌમ્ય પ્રકૃતિના વેણીભાઈ ભટ્ટ બી. એ. આવ્યા. તેમણે અમને વર્ષ પૂરું કરાવ્યું. પાછળથી તેઓ જાણીતા પ્રજાસેવક થયા અને હાલ થીઓસોફીના ચુસ્ત અનુયાયી અને અભ્યાસી તરીકે નિવૃત જીવન ગાળી રહ્યા છે. (ચાલુ)

સ્મરણીય વ્યક્તિની સત્યકથા ૧૮ · રાજવૈદ્યની ગુરુભક્તિ · મુકુન્દરાય વિજયશંકર પારાશર્ય

વૈદરાજ ઝંડુ ભટ્ટજી (જુઓ અંક ૪૬૮) જેને પોતાના મોટા ભાઇ ગણતા તે રાજવૈદ્ય રસેશાચાર્ય બાવાભાઇ (જન્મ સં. ૧૮૮૦, અવસાન સં ૧૯૪૯)ની આ વાત છે.

બાવાભાઈનું ખરું નામ વિજયશંકર. પિતાશ્રી અચળજીનો ધંધો રાજ્યના મહાલોનો ઇજારો રાખવાનો હતો. પ્રથમ પિતાના ધંધામાં પડેલા બાવાભાઇ વીશ વર્ષની વયે, તે ધંધો બંધ પડતાં, આજીવિકાના સાધન રૂપે ઝંડુ ભટ્ટજીના પિતા વિઠ્ઠલજી ભટ્ટ પાસે વૈદ્યકીય અભ્યાસ કરી, જામનગર રાજ્યમાં સં. ૧૯૦૨માં રાજવૈદ્ય તરીકે જોડાઇને, ક્રમેક્રમે કાઠિયાવાડ કચ્છ ગુજરાત અને રાજસ્થાનમાં ઘણાં રાજ્યોના ઉત્તમ માનીતા રાજવૈદ્ય બની એટલું ધન અને પ્રતિષ્ઠા પામ્યા, કે સં. ૧૯૪૪માં બાવાભાઈએ પંદરથી વીશ હજાર રૂપિયા ખર્ચીને જામનગરમાં મહારુદ્ર કર્યો ત્યારે પૂર્ણાહૂતિ પ્રસંગે અનેક રાજ્યો તરફથી આવેલ ભેટ પોશાક વગેરેને જોઈ જામસાહેબે કહેલું: 'મેં તમને જામનગરમાં રાખી મૂક્યા હોત તો હું તમને આટલું ન આપી શક્યો હોત. બાવાભાઈ, તમારી આ પ્રતિષ્ઠા જોઇને હું ખૂબ રાજી થાઉં છું.' ઉદેપુરના મહારાણા શ્રી સજ્જનસિંહે પ્રસન્ન થઇને તેમની યોગ્યતાની કદર રૂપે સંમાનાર્થે એક હાથી પણ આપ્યો હતો.

ગુરુ વિઠ્ઠલજી ભટ્ટ પાસે બાવાભાઇએ આયુર્વેદનો અભ્યાસ શરૂ કર્યો ત્યારે ગુરુપુત્ર ઝંડુ ભટ્ટ, જે બાવાભાઈથી ઉમરમાં સાત વર્ષ નાના હતા તે પણ આયુર્વેદ ભણતા હતા. બારતેર વર્ષની નાની વયે પણ તે ઘણી વનસ્પતિને તેના ગુણદોષ સહિત ઓળખતા; તેથી કોઇકોઈવાર પિતાની આજ્ઞાથી ઝંડુ ભટ્ટજી બાવાભાઇને ગામબહાર વાડીઓમાં તથા સીમમાં લઈ જતા અને વનસ્પતિ ઓળખાવતા. વિઠ્ઠલ ભટ્ટજી બન્નેને સાથે ભણાવતા ત્યારથી બન્ને વચ્ચે ગાઢ મૈત્રી જામેલી. બન્ને પરસ્પર સહોદર ભાઇ સમાન સ્નેહ રાખતા.

એ અરસામાં, વિ.સં ૧૯૦૨માં, પરમ ંસ પરિવ્રાજકાચાર્ય સ્વામીશ્રી પૂર્ણાનંદ ઊર્ફે ટોકરાનંદ સ્વામી (જે તત્કાલીન ગુજરાત કાઠિયાવાડ અને કચ્છના આધ્યાત્મિક, સામાજિક તથા રાજકીય જીવનમાં પ્રભાવ પાડી ગયા તે) શહેર બહાર આવી ઊતરેલા. તેમની પાસે વરસાદ વેઠીને પણ નિયમિત રીતે જઇને બાવાભાઈ તથા ઝંડુ ભટ્ટજી અમુક ધર્મગ્રંથ ભણતા, યોગસાધના શીખતા, વૈદ્યકીય અભ્યાસ કરતા, તથા ગુરુની સેવા કરતા. બન્ને પર સ્વામી પ્રસન્ન હતા. સ્વામીજીએ જામસાહેબને ભલામણ કરીને બાવાભાઇને વૈદ્ય તરીકે રાજ્યમાં રખાવી દીધા. જામસાહેબને લાલા મહેતા નામે દીવાન હતા. તેણે જામસાહેબની સલાહથી પોતાની પૌત્રી રળીઆતને વિધુર થએલા બાવાભાઈ વેરે પરણાવ્યાં ત્યારથી બાવાભાઇનો અભ્યુદય વધુ થયો.

બાવાભાઈ વેદાન્તી હતા, છતાં યજ્ઞયાગાદિ કરાવતા. બાળપણથી ધર્માભિમુખ તેણે પોતાના સાત પુત્રોમાંના છને ઉપનયનસંસ્કાર છેક કાશીમાં કરાવ્યા હતા, અને અગ્નિહોત્રી થવા માટે ગોંડલ રાજ્યની નોકરીમાંથી નિવૃત્તિ લીધી હતી. તેઓ અઢળક ધન કમાતા, તો ધર્માર્થે પુષ્કળ વાપરતા પણ ખરા. સાહિત્ય ને સંગીતના કલાધરોને તેઓ આશ્રય આપતા. બ્રાહ્મણોચિત વિદ્યાપ્રાપ્તિ અને ક્ષત્રિયોચિત વૈભવમય જીવનધાટી એ વડનગરા નાગરોનું તત્કાલીન લક્ષણ હતું, તેમાં બાવાભાઇમાં ધર્મનિષ્ઠા પ્રમાણમાં વધુ હતી.

રાજ્યની દશ વર્ષ નોકરી કરી બાવાભાઈ સં. ૧૯૧૨થી સ્વતંત્ર વૈદ્યકીય ધંધો કરી રળવા લાગ્યા; ત્યારે તેમના ગુરુભાઇ ઝંડુ ભટ્ટજી કમાતા ઘણું પણ કેવળ ધર્માર્થે વૈદું કરતા હોવાથી કરજમાં ડૂબતા જતા હતા. દરદી ધનવાન હોય કે ગરીબ, સર્વને એકસરખા આતુર, રાંક સમજી ઝંડુ ભટ્ટજી મફત દવા આપતા, દરદીઓને પોતાને ત્યાં રાખીને તેમ જ દરદીને ત્યાં દવા ઉપરાંત દૂધ તથા બીજી જોઈતી ચીજ-

વસ્તુઓ મોકલીને ઉપચાર કરતા. આમ મહાત્મા પેઠે સાત્ત્વિક જીવન ગાળનાર ભટ્ટજી પર લોકહિતાર્થે જ કરજ થતું હતું તે જાણનાર બાવાભાઈએ ગુરુભાઈને સહાયરૂપ થવા માટે પોતા પાસેથી જ્યારે જોઈએ ત્યારે જોઈએ તેટલી રકમ વિના સંકોચ લઈ જવા આગ્રહ કરેલો. ભટ્ટજીને એ રૂપિયા સહાય રૂપે જોઈતા ન હતા, વ્યાજે કછીના જોઈતા હતા; તેથી બાવાભાઈએ કહેલું: 'તમને જે રીતે ગમે તે રીતે લો. પણ તમારા વ્યવહારમાં મુશ્કેલી ન આવે તે માટે આ રૂપિયા તમારા જ છે એમ સમજીને લો. તમે ખર્ચ ખુશીથી કરો, હું કમાઉં છું ને!' અને આ રીતે બાવાભાઈ પાસેથી ભટ્ટજીએ જીવન દરમિયાન ત્રીસ હજાર કોરી કટકે કટકે વ્યાજે લીધેલી, જેના પર તેટલી જ વ્યાજની રકમ મળી સાઠ હજાર કોરી એટલે લગભગ પંદર હજાર રૂપિયા ઝંડુ ભટ્ટજી પાસે લેણા રહ્યા હતા. એ જમાના પ્રમાણે આ રકમ ઘણી મોટી ગણાય, છતાં એ રકમ ગુરુપુત્ર હસ્તક પોતે ધર્માર્થે વાપરી ગુરુનું ઋણ ચૂકવવા યત્ન કર્યો છે એમ બાવાભાઈ સંતોષથી માનતા.

બાવાભાઈ અને ઝંડુ ભટ્ટજી સહોદર ભાઈ પેઠે વર્તતા, સાથે દરદીઓમાં જઈ એકબીજાને સહાયરૂપ થતા. જામનગરના ખ્યાતનામ મહામહોપાધ્યાય શાસ્ત્રી હાથીભાઈને અસાધ્યસમાન રોગમાંથી એ બંનેએ સાથે મળી ઉગાર્યા હતા. પોતાના અનુભવ તથા જ્ઞાનનો પરસ્પર તેઓ લાભ આપતા. વયમાં બાવાભાઈ ઝંડુ ભટ્ટજીથી સાત વર્ષ મોટા હતા, છતાં ગુરુપુત્રને ગુરુ સમાન ગણી હમેશાં અધિક માન આપતા.

બાવાભાઈએ મહારુદ્ર કર્યો ત્યારે સમાપ્તિને સમયે ગામના પ્રતિષ્ઠિત લોકો આવેલા. આખી નાગરી નાત બેઠી હતી. પૂર્ણાહુતિ પછી આચાર પ્રમાણે બાવાભાઈને આચાર્યે તથા કુટુંબીજનોએ વડીલજનોને પ્રણામ કરવાનું કહ્યું, ત્યારે સમુદાય તરફ જોતાં બાવાભાઈએ કહ્યું: 'હું હજી મારા મુરબ્બીને દેખતો નથી.' થોડીવારમાં જ દરબારમાં ગએલા ઝંડુ ભટ્ટજી આવી પહોંચ્યા, અને તત્કાલ ઊઠી બાવાભાઈએ તેમને પ્રણામ કર્યા. ભટ્ટજીએ કહ્યું: 'આપ મારા મુરબ્બી થઈને આ શું કરો છો?' બાવાભાઈએ ઉત્તરમાં કહ્યું: 'આપ મારા ગુરુના પુત્ર છો ને ગુરુને ઠેકાણે જ છો.'

બાવાભાઈ અને ઝંડુ ભટ્ટજીને જે પરસ્પર સદ્ભાવ હતો તેવો એકબીજાના કુટુંબીજનોને પણ હતો. બન્નેનાં કુટુંબો એક જેવાં હતાં.

બાવાભાઈને ઝંડુ ભટ્ટજી પર વધતું જતું કરજ જોઈને ચિંતા બહુ થતી. ગુરુપુત્ર માટે કંઈક કરી જવાની તેમની ઈચ્છા હતી. પોતાની વૃદ્ધાવસ્થા હતી એ વખતે બાવાભાઈએ ચાતુર્માસ યજ્ઞ કર્યો ત્યારે સંકલ્પ કર્યો કે 'યજ્ઞની સમાપ્તિને દિવસે, ઝંડુ ભટ્ટજી પાસેથી વ્યાજ સહિત લેણી થતી રકમના બધા કાગળો એ ગુરુપુત્રના પગમાં ધરી દઈ હું ગુરુઋણથી મુક્ત થઈ જઈશ.'

પરંતુ એ વખતે બીલખાના રાજા બીમાર હોવાથી ઝંડુ ભટ્ટજી બીલખે હતા. બાવાભાઈએ અનેક તાર કરીને તેડાવ્યા, પણ બીલખાનરેશે ભટ્ટજીને જવા ન દીધા. આથી બાવાભાઈનો મનોરથ મનમાં રહી ગયો. ધર્મપત્ની રળીઆતબહેનને તથા પુત્રોને તેમણે કહ્યું: 'હું હોઉં ન હોઉં પણ ભટ્ટજીનું લેણું લેવાનું નથી. ભટ્ટજીને એમ ન લાગવું જોઈએ કે આપણે લેણું માફ કર્યું છે, પણ એમને વિનંતી કરવી કે રકમ પાછી આપી જુદા ગણે તેમ ન થવું જોઈએ.'

આ પછી તરત બાવાભાઈ સં. ૧૯૪૯માં કચ્છના મહારાવ શ્રી ખેંગારજી બાવાના બોલાવવાથી કચ્છ ગયા અને વળતે દિવસે, જેઠ સુદ તેરસના રોજ, તેમનો અચાનક કૈલાસવાસ થયો.

બાવાભાઈના અચાનક અવસાનના સમાચારથી ઝંડુ ભટ્ટજીને છાતીમાં દુખાવો ઊપડી આવ્યો. એ બીલખાથી જામનગર આવી ગયા,



રાજવૈદ્ય બાવાભાઈ અને એમનાં ધર્મપત્ની **રળીઆતબહેન**

પણ સખત દુખાવાને કારણે બહાર બહુ નીકળી ન શકતા. બાવાભાઈને ત્યાં પોતે નિત્ય જઈને બેસવું જોઈએ એમ તે માનતા; પણ બાવાભાઈના પુત્રો જ કહેતા: 'ભટ્ટજીના મુરબ્બી ગયા છે; અમારા મુરબ્બી તો ભટ્ટજી છે એટલે અમે નિશ્ચિંત છીએ.' અને ગામના લોકો આ બંને કુટુંબોના સંબંધથી એટલા પરિચિત હતા કે બાવાભાઈનો ખરખરો કરવા લોકો ઝંડુ ભટ્ટજીને ત્યાં જતા! ભટ્ટજી એ વખતે ગામ બહાર વાડીએ રહેતા.

બાવાભાઈના ઉત્તરકાર્ય પછી તરત તેમનાં ધર્મપત્ની રળીઆતબહેને પુત્રોને બોલાવી કહ્યું: 'તમારા પિતાની ઈચ્છા એવી હતી કે ભટ્ટજીને તેમની રૂપિયા વ્યાજે લીધાની પહોંચવાળી ચિઠ્ઠીઓ પાછી આપી દેવી. અને પોતે મને કહી ગયા છે કે મારો દેહ પડી જાય તોયે આ કામ જરૂર કરવાનું છે. માટે મોડું ન કરો; આ ચિઠ્ઠીઓ લઈને જાઓ અને ભટ્ટજીને પાછી આપી આવો.'

એ રાત્રે જ બાવાભાઈના પુત્રો અંબાશંકરભાઈ તથા બાલાશંકરભાઈ ગામ બહાર વાડીએ ભટ્ટજી પાસે ગયા ને બધી વાત કરી ચિઠ્ઠીઓ ભટ્ટજીને ચરણે મૂકી. ભટ્ટજીએ કહ્યું: 'રૂપિયા હું પાછા આપું, પછી ચિઠ્ઠીઓ રાખીશ.' પરસ્પર ઘણો આગ્રહ થયો, પણ ભટ્ટજી માન્યા નહિ. ઘેર પાછા આવી બાલાશંકરભાઈએ માને વિગતથી વાત કરી ત્યારે રળીઆતબહેને પુત્રોને કહ્યું: 'આ કોરી પાછી આપવાની વાત હું જાણું છું તેમ ભટ્ટજી પણ જાણે છે. અને સ્વર્ગસ્થનો એ બાબતમાં દૃઢ સંકલ્પ હતો; માટે જ્યાં સુધી એમનો આ સંકલ્પ પૂર્ણ ન થાય ત્યાં સુધી તમારા પૂજ્ય પિતાજીને સ્વર્ગમાં સુખ નહિ થાય. માટે કાલ સવારમાં જ ફરી ભટ્ટજી પાસે જજો.'

બીજે દિવસે સવારમાં જ અંબાશંકરભાઈ વગેરે ફરી ભટ્ટજી પાસે ગયા અને વાત કરીને કહ્યું: 'અમારાં માતુશ્રીએ પોતા તરફથી ખાસ કહેવડાવ્યું છે કે તમારા મુરબ્બી ભાઈ તથા તમારા પરમ મિત્રનું તમે પરલોકમાં પણ કલ્યાણ ઇચ્છતા હો તો આ પાછી મોકલેલી ચિઠ્ઠીઓ રાખી લેજો. મારાથી બહાર નીકળાય નહિ, નહિ તો હું પોતે ત્યાં આવત. આપનો ને સ્વર્ગસ્થનો સ્નેહ કેવો હતો તે જાણું છું, આપને શું દુઃખ થતું હશે તે સમજું છું, પણ સ્વર્ગસ્થના આત્માનો વિચાર કરીને ચિઠ્ઠીઓ લઈ લેશો.'

ભટ્ટજીનો કંઠ રુંધાઈ ગયો. આંસુભરી આંખે એ બાવાભાઈના પુત્રો તરફ જોઈ રહ્યા હતા, ત્યાં અંબાશંકરભાઈએ કહ્યું: 'અમારાં માતુશ્રીનાં વચનોને આપ નહિ સ્વીકારો તો આ ચિઠ્ઠીઓ અહીં ફાડી નાખીને અમે ચાલ્યા જઈશું.'

ઝંડુ ભટ્ટજીએ એ ચિઠ્ઠીઓ સ્વીકારી લીધી.

ફારસરસની જનેતા: ફ્રાન્સ

રંગગઠરિયાં - ૩૫

ચન્દ્રવદન મહેતા



ભારતમાં જન્મેલી વિવિયન લી

આપણે શરૂઆતમાં રોમમાં હતા, ત્યાં ઍડ્રિયન વેટાચ—એટલેકે 'ગ્રૉક'ને મળ્યા હતા. એ ગ્રૉક મહાશયે તો પારી(સ)માં ફૉલી બર્ઝેરના તખ્તા પર ગબરડી ખાઈ ભલભલાને હસાવ્યા હતા. એ રંગમંચ પર સંપાદન ને રજૂઆત હમણાં ઘણાં વર્ષોથી પોલ ડેરવલ કરે છે. જ્યાં નોકરી કરવા પગપેસારો નહોતો થઇ શકતો, ત્યાં સંજોગાનુસાર નાની નોકરીથી શરૂઆત કરી એ રંગમંચનું સાર્વભૌમત્વ ભોગવનાર એ વ્યક્તિની રોમાંચક કથા આગળ સાંભળાશું; પણ એક દિવસ ગ્રૉક જે પાઠ અહીં ભજવ્યો તેની વાત સાભળીએ.

જલસો શરૂ થઇ ગયો. ગ્રૉકને પગબત્તીઓ તરફ દાખલ થવાનો સમય આવ્યો, પણ ગ્રૉકની સાથે ફિડલ વગાડનારો એનો ગોઠિયો અંતઘડીએ હાજર નહોતો. એટલે રંગભૂમિના આ બાદશાહે પોલ ડેરવલ જ્યાં એક ખૂણામાં આંખને ઈશારે આજ્ઞાઓ સૂચવતો ઊભો હતો ત્યાંથી એને, કોટનાં બટન પકડી, ખેંચી,–હજી તો એ કુશળ વ્યવસ્થાપકને ખબર પણ ન પડી એટલામાં–એને તખ્તા ઉપર ઘસડી જઇ, ત્યાં એના હાથમાં ફિડલ બેસાડવા માંડી અને કેમ વગાડવું તે હાવભાવથી સૂચવવું શરૂ કર્યું. ડેરવલ સાહેબે વાયોલિન જિંદગીમાં આજે જ પકડેલી, અને હાથમાં ગજ તે જ ઘડીએ ઝુલાવેલો, એટલે ગ્રૉક એને પોતાના ગજ વડે હવામાં હવાતિયાં મારી કેમ વગાડવું તે સમજાવે; અને ડેરવલના મગજમાં આખી ઘટનાનું રહસ્ય ઊગવા માંડે તથા પરિસ્થિતિ સમજી એ પણ ફારસિયા ચેનચાળામાં ઝંપલાવવા માંડે, ત્યાં તો ગ્રૉકનો ગોઠિયો હાંફતો હાંફતો આવી ચઢચો; એટલે ગ્રૉકે લાગલી જ બાજી બદલી; ડેરવલના હાથમાંથી આંખ જીભ ને ગજના ઠપકે ફિડલ ખૂંચવી લીધું: 'આટલું વગાડતાં પણ આવડતું નથી?' એવી હવા ઊભી કરી, અને એને હડધૂત કરી પરદા પાછળ વિદાય દઇ, પોતાના ગોઠિયા સાથે નિત્યકાર્ય આરંભવું શરૂ કર્યું! મુસીબતની ઘડી, કટોકટીની પળ, છેલ્લી ક્ષણમાં તરતબુદ્ધિની કામયાબી, સંકટસમયની સાંકળ, જે કહેવું હોય તે, એવું રંગજીવનમાં, રંગભવનમાં ઘણાંને અનુભવવું પડે છે, અને તત્ક્ષણ કંઇનો કંઇ રસ્તો પણ કાઢવો પડે છે.

ગ્રૉક એ ક્લાઉન, રંગલો, વિદૂષક, જે કહો તે. એવા ફારસમાં કામ કરનારા ચૅપલિન, મૅક્સ, ટિચ, પિલ્સર, ડૅન્ડી, રેઇમુ ભલભલા મશ્કરાઓની તો આખી લંગાર જગમશહૂર છે. એ ફારસરસની ભૂમિ પણ ફ્રાન્સ. ટ્રૅજેડી ઉદ્ભવી ગ્રીસમાં, કૉમેડી–પૅરડી ફળી તે પણ ગ્રીસમાં; પણ કૉમેડીની ચારઠને ફાર્સમાં ઘસડી ગયા તે ફ્રેન્ચો. ચેનચાળા તો ગ્રીકો પણ કરતા; ઉત્સવ પ્રસંગે એમાં અશ્લીલ તત્ત્વોને ઉમેરી ઉઘાડેચોક રસ્તામાં, આજે આપણે જોઇએ તો મોં મચકોડીએ યા આંખઆડા કાન કરીએ, એવી ચેષ્ટાઓ કરી દેખાડવામાં એમને કોઈ બાધબંધન નહોતાં; પણ પ્રહસનના ઘાટને ફુલાવી ફાર્સનો ફુગ્ગો બનાવવામાં ફ્રાન્સના લખનારાઓએ અને એના ભજવૈયાઓએ મહત્ત્વનો ફાળો આપ્યો છે એ નિર્વિવાદ. અંગ્રેજો પણ ફારસ લખવા-ભજવવામાં ગાંજ્યા જાય એવા નથી, પણ ત્યાં એ હવા ભરવા માટેની ફુગ્ગાની કોથળીઓ તો તેઓ ફ્રાન્સથી જ લઈ ગયા, એ ચોક્કસ.

કોટગ્રેવના ફ્રેન્ચ-અંગ્રેજી શબ્દકોષમાં એ શબ્દ ફ્રેન્ચ ભાષામાંથી લાવ્યાનો દાખલો મળે છે, છેક ૧૬૧૧માં. પછી વ્યાખ્યાઓ બંધાવા માંડી. એમાં ૧૬૬૧માં બ્લાઉન્ટે 'નાટકમાં યા પ્રહસનમાં ક્યાંક તોફાનમસ્તી અને ધમાચકડી દાખલ કરવાં એ ફાર્સ' એવું કંઇક ઘટાવી આપ્યું; પણ ૧૬૬૮માં ડ્રાઈડને ફાર્સનો ખયાલ સ્પષ્ટ કરવા પ્રયત્ન કર્યો. એમાં બનાવટી યા કૃત્રિમ પ્રયોગે ઉદ્ભવતું હાસ્ય, અકુદરતી રીતે બનતા બનાવોનું પ્રદર્શન, એવું ઘટાવી એને ઊતરતી કક્ષાનું ગણાવ્યું. એની પછી બે વર્ષે હાવર્ડે ઉમેર્યું કે 'એમાં નાટક જેવું કંઇ નહિ; ખચ્ચર કોઈ કાળે ઘોડો કહી શકાય જ નહિ; નકલિયા ઠઠ્ઠો એ નાટક નહિ જ.' ઈ. ૧૭૦૨માં વળી એક નવી વ્યાખ્યા મળે છે. ત્યારે એક વિવેચક જણાવે છે કે 'ફાર્સનો લેખક કોઇ ધારાધોરણ યા નામનિયમ પાળવા બંધાએલો નથી. એ સમયબંધનના કે કોઈ ઘાટઘૂટના ચોક્કસ ચોકઠાથી પર છે.' પછી ડેનિસે કોનગ્રેવને કાગળો લખ્યા છે, એમાં પ્રહસન અને ફાર્સનો ભેદ તારવ્યો છે: 'પ્રેક્ષકોમાંના કેટલાકને લાગુ પડે એવી ઘટનાઓની ઠેકડી તે કૉમેડી, પ્રહસન; પણ એક જ અજોડ, વિલક્ષણ વ્યક્તિને લઈ બેસે, અને એનાં કરતૂકોનો ઠઠ્ઠો જમાવે તે ફાર્સ.' ૧૭૫૩માં બિશપ હાર્ડ ઠરાવે છે કે 'અક્કલમાં ઊતરે એવી રીતે હસાવે તે પ્રહસન; પણ યેનકેન પ્રકારેણ હસાવે તે ફાર્સ.' આમ વ્યાખ્યાઓનો વરઘોડો વધતો જ ચાલ્યો છે. કોઈ એને મઠારે છે, કોઈ નિંદે છે, તો કોઇ એમાં દૂષણને બદલે ભૂષણ પણ જુએ છે. ઇ. ૧૯૫૧માં મેસન બ્રાઉન વ્યાખ્યા બાંધતાં સૂચવે છે કે ફાર્સ લખનારા અને કરનારા એક અલાયદી કોટિનાં જ માળખાંઓ છે. એમને પ્રહસનકારો સાથે કશી નિસ્બત નહિ, જેમ પ્રહસનકારોને કરુણ રસ જમાવનારાઓ સાથે કશી લેવડદેવડ નહિ. આ જાતકોને તો લખવા-ભજવવા માટે આકાશ પણ નીચું પડે, એમને કોઈ બાધબંધન નહિ જ નડે. જે કરતૂક કરે તે જો લોકમાં ચાલ્યું અને એમને ગમ્યું તો દુનિયા જખ મારે છે. જે અશક્ય છે તે શક્ય કરી બતાવે અને મનાવી શકે, અક્કલ કામ ન કરે એમાં ઠઠ્ઠો, રંગ જમાવી દે, બુદ્ધિ કામ ન કરે ત્યાં અબુધિયો કામ કરી જાય, એ જ એમાં મહત્ત્વની વાત છે. હજી આ ચર્ચાનો છેડો નથી. એની વ્યાખ્યા ઘડનારા કદાચ થાકશે, પણ ફાર્સ લખનારા અને કરનારા થાકવાના નથી.

ટૂંકમાં, પ્રહસનમાં ફાર્સનાં તત્ત્વો આવે, પણ ફાર્સમાં પ્રહસન નહિ સમાય. એકની એક વાતનું પુનરુચ્ચારણ, કોક વ્યક્તિનું પાકું પગથી માથા સુધીનું છોલણ, અશક્યને શક્ય બતાવાતું સંકલન, અર્થ વગરનું એ અર્થવાળું છે એમ બતાવવાનું પ્રદર્શન, ભારોભાર અતિશયોક્તિથી અસંબદ્ધનો ક્યાંક અણધાર્યો સંબંધ ઘટાવી, અચંબો પમાડી દંગ છક કરી નાખવાની ક્રિયા તે ફાર્સ. એમાં કદીક બીભત્સ-અજુગતો ચાળો ઘૂસી પણ જાય. એટલે પછી હલકા પ્રકારનાં ફારસ, ઊંચા પ્રકારનાં ફારસ, એવા પેટા વિભાગો પણ પડવા માંડચા. ફારસને અવગણનારાઓને જોસેફ ક્રચ ટકોર કરી ઠપકારે છે કે 'ભલા! આ ચર્ચા શાની કરો છો? બે હજાર વર્ષથી ગોઝારા બીચારા ફાર્સને ગૌરવ, શાખ, મોભો, મરતબો આપ્યો છે જ કોણે કે આજે એને નિંદવા નીકળી પડચા છો?' તો એરિક બેન્ટલી હમણાં જ મદદે ધાયો, અને કહે છે કે 'ફાર્સ એ

કંઈ ફેંકી દેવાની કે હસી કાઢવાની કૃતિ નથી; એનું ગૌરવ ઓછું નથી, તેમજ એમાં ઉચ્ચ પ્રકારનાં સાહિત્યનાં લક્ષણોની પણ કમી નથી. ખબરદાર, એની નિંદા કરી છે તો!'

અરે પણ આપણે આ ફિસાદમાં ક્યાં ફસાયા? ભલેને વ્યાખ્યા બાંધનારાઓ એમાંના દૂષણ ભૂષણના દાવપેચ રમ્યા કરે! ભલભલી નાટકશાળાને એ થકી માતબર કમાણી થઈ છે, અને ફારસ કરનારાઓએ પોતાના તેમજ બીજાનાં કુટુંબોને તાર્યાં પણ છે.

નાટકતો લખાતાં ફ્રાન્સમાં ધાર્મિક વિષયોને બાદ કરીએ તો આદમ દ લા હેલે ઈ. ૧૨૬૦ની આસપાસ પહેલું લોકનાટક લખ્યું. પણ કટાક્ષનાં હથિયાર સજી કૈંક લેખકોએ સમાજમાં મ્હાલતા મહારથીઓને વીંધવા-ચીંધવા જે નાટકો લખ્યાં. એમાં એક 'સોતી' નામનાં નાટકોનો પ્રકાર બહુ પ્રચલિત થયો. સોતી એટલે આપણી ભવાઈ જેવા બંધો. એવા સૈકડો ત્યારે ભજવાયા, પણ આજે એની હસ્તી નથી, પ્રતો યે મળતી નથી. એ ફાર્સ નહિ, પણ ઠઠ્ઠો ઠેકડી ઉડાવવાની કૃતિ તો એ ખરી જ, 'સોત'નો અર્થ જ વેવલો-ઘેલો, ભોટ-ભમેલો, રંગલો. સોતીમાં વસ્તુ પાતળું: સમયાનુસાર કોકની રેવડી, કોઇને બેઆબરૂ કરવાનો નુસખો, આખરે પોલીસ કે કોટવાલ સાથે ચડભડાટ. એમાં હાથ લાગેલી અને પંકાએલી કૃતિ તે 'મૈત્ર પિયર પેથેલિન'. લખ્યા સાલ ઈ. ૧૪૭૦. પાંચસો વરસ બાદ ૧૯૭૦માં પણ એ કૃતિ લોકપ્રિય રહેવાની નક્કી! કમાણી વિનાના એક વકીલ સાહેબ એક દરજીને બનાવવા ગયા; એમાં આખરે દરજીએ વકીલસાહેબને એવા તો ફસાવ્યા કે એ જિંદગી સુધી પોતાની ખોડ યાદ કર્યા કરે. આ ફાર્સનાં તો કદાચ દુનિયાભરની જામેલી ભાષાઓમાં અનુવાદ તરજુમા કે અનુકૃતિ થયાં હશે. હજી આજે પણ એ એટલું જ તાજગી આપનારું, સરસ, સુરેખ, કુટુંબમાં બેસીને માણી શકાય, હમેશાં યાદ રહી જાય, સાર ગ્રહણ કરી શકાય, પેટ પકડીને હસી રહેવાય, એવું ફારસ છે.

હા, ફ્રાન્સમાં રિશલ્યુ જેવી રાજકીય વ્યક્તિએ ફારસને દબાવવા, એને નિર્મૂળ કરવા પ્રયાસો કર્યા; તોપણ તુરલુપિન, ગિલોમ, ગોતિયે ગારગુઇલ જેવા નટોએ એને સજીવન રાખવાના પ્રયત્નો જારી જ રાખ્યા. લોકોને મનોરંજન તો જોઇએ જ. એમાં ફારસમાં રસ વધારે. જાહેર રંગમંચ પર નહિ તો ખાનગી જલસાઓમાં છાનાછપનાં ફારસો થવા માંડયાં. કોઇ વસ્તુ યા પ્રવૃત્તિ ઉપર પ્રતિબંધ મૂકો તો સામાન્યરીતે તે વધારે વિસ્તરવા પ્રયાસ કરવાની જ. પછી રિશલ્યુનો જમાનો પણ આથમી ગયો, અને ફારસે દશે દિશામાં વિસ્તાર વધાર્યો. એવે ટાણે પ્રવેશ્યો મોલિયેર. ઈટાલીથી પારી(સ) આવેલા ફારસ રસના રસિયા બિયાંકોલેલી અને ફિયોરિલી સાથે મોલિયેરે નાટકશાળા પણ ખોલેલી. પછી તો આવ્યો ચૌદમા લૂઇનો મોજશોખનો જમાનો. જાહેરમાં ફારસો ભજવવાની છૂટ! બાદશાહને હસવું ગમે, નાટક-લેખક અને નટ મોલિયેરને ઠઠ્ઠો લખી ભજવવો ગમે; એમ જુગતે જોડી મળતાં ફારસ પાંગર્યું; એનાં મૂળિયાં ઊંડાણમાં જઇને પેઠાં.

નિકોલ, વિલકૉક્સ, લૉરેન્સ, એવાએવા કૈંક અંગ્રેજ લેખકો સ્પષ્ટ ભાષામાં અંગ્રેજી ફારસોનો મોટા ભાગનો મસાલો ફ્રાન્સમાંથી લઈ આવવા વિષે લખે છે. કેટલાક તો મારા વહાલા નાટક જોવા વારંવાર ખાસ ફ્રાન્સ ઊપડે! મોલિયેરમાંથી તો વસ્તુઓ ઉપાડી જ છે, પણ હમણાં તાજેતરમાં ઇંગ્લંડમાં ભજવાએલું પેલું 'લૂક બૅક લુલુ' એનું વસ્તુ પણ ફિડયેત્રના 'લુક આફ્ટર એમેલિયા'માંથી ક્યાં નથી લીધું? લેડી વીવિયન લે એમાં નાયિકા તરીકે ઊતરી અને નોએલ કોવાર્ડે એ નાટકની રજૂઆત કરી. ઈંગ્લંડ ખુશીથી ફ્રાન્સનું એ ઋણ સ્વીકારે જ છે.

ફ્રેન્ચમા 'ફાર્સેર' શબ્દ છે તે જાણવા જેવો છે. ક્યાંક ખાવા ગયા હોઇએ અને સંભારિયાં ટામેટાં યા સંભારિયા મચ્છી-મરઘીની વાની મંગાવવી હોય તો 'ટામેટા ફાર્સી' એમ કહેવું પડે. 'ફાર્સેર' એટલે અંગ્રેજીમાં 'સ્ટફ'–પેટાળમાં મસાલો ભરવો તે. રીંગણાં-ભીંડા-મરચાં-કારેલાં આપણે સંભારિયાં રાંધીએ છીએ, એમ જ. ફારસ કરનારો એમ જ વાતવાતમાં, નાચકૂદમાં, ચાલદોડમાં, ચાળાચસ્કામાં, વેશ-દેખાવમાં સંભાર પૂરે. પેટ આગળ તકિયા ભરીને હોય એના કરતાં ભારેનો જાડો બનીને આવે, કાન લાંબા કરે, નાક લાંબું બતાવે, જાડી લાંબી જીભડી મોંમાં ટાંગે, ખાલપા જેવું કે કોથળા જેવું મોટું પાટલૂન પહેરે, ઘાઘરિયા ઘાટનો મોટો કોટ પહેરે, માથે ઘંટીના પડ જેવું ટોપરું પહેરે, હોય એમાં બેહદનો વધારો બતાવે. બોલવામાં પણ એમ જ, અતિશયોક્તિવાળું લલકારે. અતિશયોક્તિને આપણે ત્યાં વિશ્વનાથે, મમ્મટે, જગન્નાથે, કાવ્યમાં અલંકાર ગણ્યો જ છે. એટલે ફાર્સમાં છૂટ લઇ વધાર્યે રાખો, ઠાંસ્યે રાખો તો વાંધો ન ગણાય,—અશક્ય ક્યાંક શક્ય હોઈ શકે એવું આભાસમાત્રમાં પણ મનાવી શકાય તો.

'મૂંગી સ્ત્રી' એ પ્રખ્યાત ફાર્સ છે. એના વિકાસનો ઇતિહાસ વાંચવો હોય તો 'મૂંગી સ્ત્રી'ની પ્રસ્તાવના વાંચજો. એના ફારસરસ અને અતિશયોક્તિ વિષે તો—અસલ ફ્રાન્સમાં એ ભજવાતું ત્યારે ડાક્ટર હાથમાં કરવત-કોદાળી લઇને હાજર થતા! અસલ ડાક્ટરો અબુધ પેઠે વાઢકાપ કરતા એ તો જાણીતી વાત છે. પરંતુ મૂળ મુદ્દો તો વહુજીનો સતતનો બડબડાટ છે. બાઈ બોલ્યા જ કરે, મૂંગી જ ન રહે; ધણીને પળભર પણ પોતાનું કામ ન કરવા દે. આ ખાવું, આ પીવું, આ પહેરવું, પેલી ચિબાવલી, ઓલી ફુવડ, આ ગમાર: નવ ગજ નહિ નવ કિલોમીટર લાંબી જીભ! એવી કટકટિયણ સતતની વાગ્ધારા વહેવડાવતી બાઈસાહેબો આજે પણ ક્યાં નથી? ત્યાં બીચારો ધણી પણ કરે શું?

આપણે નથી કહેતા બહુ ટકટક કરશે ને તો જીભડી જ કાપી નાખીશ? એમ એને મૂગી બનાવી દેવાની વાતમાં ક્યાંક શક્યતા તો ખરી જ. આવો ફારસ કુટુંબકબીલા સાથે જોતાં કોને વાંધો આવે વળી? અને એમાં મિજાજ છે. બાઈસાહેબોએ રીસે ચડી છણકા કરવાની જરૂર નથી; ધણીને પણ એમાં એટલું જ વેઠવું પડે છે. પેલીને મૂંગી થવું પડે છે, તો પેલાને બહેરા થવું પડે છે,—અને તે બંનેની રાજીખુશીથી! પુરુષનું સ્ત્રીના લેબાસમાં છુપાવું; ધણી-ધણીઆણીની ચકરડી-ભમરડી; એ બેના સંબંધમાં ત્રીજી વ્યક્તિનો અકસ્માત કે જાણી-જોઇને સંબંધ બંધાવો; ધમાચકડી, કૂદકા-ભૂસકા, વૈદ્ય-વકીલ, ઘેલાનાં ઠાઠાખીખી,—એવા જાતજાતના સંભાર ફારસના બીબામાં ભરવામાં આવે છે. એમાં જગમશહૂર દસ-બાર ફારસો તો એવાં છે જ, કે જેની સંભાવના શક્ય પણ હોય, એટલું જ નહિ પણ જેના ચાળાચસ્કા અને લખાણ-મતલબ પણ સાફ હોય.

ફ્રેન્ચ ફારસો એટલાં જ અંગ્રેજી ફારસો. એથી થોડાં ઈટાલિયન અને સ્પેનનાં. જર્મન રશિયન ઘણાં ઓછાં, પરંતુ મોટા ભાગનાં એકાંકી જેવાં, નાનાં. મસાલો બહુ ભરવા જતાં બીબું ફસકી જાય, તાણવા જતાં તૂટી જાય; એટલે ત્રણ અંકી, અઢી-ત્રણ કલાકનાં ફારસો પ્રમાણમાં ઓછાં. ચાર્લ્સ ડિકન્સે પણ ફાર્સ લખ્યાં છે. એનું 'લૅમ્પ-લાઈટર' તો જાણીતું છે. અંગ્રેજ નટ કેમ્બલે, ગૅરિકે ને બૅરીમોરે જેમ લખ્યા, એમ ફ્રેન્ચ નટોએ પણ પોતાને કાજે વિવિધ પ્રકારનાં ફારસો રચ્યાં છે; પ્રેક્ષકોને ધૂમ હસાવ્યા છે. ફ્રાન્સમાંથી ઘણા કિસ્સાઓ ચોરાયા, અપનાવાયા, ફરીફરી એના રંગરોગાન બદલાયા, નવી રીતે પલોટાયા, એકની એક રીતે પણ થોડા ફેરફાર સાથે ફરીફરી વણાયા, એવી ઘટમાળ ચાલ્યા જ કરે છે. એમાં બીભત્સ યા અશ્લીલ તત્ત્વો દાખલ નથી થતાં એમ કહેવું નથી. રણછોડભાઈ ઉદયરામ જેવાને ભવાઈ

ભાંડવી પડી હતી, મહારાષ્ટ્ર સરકારને તમાશા ઉપર પ્રતિબંધ મૂકવો પડયો હતો. વલ્ગર, એટલે કે ગ્રામ્ય તો—જ્યારે નર્મદના લખાણમાંથી છાજિયાં લેવાનો કિસ્સો ૧૯૩૨માં મુંબાઇમાં ભજવ્યો ત્યારે સુગાળવા સૉલિસિટર સાહેબોને એમાં વલ્ગારિટી લાગી હતી. વલ્ગારિટી નાટક વિના પણ આપણે કયાં નથી આચરતા? લાહોરમાં સાઈગલનું અવસાન થતાં એની નનામી નીકળી ત્યારે એની ચારેકોર લાઉડસ્પીકર બાંધી, બાજુ ઉપર ખટારામાં ગ્રામોફોનમાં એની રેકૉર્ડો આખે રસ્તે વગાડી એ તો નજરે જોએલો કિસ્સો છે. આપણે આપણી ઘેલછામાં મરનારની આવી ઠેકડી ઉડાડીએ છીએ એને શું કહીશું?

નસીબજોગે જૂના ત્રણસો-ચારસો ફારસોમાંથી બચેલા દોઢસો જેટલા ફારસોમાંથી કિસ્સા-ટુચકા રજૂ કરવાનો એક કાર્યક્રમ અમને જોવા મળ્યો. એમાં પેલો પેથેલિનનો પ્રખ્યાત દરજી અને વકીલનો વેશ તો જોયો. પછી બે ભૂખ્યા ગઠિયા કોઈના રસોડામાં જઇ ખાવાનાની ચોરી કરે છે તેનો ફાર્સ જોયો. માળા જે હાથમાં આવે તે ખાતા નથી; સ્હેજ ચાખીને એની રાંધવાની ક્રિયા ને એની બનાવટમાંની ખામીઓ ઉપર ચર્ચા કરવા ઊતરી પડે છે! ટૂંકમાં–મીઠું ઓછું છે, હળદર વધારે છે, લસણ છે જ નહિ, ઉંહૂંહૂંહૂં-થૂથૂથૂથૂ, બળ્યું રાંધવાનું, આ રાંધનારી તે કેટલી ડફોળ છે! ને એવામા રાંધનારી ત્યાં આવી ચડે છે! અને પછી તો જો એની અવદશા થઈ છે તે! ત્રીજો વળી એક ધણી ધણીઆણી વચ્ચે બકાએલી હોડનો કિસ્સો મને બહુ ગમ્યો. ફારસ, જેમાં ધમપછાડા ભારોભાર જોઈએ, ત્યાં અલો અને અલી શરત બકે, કે કોણ હાલ્યાચાલ્યા વિના વધારે વાર સ્થિર બેસી રહે છે! વાતો થાય, ખસાય-ચસાય નહિ. અલબત્ત, એક પછી એક બીજા માણસો તો આવ્યે જાય છે. એમાં એક પતરાના દાબડા બનાવનારો આવ્યો, અને અલીને હાલ્યાચાલ્યા વિના બેઠેલી જોઈ; અને વળી દેખાવડી લાગી; એટલે એણે માન્યું કે પૂતળી જ બેઠી છે કે શું? કોણ જાણે કેમ, પણ એ તો એને ચૂમવા બાઝી પડયો; એટલે વરરાજા તરત છંછેડાયા અને એને મારવા ઊઠયા! બસ શરત હાર્યા! હવે આ તાગડો પેલી અલીએ જ કર્યો હતો કે કેમ એ તો એ, અને એનો 'દઇ' જાણે!

પછી થોડા સંગીત બાદ એક કિસ્સો ભજવાયો. એમાં ધણી બાયલો, કહ્યાગરો. કાન્તા કહે એટલું જ કરે એવો કંથ. પણ સ્વભાવનો રઘવાયો. કશું યાદ ન રહે. એટલે ઘરવાળીએ એની પાસે એણે શું શું કામ કરવું એની યાદી લખાવી રાખી. હવે થયું એવું, કે બાઈસાહેબ એક દિવસ નહાવાના મોટા ટબમાં લપસ્યાં, અને એવાં ફસકાયાં કે એમનાથી ઊભાં જ ન થવાય, અને પાડે ચીસાચીસ અને થાય બૂમરાણ. બોલાવે કહ્યાગરા કંથને. પણ કંથડ હાથમાં યાદી ફેરવ્યા કરે. એ યાદીમાં આવી પરિસ્થિતિમાં શું કરવું એનો નામનિર્દેશ ન મળે! એટલે એ તો બાથટબ પાસે હાથ જોડી ઊભા રહ્યા અને બાઈસાહેબ નીચે પાણીમાં ગૂંગળાતાં રહ્યાં.

નાના રેસ્ટોરાંથી માંડી ક્લબો યા નાટકશાળાઓમાં હસાહસ કરાવવાનાં કરતૂકો કરનારા વાક્ચાતુરી કરતાં આંગિક અભિનય ઉપર વધારે આધાર રાખે છે. એમાં મદદમાં આહાર્યમાં કપડાં, રંગરોગાન અને જે હાથમાં આવે એનો ઉપયોગ રહે છે; પણ જે કરે છે તે આસાનીથી, સિફતથી, સ્પષ્ટતાથી, સ્વચ્છતાથી, નિશ્ચિતપણે અને કૌશલથી કરે છે. ગ્રૉક, ચૅપલિન, શેવાલિયે જેવા મહારથીઓ ઓછા, પણ નાનાનાના, પોતાનાં ક્ષેત્ર સર કરનારા ઘણા પડયા છે.

ટુચકા-કિસ્સાથી માંડી ત્રણે અંક સુધી ખડખડાટ હસાવનારા ફાર્સના બંધ પણ વારંવાર ભજવાય છે. કહે કૉમેડી, પણ જોવા જાઓ તો નીકળે ફાર્સ. મથુરિન થીએટરમાં એવો જ એક ફારસ અમે જોયો.

છાપામાં જાહેરખબર વાંચી. કોણે? એક બહેનપણી ઇલિઝાબેથે, કે રેબેકાએ એના વર જોનાથનને વેચવા કાઢયો છે! ઘરનું ફરનિચર, જૂનો રેડિયો, વપરાએલું ફ્રિજીડેર, એવું વેચવા માટે તો જાહેરખબર અપાય, પણ આપણી રેબેકાએ તો પતિશ્રીને જ વેચવા કાઢયો! એ વાંચી ઈલ્ઝી દોડી, રેબકીને ત્યાં: 'અલી, આ શી ઘેલછા!' ત્યાં તો પોલીસદાદાએ પ્રવેશ કરી આવી જાહેરખબર કાયદેસર છે કે નહિ એની પૂછતાછ શરૂ કરી દીધી છે. રેબકી કહે છે આમાં તો ધણીની જ મરજી છે. ધણીઆણીથી ધણી કંટાળ્યો છે! ના ધણી માટે એને તો ઘણું બધું માન છે, અને સાથે લાગણી છે, એટલે તો એ ધણીને સુખી કરવા માંગે છે. કૂતરાં વેચાય, બિલાડી વેચવા જાહેરખબરો અપાય, એમ જીવતાં પ્રાણી વેચાય, તો મનુષ્ય પ્રાણી કેમ નહિ?

ભારતમાં દીકરીઓ વેચાય, એ ન વેચાય માટે કાયદો કરવો પડે, તો યે ખાનગીમાં માગ્યું લેવાય, તો આ છડેચોક જાહેરખબર કાં ન અપાય? અથવા બીજી રીતે શકયતા વિચારો. ધણીને બીજે પરણવું હોય તો પહેલી વહુને છૂટાછેડા અપાય, એ આપતાં એને મોં માગી ખરચની રકમ અપાય, તો આ સીધો જાહેર કબાલો શો ખોટો? એ તો આ લેખક ફ્રાન્સના બિલેદ્રા મને ઓળખે નહિ, યા હું એને ઓળખું નહિ; નહિ તો હું તો એને સલાહ જ આપું કે ઘરઆંગણે ધણીનું લિલામ જ જાહેર કરો. ઘરાક આવે તે દાગીનો જૂએ અને પસંદ કરીને લઇ જાય. એક વાર, બે વાર ને ત્રણ વાર, જે મળ્યું એ ખરું.

અહીં લગભગ થાય છે એમ જ. ધણીને ખરીદવા કૈંક કુમારી, છંડાએલી, વિધવાઓ તૂટી પડે છે. બહેન, આજે માગ્યા ધણીઓ છે જ કયાં? અને આ તો સારા ઘરનો ધણી! ઇલિઝાબેથનો વર જોનાથનને હિમ્મત આપે છે, ખાનગીમાં કાનમાં કહે છે પણ ખરો, કે નસીબદાર! ભલેને હોલામાંથી ચૂલામાં પડવાનું થાય, તો યે આ હોલો તો નહિ જ! સોદો કરવા બેસે છે રેબેકા. ભાવતાલ, પડાપડી, બધું જોઈ વિચારે છે રેબેકા. ઘરાક પણ એને લાયકની બાઇ હોવી જોઇએ એ વિચારે છે રેબેકા. આખરે તો સોદો બે બાઈઓ વચ્ચેનો જ છે. ધણીને આ લેવડદેવડમાં કશી લમણાઝીક જ નહિ. ત્યાં હાજર થઇ છે એક મહિલામંડળની પ્રમુખ. સશક્ત, કાર્યદક્ષ, ઉત્સાહી, સેવાભાવી, રૂપાળી... હેં? રૂપાળી? પોતાથી પણ વધારે રૂપાળી! રેબેકા વિચારે છે: એને તો નહિ જ વેચું. પણ આ મહિલામંડળની પ્રમુખ સન્નારીના મનમાં જોનાથન વસી ગયો છે. એટલે એણે તો કોથળીનું મોં છોડી જ દીધું છે,—કાઢી છે ચેકબુક. પાડો આંક અને કરો સોદો.

વાજતેગાજતે વેચાએલા ધણીને ધણીઆણી ખરીદી ગઈ! જે અંબા મા! વરસેક દિવસ રહી ફરી વસંત ઋતુ આવી, અને આપણી રેબેકાએ સારે ઠામ મૂકેલા પૈસાની રકમ પણ વધી ગઈ, એટલે એ ફરી પોતાના ધણીને ખરીદવા નવીને ત્યાં ઊપડી. જોનાથન ત્યાં તો સુખી છે, ઘરમાં પારણું બંધાયું છે, હોંસેહોંસે બંને હીંચોળે છે, રેબેકાના હાથમાં રોકડ રકમ છે, ચેકબુક પણ છે, મોંમાગ્યા પૈસા આપવા તૈયાર છે, પણ પેલીને પોતાનો ધણી વેચવો છે જ કયાં? ધણીને કહે ચાલ પાછો મારી સાથે, તો એ કહે તેં તો મારા સુખને માટે મને આ ઘેર વેચ્યો છે, અહીં સુખ છે તો સુખ છોડી હું કયાં આવું?

આમાં ધમાચકડી નથી. જે છે તે ભાષાની રમઝટ, ઘટનાઓની રચના, આવનજાવન, ઊર્મિઓના ઉછાળા અને તડાતડ સંવાદ-નિયોજન. જો ચાર માટીકા અને આઠ નારીરત્નોએ મળી જમાવી છે તે! પેટ પકડીને હસ્યા જાઓ. નાટકમાં પોલીસ છે, પ્રેક્ષકમાં યે પોલીસ બેઠી છે, એ પણ રંગત જોઈજોઈ હસે છે. (ચાલુ)

૪૫૯ ('કુમાર' અંક ૪૭૯)

આકર્ષક વૃક્ષો

કાકાસાહેબ કાલેલકર




છેક નાનપણમાં એક વાર રાજા રવિવર્માનું વિશ્વામિત્ર-મેનકા નામનું ચિત્ર જોવા અમે ગએલા. તે વખતે રવિવર્માની પહેલવહેલી બોલબાલા હતી. ચિત્ર જોઈને અમે ખુશ થયા. ઐન્દ્રની અપ્સરા મેનકા પોતાના બાળક શકુન્તલાને પોતાના હાથમાં લઈ વિશ્વામિત્રને બતાવે છે. તપસ્યાથી કસાએલું શરીર લઈને વિશ્વામિત્ર ઊભા છે. તપોભંગના ફલસ્વરૂપ બાળક તરફ જોવાની એ હિંમત કરતા નથી, એવું એ ચિત્ર હતું.

ચિત્ર મઝાનું લાગ્યું. એની પાછળના માનવી ભાવો સમજવાની એ ઉમર ન હતી. પણ, કોણ જાણે ક્યાંથી, વિશ્વામિત્રના પગ અને હાથ જોઈ મને વળાંકવાળા થડને કારણે શોભતા વડના ઝાડનું સ્મરણ થયું.

ત્યાર પછી જ્યારેજ્યારે રસ્તાની બે બાજુ વડનાં કે એવાં જ બીજાં મોટાં ઝાડનાં થડ અને શાખાઓ જોઉં ત્યારે મને ઋષિમુનિઓના હાથપગ જ યાદ આવે છે. કોક ઠેકાણે પગની સાથળ દેખાય, કોક ઠેકાણે બે હાથના પુષ્ટ દંડ એકબીજાને વીંટેલા દેખાય, કોક કોક વાર વૃક્ષો એકબીજાને બાથમાં લતાં હોય, એવાં ચિત્રો મને સ્પષ્ટ દેખાવા લાગ્યાં. કલ્પનાશક્તિને તે વખતે જે રમત વળગી તે હજી ચાલે છે. દેશમાં બધે, અને પરદેશમાં પણ, ફર્યો છું. એમાં ઝાડોએ મારી કલ્પનાને બતાવેલાં ચિત્રો હજી યે મારા સ્મરણમાં સંઘરેલાં છે. નવરાશ મળે, અને ચિત્રો ચીતરતાં આવડે તો એક મોટી મંજૂષા (આલ્બમ) સહેજે તૈયાર થઈ જાય.

પરિણામે, પ્રથમ તો આકૃતિને કારણે અને પાછળથી આત્મીયતાને લીધે, વનસ્પતિસૃષ્ટિનાં બાળકો મારે માટે કુટુંબી જેવાં થઈ ગયાં છે. કોઈ મૂર્તિકારે કે ચિત્રકારે રજૂ કરેલી સુંદરતા માણવી અને કુદરતે ઉપજાવેલી સુંદરતાની ઉપેક્ષા કરવી, એવી સંકુચિતતા મારી પાસે કોઈ કાળે ન હતી.



ઝાંઝીબારની નાળિયેરી

એક વખત એક મિત્રને ત્યાં આરસપહાણમાં કોતરેલી આંબાનાં પાંદડાંની ડાળ જોઈ. મેં એમાં કુદરતનું અનુકરણ પરિપૂર્ણ થએલું જાયું. મિત્રને મેં પૂછ્યું, 'આવી સુંદર કલાકૃતિ તમે ક્યાંથી લાવ્યા?' એણે હસીને કહ્યું, 'કળાકૃતિ એટલે જો માણસની કૃતિ હોય તો એમ આ નથી. કુદરતની જ બનાવટ છે. પડોશના જંગલમાં એક ઝરણ છે. એમાં પાંદડાં કે લાકડાના કકડા પડી જાય તો ધીમે ધીમે કુદરતી રીતે એ કોહવાઈ જાય છે. એ ઝરણાની ખૂબી એવી છે કે એના પાણીમાં ચૂના જેવા ક્ષાર છે. પાંદડું જેમ જેમ કહોવાતું જાય તેમ તેમ એના પરમાણુનું સ્થાન પાણીમાંના ક્ષારમાંના પરમાણુ લઈ લે છે. આમ મૂળ વસ્તુ અલોપ થાય છે, પણ એને સ્થાને એના જ આકારનાં પાંદડાં વગેરે બની જાય છે. કુદરતે વનસ્પતિને જે આકાર આપ્યો હતો તે જ આકાર અને તે જ રેખાઓ—બધું આબેહૂબ તૈયાર થાય છે. આ જેને તમે આરસપહાણની ડાળ કહો છો, એ આમ કુદરતના ઝરણાએ બનાવેલી છે. હવે એ સેંકડા વરસ સુધી એવી ને એવી જ રહેશે. અંગ્રેજીમાં આને fossil (ફૉસિલ) કહેતા હશે.'

મેં કહ્યું, 'મેં અખરોટ આદિ ફળોનાં ફૉસિલ (અસ્મીભૂત અવશેષો) જાયાં છે. જીવડાંનાં પણ જોયાં છે. પણ આ તમારું પાંદડાંનું ફૉસિલ તો આરસપહાણમાં કાતરેલું હોય તેવું લાગે છે. મેં લાહોરમાં એક જણને ત્યાં અખરોટનાં ફૉસિલ જોયાં હતાં. એમાં મૂળ અખરોટને ઠેકાણે લોઢાંના ફળ આવેલાં હોવાથી એ ફૉસિલ વજનમાં ભારે થયું હતું.'

બિહારમાં પટણાના મ્યુઝિયમમાં લાખો વરસ પહેલાંના એક ઝાડનું ફૉસિલ રાખેલું છે. આકાર ઝાડના થડનો આબેહૂબ, પરંતુ વસ્તુ લાકડાની નહિ પણ એક જાતના ચૂનાની.

મેં વિચાર કર્યો કે ઝાડનાં ફૉસિલ. ઘણાં મળે તો એમાંથી હું તો મૂર્તિ બનાવવા માટે હાથપગ મેળવી લઉં. આંગળાં અને કાન નાક પણ મેળવાય.

એક વાર અમે પૂર્વ આફ્રિકાના કિનારે આવેલો લવંગલતાનો બેટ જોવા ગયા હતા. ત્યાં અમારા મેજબાને અમને મોટરમાં બેસાડી આખો બેટ બતાવ્યો અને કહ્યું, 'ચાલ, હવે તમને એક નાળિયેરનું ઝાડ બતાવીએ.' મેં કહ્યું, 'બે ડાળવાળાં નાળિયેરનાં ઝાડ મેં જોયાં છે.' એમણે અભિમાનપૂર્વક કહ્યું, કે એથી નોખી જ મઝા તમને બતાવવાના છીએ અને ખરેખર, અમે નાળિયેરનું એક અદ્ભુત ઝાડ જોયું. 'ર' કે 'સ' લખતી વખતે જેમ લીટીનો વળાંક ગાંઠ જેવો થાય છે એવો વળાંક

લઈને એ ઝાડ ઊગ્યું હતું. એ કેમ થયું હશે એ હજી મારા ધ્યાનમાં આવતું નથી. ઝાંઝીબારનું નાળિયેરનું એ વૃક્ષ ત્યારથી મારા સ્મરણમાં જીવે છે.

ચિ. બાળ જ્યારે મળવા માટે અમેરિકા ગયો ત્યારે એણે ત્યાંથી એક ઝાડનું ચિત્ર મોકલ્યું હતું. નીચે લખ્યું હતું Dancing nymphs – એટલે કે નૃત્ય કરતી અપ્સરા. એમાં ઝાડની જેટલી ખૂબી હતી એટલી જ ખૂબી અમુક બાજુએથી ફોટો લેવાની હતી. જાણે એક બાળા ફલાંગ મારતી હાથ નચાવતી દોડે છે, એવું એ ચિત્ર હતું.

આપણે ત્યાં આવાં દૃશ્યો જ્યાંત્યાં જડી આવે તેમ છે. પણ એની સુંદરતા નિહાળી એ પકડી પાડવાનું આપણા લોકોને સૂઝતું નથી. આપણે એટલા તો જીવનવિમુખ થયા છીએ કે રસિકતા આપણને અડતી જ નથી. એટલો બધો આનંદ ચોમેર પથરાએલો છે, છતાં આપણે જાણે મડદાની આંખે જોઈએ છીએ.

ગુજરાતમાં નર્મદાના પ્રવાહમાં કબીરવડ છે. એ જો બીજા દેશમાં હોત તો એને સાચવવા માટે સરકારે લાખો રૂપિયા ખરચ્યા હોત; દર વરસે ક્રમે ક્રમે એ બેટ પાણીના પ્રવાહમાં થોડો થોડો તણાઈ જાય છે, એને બચાવવાનો ઈલાજ કર્યો હોત. જેની વડવાઈઓ વચ્ચે અને છાયા તળે લાખ સૈનિકોની ફોજ પડાવ નાખી શકે એવા એ વડની કદર કરવા માટે કોઈ સાધુએ એ થડ પાસે એક નાનકડું દરું બાંધ્યું છે. ગુજરાતના એ અદ્‌ભુત સ્થળની કદર એથી આગળ વધી નથી.

એવું જ એક વડનું ઝાડ કલકત્તા પાસે બોટૅનિકલ ગાડન (વાનસ્પત્યમ્)માં વિસ્તરેલું છે. એનું વચલું થડ કયારનું કહોવાઈને અલોપ થએલું છે. પણ ચારે કોર ફેલાએલી શાખાઓને જાડી જાડી વડવાઈઓમાંથી પોષણ મળે છે. એટલે એ ઝાડનો આકાર વીંટી જેવો ગણાય. વચમાં ખુલ્લું આકાશ દેખાય છે. અને આસપાસ પાંદડાંઓનો વિસ્તાર!

મદ્રાસમાં શ્રીમતી ઍની બીસેન્ટની અડિયારવાળી સંસ્થામાં એવો જ એક મોટો વડ છે, જે સારી હાલતમાં રાખેલો છે. એની છાયામાં ધર્મચર્ચાની મોટીમોટી સભાઓ પણ થાય છે.

ગુજરાતમાં આવાં મોટાંમોટાં ઝાડ મેં અનેક ઠેકાણે જોયાં છે. લોકોમાં રસિકતા હોય તો એ બધાંનું રક્ષણ થવું જોઈએ એમ પણ મને લાગ્યું છે. ત્યારે શું ધાર્મિકતા રસિકતાને મારી જ નાખે છે? ગામડાંના લોકો આવાં ઝાડના રક્ષણ માટે તો કશું કરશે નહિ, પણ એકાદ લોકકથા ઉપજાવી એ ઝાડ ઉપર કોઈ પિશાચ, ભૂત યા બ્રહ્મરાક્ષસને બેસાડી દેશે.

બે વરસ ઉપર ઓરિસ્સામાં જમશેદપુર ફરી વાર જોવા ગયો હતો. ત્યાં બે નદીના સંગમ ઉપર મોટાંમોટાં વૃક્ષોનું એક ઉપવન છે. એમાં એક ઝાડને જમીન પર સાષ્ટાંગ દંડવત્ સૂતું જોઈ મને આશ્ચર્ય થયું. મારા એક કાશ્મીરી સ્નેહીએ એનો ફોટો લઈને મને મોકલ્યો.

આજે આ બધું ચિંતન એટલા માટે જાગ્રત થયું કે છેલ્લે જ્યારે હું વેડછી ગયો ત્યારે મોટરથી પાછા વળતાં રસ્તાની બાજુ પર એક વિચિત્ર ગાંઠવાળું ઝાડ મેં જોયું. એની વાત કરું તે પહેલાં મોટર આગળ નીકળી ગઈ. એ ઝાડની મુલાકાતે પાછા વળીને જવાય એમ હતું નહિ. મેં ચિ. મોહન પરીખને કહ્યું, (અથવા લખ્યું) કે અમુક ગામ પછી અમુક બે માઈલ વચ્ચે, રસ્તાની જમણી બાજુ એક ઝાડ છે, જેના થડને ગાંઠ વળેલી છે. મોહન પરીખની રસિકતા ઉપર મારો વિશ્વાસ હતો તેથી જ એની પાસે મેં ઝાડનો ફોટો મંગાવ્યો. એણે તો મને એકને ઠેકાણે ચાર ફોટો આપ્યા. એક ફોટોમાં તો ચાચાજી ગુરુદયાળ મલ્લિક ઊભા છે. એ પણ એક પુરાણપુરુષ જ છે ને?




શાસ્ત્રમાં કહ્યું છે કે કોઈ સ્વાદિષ્ટ વસ્તુ મળે તો એકલાએ એનો ઉપભોગ ન કરવો. इष्टैः सः भुज्यताम्। તેથી એ ઝાડનો આનંદ માણવા માટે એ ચિત્ર 'કુમાર'ને મોકલું છું.

મને આનંદ અને સંતોષ ત્યારે થાય કે ગુજરાતના રસિક લોકો ધ્યાનમાં સંઘરવા લાયક જાતજાતનાં ઝાડ એકત્ર કરી એની મંજૂષા બનાવે. કોઈ સારી વસ્તુની કદર લોકો કરે છે તો પણ વાર બહુ લગાડે છે. દાખલા તરીકે દસ પંદર વરસ પહેલાં મેં સૂચના કરી હતી કે સરખેજ અને મણિનગરને જોડતી એક રેલવે બનાવીને અમદાવાદને ફરતી એક સરક્યુલર રેલવે બનાવવી જોઈએ. એથી અમદાવાદની ભીડ ઓછી થશે અને એ શહેર હિન્દુસ્તાનમાં સૌથી મોટું થશે. એ કલ્પના તે વખતે છપાઈ પણ હતી. પણ છેક હમણાં જ એને વિષે જવાબદાર લોકો વિચાર કરવા લાગ્યા છે.

કલાવાર્તા

શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલીનો બહુમાન-સમારંભ



તારકાસુરનો વધ કરતા નટરાજ શિવની દક્ષિણભારતની કાંસ્ય પ્રતિમા

ભારતીય કલાના એક પ્રખર વિવેચક અને પુરસ્કર્તા તરીકે શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલીની આજન્મ સેવાઓ અતિ વિસ્તૃત છે. ભારતીય કલા પર એશિયામાં શ્રેષ્ઠ ગણાએલું 'રૂપમ્' ત્રૈમાસિક તેમની નિષ્ઠા અને સાધનાનું અપૂર્વ સ્મારક છે. તેમના લેખોથી કૈંક વિદ્યાર્થીઓ, કલાકારો અને વિદ્વાનો ભારતીય કલાનાં મૂળભૂત તત્ત્વો પર પ્રકાશ મેળવી શક્યા છે. કળાના પ્રત્યેક અંગ પર તેઓ એક પ્રમાણભૂત વ્યક્તિ ગણાયા છે અને આજે અગ્રિમ કલાવિજ્ઞાતાનું પદ ધરાવે છે.

એવા શ્રી ગાંગુલીજીના બહુમાનનો એક સમારંભ ગયા જુલાઇ (૧૯૬૩)માં દિલ્હીની લલિતકલા અકાદમી તથા કલકત્તાની ફાઈન આર્ટ સોસાએટી તરફથી યોજાયો હતો. ત્યારે ભારત સરકારના વૈજ્ઞાનિક સંશોધન અને સંસ્કારક્ષેત્રના પ્રધાન શ્રી હુમાયૂં કબીર અને કલકત્તાની ફાઈન આર્ટ સોસાએટીના પ્રમુખ શ્રી રણુ મુખર્જીની હાજરીમાં બંગાળનાં રાજ્યપાલિકા શ્રીમતી પદ્મજા નાયડુના હાથે લલિતકલા અકાદમી તરફથી તેમને તામ્રપત્ર અંગવસ્ત્ર અને રૂ. ૫૦૦૦)ની થેલી ભેટ કરવામાં આવી હતી, તથા લલિતકલા અકાદમીના માનાર્હ સભ્યનું પદ તેમને આપવામાં આવ્યું હતું.

તેમની પ્રશસ્તિ કરતાં શ્રી હુમાયૂં કબીરે જણાવ્યું કે સામાન્યરીતે આવી વ્યક્તિઓની રાજ્ય તરફથી કદર બહુ ઓછી થાય છે. આજે તેમનું ૮૩મું વર્ષ પૂર્ણ થતાં પહેલાં પણ એ કદર



શ્રી ગાંગુલીને માનોપહાર અર્પણ કરતાં પશ્ચિમ બંગાળના રાજ્યપાલ પદ્મજા નાયડુ

થઇ તેથી તેમણે પોતાના કલાગ્રંથો, લેખો અને વિવેચનો દ્વારા કરાવેલા ભારતીય સૌંદર્યના ભક્તોને આનંદ થાય એ સહજ છે. વર્ષોની બીમારી, પરિશ્રમ અને વાર્ધક્ય છતાં આ વિષયમાં તેમની જાગૃતિ કે સ્ફૂર્તિ મંદ પડયાં નથી. અનેક રોકાણો અને નવી યોજનાઓમાં રત છતાં તેઓ પોતાનાં પ્રકાશનોમાં સુધારાવધારા કરતા જ રહ્યા છે. 'ભારતીય સાહિત્ય અને કલામાં દશ્યાલેખન' (Land scape in Indian Literature & Art) એ તેમનો નવો ગ્રંથ છે.

પોતાને મળેલા ઉપહારને નમન કરીને કલાપ્રાધ્યાપક શ્રી ગાંગુલીએ પોતા પ્રત્યે દર્શાવેલાં શ્રદ્ધા ને સમ્માન તે ભારતીય કલાશિલ્પનાં છે એમ જણાવીને શ્રી હુમાયૂં કબીરને સંબોધી કહ્યું કે 'ભારતીય યુનિવર્સિટીઓમાં તો ભારતીય કલાનો અભ્યાસ ગંભીરપણે થાય એવો આગ્રહ રાખવો જોઇએ. ભારતના પ્રત્યેક માનવીનો જન્મજાત ધર્મ છે કે ભારતીય કલાનો ગહન સંદેશ જગતને યોગ્યરીતે પહોંચાડવો. અતિ દુઃખપ્રદ વાત છે કે ભારતના અપ્રતિમ વારસાના અભ્યાસમાં બહુ જૂજ વિદ્વાનો રસ દાખવે છે. અને ભારતીય વિદ્યાપીઠોમાંથી ભારતીય કલાના સૌંદર્યતત્ત્વ તથા દૈવી અંશોનું રસપાન કરાવનારા બહાર પડયા નથી.'

ઘણા લાંબા કાળથી વિસારે પડેલી આ દેશની કલાસમૃદ્ધિ પર સૌપ્રથમ ઇ.બી. હૅવેલ નામના અંગ્રેજ કલાચાર્યે પ્રકાશ નાખ્યો અને એ હૅવેલના સંશોધન ઉપરથી ડૉ. આનન્દ કુમારસ્વામીએ પ્રાચીન ગ્રંથો તથા વેદોનો આધાર લઈ ભારતીય કલાનો મર્મ પ્રકટ કર્યો એમ જણાવી શ્રી ગાંગુલીએ એ નવવિધાનના પુરસ્કર્તા અવનીન્દ્રનાથ અને ગગનેન્દ્રનાથ ઠાકુર બંધુઓને, તથા લૉર્ડ રોનાલ્ડશે, લૉર્ડ કિચનર, લૉર્ડ કર્ઝન વગેરેએ આપેલાં પ્રોત્સાહન તથા સર જૉન વૂડરૉફ, પર્સી બ્રાઉન વગેરે-



અભિસારિકા નાયિકા

નાં લેખનકાર્યને પણ અંજલિ આપી હતી.

આજે પણ કલાકારોને જ્યારે તેઓ યુરોપીય કલાના ઉપરચોટિયા પ્રકારો અપનાવતા અને ભારતીય તત્ત્વોને અવગણતા જુએ છે ત્યારે તેની સખત ટકોર કરે છે, ને પરદેશની ઉછીની વસ્તુઓના મોહથી વ્યાપ્ત આજની અરાજક પરિસ્થિતિમાં ફરી પ્રાચીન પ્રણાલિઓનો ઊંડો અભ્યાસ કરવા સૂચવે છે.

શ્રી ગાંગુલી પોતે એક કાળે ઉચ્ચ કોટિના ચિત્રકાર હતા અને ઘણાં પ્રદર્શનોમાં પારિતોષિકો મેળવવા ઉપરાંત એક સફળ સૉલિસિટર તરીકે પ્રસિદ્ધ થયા હતા. ભારતીય કલાના ઝીણવટ અને ચોકસાઈપૂર્વકના અભ્યાસ પાછળ તેમણે જીવન દરમ્યાન સતત પોતાની વૅકેશનો અને લાંબી રજાઓનો ભોગ આપીને સખત પરિશ્રમ કર્યો છે. ધંધામાંથી નિવૃત્ત થતાં કલકત્તા યુનિવર્સિટીના 'વાગીશ્વરી કલા-પ્રાધ્યાપક'પદે તે નિયુક્ત થયા હતા. આવી સફળ જીવનયાત્રામાંથી કલાસાધનાનો મોંઘો પ્રસાદ ભારતને અર્પનાર એ કલ્યાણકામી સત્પુરુષને આપણાં વંદન હો. કલાભ્યાસના વિદ્યાર્થીઓ માટે એમણે લખેલું 'શિલ્પપરિચય'નું પુસ્તક ગુજરાતને મળેલી એમની પ્રસાદી છે. -ર.મ.રા.

એડિનબરઅ મહોત્સવ

બ્રિટનમાં સ્કૉટલંડના પાટનગર એડિનબરઅ ખાતે ઊજવાતા સંગીત, નૃત્ય તથા દૃશ્ય કળાઓના આ વર્ષે, ગઈ તા. ૮મી ઑગસ્ટે શરૂ થએલા મહોત્સવમાં ભારતના રવિશંકર, અલીઅકબરખાં, બાલાસરસ્વતી આદિએ ત્યાંના કલાગ્રાહકોની જે મનભર પ્રશંસા મેળવી છે તેનો અહેવાલ હવે પછી આપીશું. એ પ્રસંગે ત્યાં સંગીત સાથે સમરસ કરી ભારતીય ચિત્ર-શિલ્પ કળાનું પ્રદર્શન પણ યોજાએલું.

છ નાના ખંડોમાં છ વિવિધ રાગોનું અવિરત સંગીત ચાલુ રાખીને તેમાં તે તે રાગનો ભાવ આલેખાતા કાવ્ય સાથેની ચિત્રકૃતિ મૂકી હતી. એ પછી મધ્યયુગના મંદિરસ્થાપત્યની કેટલીક મૂર્તિઓ, અજંટાનાં ગુફાચિત્રોની કેટલીક પ્રતિકૃતિઓ તથા ભારતીય સંગીતનાં વિવિધ વાદ્યો પ્રદર્શિત થયાં હતાં. એમાંથી એક ચિત્ર, એક શિલ્પ તથા પૂર્વનાં સુષિર-વાદ્યોના સમૂહનો ફોટોગ્રાફ આ સાથે આપ્યાં છે.

આસમાની અસવાર

ગયા માસમાં અમદાવાદના મ્યુનિસિપલ કૉર્પોરેશનના સંસ્કારકેન્દ્ર (મ્યૂઝિયમ)ના ઉપક્રમથી ત્રણ નોંધપાત્ર પ્રદર્શનો ત્યાં યોજાયાં હતાં, જે દ્વારા યુરોપના આધુનિક કલાપ્રવાહોનો સીધો સંપર્ક પામી શકાયો. એ પૈકી પહેલું પ્રદર્શન પશ્ચિમ જર્મનીના એલચીખાતા તરફથી ત્યાંના 'બ્લ્યૂ રાઈડર' નામક કલામંડળની કૃતિઓનું હતું.

યુરોપની આધુનિક કલાનો ઊગમ આ સદીના લગભગ પહેલા દાયકામાં મુખ્યત્વે બે કેન્દ્રોમાં નખાયો હતો : ફ્રાન્સમાં પારી(સ) ખાતે, ને જર્મનીમાં મ્યુનિકમાં. પારી(સ)માં બ્રાક અને પિકાસો જેવા ક્યૂબિઝમ(ખૂણિયા આલેખનશૈલી) તથા તેનાં વિવિધ સ્વરૂપો જન્માવી પોતાના આંતરિક આવેગને વ્યક્ત કરી રહ્યા હતા; તો મ્યૂનિક 'ઍબ્સ્ટ્રૅક્ટ' કલા (કેવળ ભાવનિદર્શક અમૂર્ત કલા, ચોક્કસરૂપાકૃતિઓ વગરની માત્ર રંગાકારોની કલા)ના પ્રયોગોનું ધામ બન્યું હતું, અને તેમનો આગેવાન વૅસિલી કૅન્ડિન્સ્કી હતો.

કૅન્ડિન્સ્કીએ કહ્યું છે કે 'પ્રત્યેક કળા પોતાના યુગનું ફરજંદ છે. જો યુગ ભૌતિકતાવાદી હોય, માણસો જીવનનાં શાશ્વત અંગોથી વિમુખ, ઉપરચોટિયું અને સ્વાર્થી જીવન જીવતા હોય તો કળા પણ ભૌતિકતાવાદી અને છીછરી બને.' એ કહે છે કે એમની કલા પોતાની અંદરના આવેગ અને આધ્યાત્મિક દર્શનને કલ્પનાશક્તિ વડે રંગ અને રેખા દ્વારા ફલક પર ઉતારે છે.

એ પછી ૧૯૦૯માં મ્યૂનિકમાં એ ફ્રેન્ચ અને જર્મન કલાકારોએ સાથે મળી 'ન્યૂ આર્ટિસ્ટ્સ ફેડરેશન' નામની સંસ્થા સ્થાપીને તેનું આંતરદેશીય પ્રદર્શન ભર્યું. પણ પાછળથી સંસ્થાની નીતિ અંગે ભેદ પડતાં ઈ. ૧૯૧૧માં કૅન્ડીન્સ્કી તથા ફ્રાન્ઝ માર્ક મળી Blue Rider (જર્મન ભાષામાં Blaue Reiter)— 'આસમાની અસવાર' મંડળની સ્થાપના કરી. એમનાં થોડાં ચિત્રો આ સાથે આપ્યાં છે.


તે પછી ભરાએલું બીજું પ્રદર્શન પૂર્વ જર્મનીની મુદ્રણક્ષમ કલાઓ (લીથોગ્રાફ, એચિંગ





'આસમાની અસવાર'મંડળની ત્રણ કૃતિ : મથાળે : કલાકાર ફ્રાન્ઝ માર્ક કૃત 'ઘોડો' તથા 'વાઘ'; નીચે : કલાકાર ઑગસ્ટ માર્ક કૃત 'ઉપવન માર્ગમાં પ્રણયીઓ.'






'એડિનબરઅ મહોત્સવ' પ્રસંગે પ્રદર્શિત થએલાં, લંડનના 'વિક્ટોરિયા-આલ્બર્ટ મ્યૂઝિયમ'માંનાં પૂર્વના દેશોનાં કેટલાંક સુષિર-વાદ્યો
૧) નફીરી, એક જાતની તાંબાની ભૂંગળ; ૨) ઓરિસ્સાની લગભગ પોણા ચાર ફૂટ લાંબી કાષ્ઠના મુખવાળી પિત્તળની વેણુ; ૩) મદ્રાસ તરફનું બે ફૂટથી યે લાંબું પિત્તળનું 'પચમ અટ્ટુ'; ૪) ઈ. ૧૮૫૦ની આસપાસનું લગભગ અગિયારેક ઇંચ લાંબું કાષ્ઠનું શરણાઇ જેવું દેખાતું વાદ્ય; ૫) શરણાઈ જેવા આકારનું બ્રહ્મદેશનું 'શાન્યે'; ૬) પાણીહમા ઓટ્ટુ અને ૭) તિમિરી ઓટ્ટુ–દક્ષિણ ભારતનાં શરણાઇ જેવાં બે વાદ્યો; ૮) હનુમન્તુ અટ્ટુ: કઠણ કાષ્ઠની નળી પર કોરેલા નાગના શોભનવાળું પિત્તળનું મોં બેસાડેલું, અને અમુક ભાગે ચામડે મઢેલું, મદ્રાસ તરફનું માત્ર એક જ વેહવાળું બેએક ફૂટ લાંબું વાદ્ય; ૯) કોઈમ્બતૂર તરફની એક પ્રકારની ભૂંગળ 'નાગસૂરમ'; ૧૦) ધાતુની અને ૧૧) બંગાળ તરફની કાષ્ઠની શરણાઇઓ; ૧૨) પિત્તળના મુખવાળી બ્રહ્મદેશની કાષ્ઠની એક પ્રકારની શરણાઈ; ૧૩) કાનલીન: માણસની જાંઘના હાડકાનું બનેલું આ વાદ્ય એક છેડે ચામડાથી ને બીજે છેડે પિત્તળની ખોભળીથી મઢેલું હોય છે. અને માત્ર લામાઓના ધાર્મિક વિધિ વખતે જ વપરાય છે. ભૂટિયા લોકો એને બહુ પવિત્ર વાદ્ય ગણે છે. ૧૪) પાવાની જોડ જેવી ઓરિસ્સાની 'શનાઈ'; ૧૫) તુંબડીમાં બે બાજુ ભૂંગળીઓ બેસાડીને બનાવેલી વાદીની મોરલી–'પુંજી'; ૧૬) ઔંધ તરફની ઘેટાં-બકરાંનાં શીંગડાંની બનાવેલી 'શિગી'; ૧૭) ધાતુની બંસરી; ૧૮, ૧૯ અને ૨૦ બરૂ અને વાંસના પાવા; ૨૧) મુંબાઇ તરફની કાષ્ઠની બંસરી; ૨૨) વાંસની વાંસળી; ૨૩) પાવા; ૨૪) તુંબડામાં બરૂની નળીઓ બેસાડી બનાવેલું ચીની ઢબનું 'ચૅંગ', જે બ્રહ્મદેશ ને સિયામ તરફ વપરાય છે; અને ૨૫) લાઓસ અને સિયામ તરફનું બરૂની નાનીમોટી ભૂંગળીઓ બાંધી બનાવેલું પાવા જેવું 'કેન'.


વગેરે દ્વારા કરેલી) કૃતિઓનું હતું, જેનું નિરૂપણ 'ઍબ્સ્ટ્રેક્ટ' ન હોવા છતાં તેમાં આંતરિક આવેગના, કે જનસામાન્યને પણ સ્પર્શવાની તેની શક્તિની કશી કમીના ન હતી.

ત્રીજું પ્રદર્શન જર્મનીના કલાકાર-કસબીઓના બાઉહાઉઝ Bauhaus નામક એક મંડળે વિવિધ ક્ષેત્રોમાં અગ્રચારી બનીને કરેલાં નવાં પ્રયાણોનો પરિચય આપતા ફોટોગ્રાફોનું હતું. તે વિષે હવે પછી.





મથાળે: પાછળ જેનો ઉલ્લેખ આવી ગયો તે 'આસમાની અસવાર'મંડળના કલાકાર ફ્રાન્સ માર્કનું ચિત્ર 'હરિણ'; ડાબી બાજુ એ જ પાના પર ઉલ્લેખેલી પૂર્વ જર્મનીની મુદ્રણક્ષમ કલાના પ્રદર્શનમાંથી હર્બર્ટ ટુશોલ્સ્કીના વૂડકટનો એક નમૂનો: 'હોડીઓ';



નીચે: હેમ્બર્ગમાં નૉર્થ જર્મન બ્રોડકાસ્ટિંગ કૉર્પોરેશનના અત્યાધુનિક ટેલિવિઝન કેન્દ્રના નવા મકાનનું મૉડેલ. પાંચેક કરોડ ડૉઈશ માર્કને ખર્ચે એ ત્રણેક વર્ષમાં તૈયાર થઈ જશે.

ભારતની આગામી ટિકિટો



આ વર્ષે બાલદિન નિમિત્તે નવી બહાર પડેલી ૧૫ ન. પૈ.ની ટપાલટિકિટ

'કૉમર્શિયલ આર્ટ'ને ચિત્રકળામાં એના લલિત અંગથી કદાચ ઊતરતા દરજ્જાની ગણવામાં આવે છે, પણ આજે એ શાખામાં કલાકારો જે ચમત્કૃતિ દર્શાવતા રહે છે એને મામૂલી ગણી કાઢવી વાજબી નથી. એ ક્ષેત્રમાં પોસ્ટરોનું સ્થાન ઊંચું છે, અને ટપાલટિકિટો એ જાણે ટચૂકડાં પોસ્ટરો જ છે. દેશના ગૌરવન સુંદર સંયોજન, સંજ્ઞાત્મક આલેખનો અને મનોહર રંગવૈવિધ્યથી રજૂ કરતી આ ટિકિટો સંસ્કૃતિની સંદેશવાહકો બને છે.

સ્વાતંત્ર્ય પછી ભારતે પણ પ્રસંગોપાત્ત ખાસ ટિકિટો બહાર પાડી છે. આ ટિકિટો એકસાથે મૂકી જોતાં જણાશે કે છેલ્લે છેલ્લે બહાર પડેલી નવી ટિકિટોમાં બહુ જ ઓછી નવીનતા છે. બહુરંગી છપાઇ માટેની ખાસ યંત્રસામગ્રીની ખોટ એ કદાચ એનું કારણ હોઈ શકે, છતાં એકરંગી છપાઈમાં પણ ઘણી વિવિધતા આણી શકાત.

હમણાં જ ખબર આવ્યા છે કે ભારતની વિકાસયોજનાઓ નિરૂપતી, વધુ નિકાસ કરવા પ્રેરતી તથા પરદેશી પ્રવાસીઓને ભારત આવવા પ્રેરે એવાં સ્થાનો નિર્દેશતી નવી ટપાલટિકિટોની હારમાળા બહાર પાડવાનું વિચારાય છે. ચાલુ 'નકશા-છાપ' ટિકિટોને બદલે આવનારી આ નવી ટિકિટોનો ઉદ્દેશ બરાબર સરે એ માટે એનાં ડિઝાઈન કલામય અને અસરકારક હોવાં જરૂરી છે. ચા, કૉફી, કાજુ ને શણ જેવા ભારતના રોકડિયા પાક વિષેનાં તથા અહીંનાં કેટલાંક આકર્ષક સ્થાપત્યોનાં ચિત્રો વિષે પણ સૂચનો થયાં છે. કદાચ આવતે વર્ષે એમાંની પહેલી ટિકિટો બહાર પડશે. આ માટે બહુરંગી છપાઈની ખાસ સામગ્રી મંગાવવાનું પણ વિચારાઈ રહ્યું છે.

આવતા જાન્યુઆરીની ૧૩મી તારીખે સુભાષચંદ્ર બોઝ, ફેબ્રુઆરીની ૧૩મીએ સરોજિની નાયડુ, માર્ચની ૧૮મીએ ડૉ. ડબલ્યુ. એમ. હાફકીન અને ૨૨મી મેએ રાજા રામમોહનરાયને સ્મરણાંકિત કરતી ટિકિટો પણ બહાર પડશે. આ ઉપરાંત, જાન્યુઆરીમાં ૨૬મી આંતરરાષ્ટ્રીય પૌરસ્ત્યવિદ્યાવિશારદોની પરિષદ નિમિત્ત તથા બાળદિન નિમિત્ત પણ ખાસ ટિકિટો બહાર પડશે. સંયુક્ત રાષ્ટ્રોની જનરલ ઍસેમ્બલીએ નક્કી કર્યા મુજબ ઇ.સ. ૧૯૬૫માં 'આંતરરાષ્ટ્રીય સહયોગ વર્ષ' ઊજવવા નિમિત્તે તથા લાલા લજપતરાયને સ્મરણાંકિત કરતી ટિકિટો માટે પણ વિચારાય છે. તાનસેન અને ૧૬મી સદીના કર્ણાટકી સંગીત વિશારદ પુરંદરદાસ માટેની ટિકિટો ઉપરાંત અન્ય અનેક વ્યક્તિવિશેષો વિષે પણ સૂચનો થયાં છે.

રૂમાનિયાની ટિકિટો

પ્રચારના સંદેશ અને આલેખનોની વિવિધતા માટે સામ્યવાદી દેશોની ટિકિટો જાણીતી છે. રૂમાનિયા પણ એ માટે જાણીતો દેશ છે. સામે એની કેટલીક વિવિધ ટિકિટો આપી છે. એમાં પહેલી બે હારની આઠે ટિકિટો રશિયન અવકાશયાનોની પ્રગતિ રજૂ કરે છે. પહેલી ત્રણ ટિકિટ એક જ કાગળ પર સાથે છપાએલી છે, જેમાં પહેલી પર માણસે અવકાશમાં મોકલેલા પ્રથમ કૃત્રિમ ચંદ્ર સ્પુટનિકનું ચિત્રણ છે. વચ્ચેની ટિકિટ પર એ પ્રસંગની તારીખો અને ત્રીજી પર એનો ભ્રમણ માર્ગ બતાવ્યો છે. ચોથી ટિકિટ લ્યુનિક ત્રીજાએ લીધેલી ચંદ્રની બીજી બાજુની છબી બતાવે છે, બીજી હારમાં પહેલી ટિકિટ પર સૂર્યની પ્રદક્ષિણા એ મોકલેલ રશિયન ઉપગ્રહ, બીજીમાં અવકાશમાં જઈ આવનાર લાઈકા ને એનું યાન, ત્રીજીમાં એ જ રીતે ઊડેલાં બીજાં બે પ્રાણીઓ ને ચોથી પર લ્યુનિક ત્રીજાનો ભ્રમણમાર્ગ દર્શાવેલાં છે.

ત્રીજી હારમાં પહેલી બે ટિકિટ પર રૂમાનિયાના બે પાકનું નિદર્શન છે. ત્રીજી પર શાક, ચોથીમાં રમતગમતો સાથે સંકળાએલી વૈદ્યકીય કાર્યવાહીની ૨૫મી જયંતી વિષેનું લાક્ષણિક આલેખન ને પાંચમી પર એક ફૂલછોડ છે.

પાંચમી હારમાં પટ્ટાબાજી, નિશાનબાજી, આઈસ હૉકી અને સાવરોધ ઘોડદોડની મર્દાનગીભરી રમતોનાં આલેખનો છે.

છેલ્લી હારમાં પ્રથમ બાબિલ્નાની પાંચસોમી જયંતીની છે. બીજી ગતિના પ્રતીક તરીકે હરણના ચિત્રણવાળી રમતગમતની ચૅમ્પીઅનશિપ મેળવ્યાની ટિકિટ, ત્રીજી સહકારી ખેતીની ૧૦મી જયંતીની ને છેલ્લી ત્યાંના પક્ષીવિશેષનાં આલેખનવાળી ટિકિટ છે. (ટિકિટો મોકલનાર: અજિતકુમાર સંઘવી)



R.P. ROMINA
POSTA 1,60 LEI AERIANA
4 OCTOMBRIE 1957
3 NOIEMBRIE 1957
LANSAREA SATELITILOR
ARTIFICIALI AI PAMINTULUI
O MARE VICTORIE A STIINTEI
SI TEHNICII UNIVERSALE
LAIKA
POSTA R.P.ROMINA
1,55 LEI
POSTA 55 BANI
POSTA 50 BANI
25 ANI DE ACTIVITATE
MEDICO
SPORTIVA
R.P.ROMINA
POSTA
CONFERINTA TELECOMUNICATIILOR
MOSCOVA 3-17 DEC. 1957
CRITERIUL MONDIAL AL TINERETULUI
BUCURESTI 1958
40 BANI
1 LEU
1437
1957
BOBILNA
POSTA 55
5 LEI POSTA R.P.ROMINA



નવા વર્ષનાં અભિનંદન-પત્રો 'કુમાર'ના ગ્રાહકો તરફથી દર વર્ષે મળતાં રહેતાં અભિનંદનપત્રોમાં કેટલાકો ઉમંગ અને આગ્રહથી પોતાને હાથે કરેલી કૃતિઓ મોકલે છે. આ વખતની એવી કૃતિઓમાંની કેટલીક કલાદૃષ્ટિએ ચૂંટીને ઉપર આપીએ છીએ. મથાળેથી : ડાબી બાજુના, પ્રદ્યુમ્ન તન્ના, સુનીલ કોઠારી અને નવનીત પારેખે અલમોડાથી મોકલેલા કાર્ડમાં, શ્રી તન્નાએ આલેખેલી વૃક્ષડાળમાં વિલોલ સૌંદર્ય છે. એની બાજુનું કાર્ડ સોનગઢથી પવનકુમાર જૈને મોકલ્યું છે. વડોદરાના એમના મિત્ર સુરેશચંદ્રે આલેખેલા એ કાર્ડમાં એક કરતાં અનેક માનવચહેરા અને એકથી વધુ પક્ષીઓ નિપજાવતી આલેખનાના મૉડર્ન વૈશિષ્ટ્યથી પ્રેરાઇ એમણે એ મોકલ્યું છે. વચ્ચેની ડાબી બાજુની કૃતિ દેવજીભાઇ વાજાની છે અને તે પછી શુકનની પ્રતીક માછલીઓનું આલેખન હિંમત ખાટસુરિયાની કૃતિ છે. નીચેનું ડાબી બાજુનું કાર્ડ કલોલના ભાઇ ચંદ્રકાન્ત પંચાલે રંગીન કાગળોમાંથી આકારો કાપી કર્યું છે. વચ્ચેની વિનોદ શાહની કૃતિના મૉડર્ન શૈલીના નિયોજનમાં એમણે રંગીન પતંગિયા કાગળવડે રંગની એક આભા મૂકી છે. છેલ્લું કાર્ડ કલાકાર હકુ શાહનું છે.

શબ્દકથા : ચૌટું, ચોવટ, ચકલો

'ચોક', 'ચોરો', 'ચાચર', એ શબ્દોમાં ચાર રસ્તા મળવાની જગ્યા, બેસવાની જાહેર જગ્યા કે સ્થાનક માટેના બધા શબ્દો નથી આવી જતા. હજી બીજા ત્રણચાર શબ્દો આપણે લાં છે.

'ચોરે ને ચૌટે' એવો પ્રયોગ 'વાટે ને ઘાટે'ની જેમ જાણીતો છે. આ 'ચૌટું' એ ઉપરના ત્રણનો જ ભેરુ છે. સંસ્કૃત 'હટ્ટ'નો એક અર્થ બજાર-હાટની ઓળ. આવી ચાર ઓળો જ્યાં મળે તે જગ્યા કહેવાય 'ચતુર્હટ્ટ' કે 'ચઉહટ્ટ'. એ ઉપરથી આપણું 'ચૌટું' આવ્યો. હિન્દી 'ચૌહટ્ટા'-માં એ હકાર હજી જળવાઈ રહ્યો છે.

જોડણીકોશ 'ચૌટું'ને 'ચતુર્વર્ત્મ' સાથે જોડવાનું સાશંક સૂચન કરે છે. 'ચતુર્વર્ત્મ'=ચાર રસ્તા મળે તે, ચતુષ્પથ. પણ તેના ઉપરથી 'ચૌટું' નહિ, પણ 'ચઉવટ્ટ' દ્વારા 'ચોવટ' શબ્દ આપણને મળ્યો છે. ચાર રસ્તા મળે ત્યાં જ ચોવટિયા ભેગા મળી, ઊભા રહીને નિરાંતે ચોવટ કરે છે ને!

છેલ્લે 'ચૌટે ને ચકલે'માં 'ચકલો' મૂળ તો ચક્રાકાર-ગોળાકાર ખુલ્લો વિસ્તાર (મહોલ્લા વચ્ચેનો કે નાકેનો) સૂચવતો હોય.

હરિવલ્લભ ભાયાણી

સાહિત્યસંપર્ક

નવાં પ્રકાશનો

વોરા ઍન્ડ કંપનીનાં

(કાલબાદેવી રોડ મુંબાઇ-૨)

રવીન્દ્રજીવન-માનસ: મહારાષ્ટ્રરાજ્યે રવીન્દ્રનાથ ટાગોર જન્મશતાબ્દી પ્રસંગે નીમેલી માધ્યમિક શાળાસમિતિનું આ પ્રકાશન ગુરુદેવની કૃતિઓમાંથી ચૂંટેલી કેટલીક વાનગીઓ દ્વારા એમનું વિવિધ રૂપે દર્શન કરાવે છે; સંપાદક : ગ. લ. ચન્દાવરકર; રૂ. ૨. **ધર્મપુત્ર :** જેના પરથી એ નામની હિન્દી ફિલ્મ બની છે એ, આચાર્ય ચતુરસેન શાસ્ત્રીની મનના માર્ગે જવા મથતાં, સમાજે સંતાપેલાં સરળ માનવીઓની કથની કહેતી નવલકથાનો અનુવાદ; કરનાર : પ્રભાતસિહ ઇનામદાર; રૂ. ૩-૫૦. **બાંધવ માડીજાયા:** ચંદ્રવદન શુક્લની એક અનોખી નવલકથા; રૂ. ૭. **આંકડાની રમૂજ :** બુદ્ધિને કસીને જ્ઞાન સાથે ગમ્મત આપતા, મૂળ રશિયન ભાષામાં લોકપ્રિય થએલા આ પુસ્તકનો અંગ્રેજી ઉપરથી અનુવાદ; ગણિતગમ્મતનું આ પુસ્તક મોટાંનાનાં સૌને ગમે તેવું છે; અનુવાદક : વી. કે. શાહ; રૂ ૨-૨૫. દક્ષિણ ધ્રુવના એક મહાન સંશોધક **ઍડમિરલ બાયર્ડ**ના પ્રેરક જીવનચરિત્રના આલ્ફ્રેડ સ્ટાઇનબર્ગના પુસ્તકનો વિજયગુપ્ત મૌર્યે કરેલો અનુવાદ; રૂ. ૨. **અમેરિકન પ્રમુખપદ**–એની ફરજો, જવાબદારી અને સત્તાનો ખયાલ આપતું પુસ્તક; મૂળ ક્લિન્ટન રોઝીટરના અંગ્રેજી પરથી નગીનદાસ સંઘવીએ કરેલો અનુવાદ; રૂ. ૫. **જૉહન કૅનેડી:** જેમ્સ મૅકગ્રેગર બર્ન્સે લખેલા અમેરિકાના આજના ખ્યાતનામ રાષ્ટ્રપ્રમુખની કારકિર્દીના રસિક વૃત્તાંતનો અનુવાદ; કરનાર : પ્રફુલ્લ ઠાકોર; રૂ. ૨. અમેરિકાના માજી પ્રમુખ રૂઝવેલ્ટનાં પત્ની **એલીનોર રૂઝવેલ્ટ**ની જીવનકથાના મૂળ આલ્ફ્રેડ સ્ટાઈનબર્ગના અંગ્રેજી ઉપરથી ચન્દ્રવદન શુક્લે કરેલો અનુવાદ; રૂ. ૨. **વીજળીનો જાદુગર:** વિદ્યુત્‌શક્તિના એક સંશોધક ચાલ્સ સ્ટાઈનમેટ્ઝની મૂળ હેનરી ટૉમસે લખેલી અંગ્રેજી જીવનકથાનો વિજયગુપ્ત મૌર્યે કરેલો અનુવાદ; રૂ. ૧-૭૫. **ચંદનહંસ :** પાનેપાને રંગીન ચિત્રો સાથેની એમ. મુઝુમદારની કલ્પનાકથા રૂ. ૧.

સ્વાતિ પ્રકાશનનાં

(૨૨૬ સૅમ્યુઅલ સ્ટ્રીટ મુંબાઈ-૩)

જોડાસાંકોર ઘારે : અગાઉ 'કુમાર'માં આવેલી. કલાગુરુ અવનીન્દ્રનાથ ઠાકુરનાં જીવનસંસ્મરણો આલેખતી, પ્રેરક ને રોચક, રસભરી આપકથાનું પુસ્તકાકારે સચિત્ર સંસ્કરણ; અનુવાદક રમણિક મેઘાણી; રૂ. ૪-૫૦.

શબ્દકથા : 'કુમાર'ના 'સાહિત્યસંપર્ક' વિભાગના એ નવતર અને આકર્ષણ જમાવી રહેલા અંગમાં આવેલા શબ્દોમાં નવો ઉમેરો કરીને તેના વિદ્વાન લેખક શ્રી હરિવલ્લભ ભાયાણીએ એ જ વિષય લઈ સંપાદિત કરેલા આ સંગ્રહમાં શબ્દોની લીલા, તેની કાયાપલટ, તોડમરોડ, અર્થ વિન્યાસ વગેરેનું રસભર જ્ઞાન આપ્યું છે; કિં. ૩ ૫૦.

હીરની ગાંઠ : મોહમ્મદ માંકડની આકર્ષક કલમની નવી નવલકથા; રૂ. ૬-૭૫.

આકાર : ચંદ્રકાન્ત બક્ષીની એક નવી લાક્ષણિક નવલકથા; રૂ. ૫-૫૦.

પ્રીત ન કરીએ કોઇ : રંભાબેન ગાંધીનું ત્રીજું ત્રિઅંકી નાટક; રૂ. ૨ ૫૦.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયનાં

(ગાંધીમાર્ગ - અમદાવાદ-૧)

રોમિયો-જુલિયેટ એકરસદર્શન: બાલચંદ્ર પરીખની લાક્ષણિક શૈલીની આ મીમાંસા શેક્સપીઅરની એ જગવિખ્યાત કૃતિનો મનભર પરિચય કરાવે છે; રૂ. ૭.

અરુણનું અદ્‌ભુત : સ્વપ્ન ૧૭ વર્ષ પહેલાં 'કુમાર'માં પ્રકટ થઇને પુસ્તકાકારે બહાર પડેલી, શ્રીમતી હંસાબહેન મહેતા લિખિત સચિત્ર સ્વપ્ન-પ્રવાસ-કથાની બીજી આવૃત્તિ ઇતિહાસ, ભૂગોળ અને સંસ્કારપરિચયની દૃષ્ટિએ દુનિયાના ઘણાખરા દેશોનો પરિચય આપતી એ કથા આજે પણ એટલી જ રોચક અને ઉપયોગી છે; રૂ. ૩-૦. **બકરીબાઈની જે!** 'જયભિખ્ખુ'ની શબ્દસમૃદ્ધ કલમની પાંચ બાલભોગ્ય વાર્તાઓ, રૂ. ૦-૬૦.

ચેતનપ્રકાશનગૃહનાં

(રામજી મંદિરની પોળ રાવપુરા વડોદરા)

ઊગતા સૂર્યની વિદાય અને **લોહછાયા :** અનુક્રમે, રશિયન લેખક લિયોનિદ આન્દ્રેયેવની 'ધ સેવન હૂ વેર હૅંગ્ડ'નો કૃષ્ણવદન જેટલીએ કરેલો, તથા વાન દર પોસ્ટની 'એ બાર ઑવ શૅડો'નો ડૉ. રસિક પંડયાએ કરેલો અનુવાદ. ફાંસીને માંચડે ચડનારાં ક્રાન્તિકારીઓ અને સાધારણ માનવીઓનાં અંતરમાં ડોકિયું કરાવતી બે ટૂંકી નવલકથા; રૂ. ૩ ૨૫. **નમતો સૂરજ** અને **જીજિવિષા** જાપાનના શ્રેષ્ઠ લેખક ઓસામૂ દાઝાઇની બે નવલકથાઓના અનુવાદ; કરનાર : જયંત પારેખ અને અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ; રૂ. ૪. **વળતાં પાણી :** સામાજિક દૂષણો પર ચાબખા મારતી કલમવાળાં સરોજિની મહેતાની ટૂંકી વાર્તાઓનો સંગ્રહ; રૂ. ૪. **ચંબલનાં કોતરોમાં** માનવતાનું ઝરણું: મધ્યપ્રદેશના બહારવટિયાઓએ વિનોબાજીને કરેલું આત્મસમર્પણ આલેખતું કથાનક; લેખિકા: સુભદ્રા ગાંધી; (નવસર્જન પ્રકાશન) રૂ. ૧-૨૫. **ભારત પર ચીની આક્રમણ** વિષેની સમગ્ર ભૂમિકા અને એને અનુષંગી બાબતોની છણાવટ કરતી 'વિશ્વમાનવ' ગ્રંથશ્રેણીની પુસ્તિકા; લેખક : ભોગીલાલ ગાંધી; રૂ. ૧.

નવજીવન પ્રકાશન મંદિરનાં

(નવજીવન પ્રકાશન મંદિર અમદાવાદ)

મારા સ્વપ્નનું ભારત : આ દેશના લગભગ તમામ મહત્ત્વના પ્રશ્નો વિષે ગાંધીજીના મૂળ વિચારો કેવા હતા તે દર્શાવતા, એમના 'યંગ ઇંડિયા' તથા 'હરિજન'માં આવેલા લેખો તથા ભાષણોનું ચયન : ગાંધીવિચારના અભ્યાસીઓ તથા રચનાત્મક કાર્યકર્તાઓને ઘણા ઉપયોગી એ પુસ્તકની બીજી આવૃત્તિ; સંકલન : આર. કે. પ્રભુ; ઉપોદ્‌ઘાત

ભારત-પ્રભાવિત અંગ્રેજ કવિ લૂઈ મૅકનીસ



ભારતની વિચારસરણી, તત્ત્વજ્ઞાન, ને જીવનદૃષ્ટિથી આકર્ષાએલા, ઇ. એમ. ફૉર્સ્ટર જેવા અનેક પશ્ચિમી સાહિત્યકારોમાં તાજેતરના જે **સમર્થ** સર્જકે આ દેશનું મુગ્ધભાવે ગુણદર્શન ગાયું છે એ, નવી પેઢીના અંગ્રેજ કવિ અને નાટકકાર લૂઈ મૅકનીસનું, સપ્ટેમ્બરની ત્રીજી તારીખે ન્યૂમોનિયાથી અવસાન થયું તેની કૃતજ્ઞભાવે નોંધ લેવી જોઇએ.

સહૃદય ને સોહામણો એ સાહિત્યકાર આજથી ૫૫ વર્ષ પહેલાં ઉત્તર આયર્લૅંડની રાજધાની બેલફાસ્ટના એક પાદરીને ત્યાં જન્મેલો. ખેલકૂદનો રસિયો એ વિદ્યાર્થી ઑક્સફર્ડની માર્લબરો ને મર્ટન કૉલેજોમાંથી ડબલફર્સ્ટ સાથે ગ્રીક સાહિત્યનો વિદ્વાન થઈ બહાર પડ્યો ત્યારે ત્રીસીની અગ્રણી કવિચોકડીમાં અતિ તેજસ્વી ને તીખો ગણાતો: બીજા ત્રણ તે ખ્યાતનામ અંગ્રેજ કવિઓ સ્ટીફન સ્પેન્ડર, ડબ્લ્યુ. એચ. ઑડેન અને સી. ડે લ્યૂઈ. શરૂમાં બર્મિંગહામ યુનિવર્સિટીમાં ક્લાસિક્સના, ને તે પછી લંડનની બેડફર્ડ મહિલા કૉલેજમાં ગ્રીકના અધ્યાપક તરીકે કામ કરતાં કરતા પહેલા અને બીજા વિશ્વયુદ્ધ વચ્ચેના એ ગાળા—૧૯૧૯થી ૧૯૩૯ની વીસી-માં ત્યારના છિન્ન જીવનનાં કટુ-ઉપહાસયુક્ત આલેખન અને આલોચના કરતા તમતમતા કાવ્યો એણે લખ્યાં. બીજા વિશ્વયુદ્ધ વખતે એ કાવ્યસર્જનથી ચાતર્યાન લંડનની આકાશવાણી બી.બી.સી.મા જોડાયો ને એ સંસ્થાના આજ લગીના ઇતિહાસમાં સર્વશ્રેષ્ઠ સ્ક્રિપ્ટ રાઈટર (ઈબારતલેખક) અને પ્રોડ્યુસર તરીકે નામના કાઢી.

હિંદને સ્વરાજ મળવાનું થયું ત્યારે અહીંની દેશસ્થિતિ અને ભાવાત્મક વાતાવરણના નિરીક્ષણ અને નિવેદન માટે ઈ. ૧૯૪૭ના ઉનાળામાં બી.બી. સી.એ ત્રણ માણસોની ટુકડી મોકલી: લૂઈ મૅકનીસ અને ફ્રાન્સિસ ડિલન લેખકો તથા વૅાઘાન ટૅામસ ખબરપત્રી. તેમણે કાશ્મીરથી મદ્રાસ સુધીનો ત્રણ માસનો પ્રવાસ કરીને સર્જેલા દસ્તાવેજી કાર્યક્રમોમાં મૅકનીસની કલમે એ વખતના ઉછળતા જુવાળનું જે તેજીલી ભાષામાં નિદર્શન કરાવ્યું છે તે ચિરંજીવ રહેશે. ત્યારનાં સ્મરણો વાગોળતાં એના સાથીદાર વૅાઘાન ટૅામસે કહ્યું છે કે 'આઝાદીની પ્રસૂતિની ભયંકર વેદનાઓમાંથી પસાર થઇ રહેલા ભારતના ત્યારના તંગ વાતાવરણ વચ્ચે ઘૂમતા મૅકનીસ અનેરી ઉત્તેજના પામતા. જ્યાં કવિ ને કલાકાર સદા આદરણીય ગણાય છે એવા આ દેશમાં સ્વસ્થ વિચાર ને સ્થિર ચિંતન માટે કશી પણ ધમાધમ વિનાનો જે નિરાંતવો અવકાશ લોકો ભોગવે છે તેમાં એને ઘણી હૂંફ મળી. જીવનની વિષમતાઓથી વિદગ્ધ એ કલાકારનો જાણે નવી દુનિયામાં પ્રવેશ થયો હતો!'

ત્યારનું સ્મરણમાધુર્ય આલેખતાં એમનાં કાવ્યોમાં અહીંના કલાધામ રૂપ પ્રાચીન મંદિરોથી પ્રેરાએલું 'મહાબલિપુરમ્' શ્રેષ્ઠ છે. એવું જ એમનું એક બીજું કાવ્ય 'હોલ્સ ફ્રૉમ ધ સ્કાઇ' નામના એમના સંગ્રહમાં 'લેટર ફ્રૉમ ઇન્ડિયા' નામનું છે. રસ ધરાવનારાઓએ એ બંને વાંચવા જેવાં છે.

ભારત સાથે હૃદય જોડનારા એ કવિનું આપણે તર્પણ કરીએ.

ડૉ. રાજેન્દ્રપ્રસાદ; રૂ. ૨-૫૦. **ગ્રામસ્વરાજ** ગ્રામપંચાયતો અંગેના ગાંધીજીના વિચારોના મૂળ અંગ્રેજી સંગ્રહની આ ગુજરાતી આવૃત્તિ ગ્રામપંચાયતના કાર્યકરો માટે હાથપોથી સમ બની રહેશે; સંકલન: હરિપ્રસાદ વ્યાસ; રૂ. ૨

ભાવિ સમાજરચનાની દિશામાં: સર્વોદયના પાયા પર રચાએલા નવા સમાજના ચિત્રની રૂપરેખા આપતું વિચારપ્રેરક પુસ્તક; લેખક: પ્યારેલાલ; રૂ. ૪. **ગાંધીજીની આખરી હાકલ:** મુંબાઈની મહાસમિતિની બેઠકમાં આઠમી ઑગસ્ટ ૧૯૪૨ની સાંજે આપેલું દેશને ખડો કરી દેનારું યાદગાર ભાષણ; ૦-૧૫, **ગાંધીબાપુ:** કુદસિયા જૈદીના 'ગાંધીબા'નો અનુવાદ: ગાંધીજીના જીવનનાં અનેક પાસાં નિરૂપતું બાળકોને રોચક સચિત્ર પુસ્તક; અનુવાદક: જિતેન્દ્ર દેસાઇ; રૂ. ૧-૫૦. **મહેરામણનાં મોતી:** મહાપુરુષોનાં જીવનમાંથી વીણેલા પ્રેરક પ્રસંગો; લેખિકા: નિરંજનાબહેન કલાર્થી, રૂ. ૦-૪૦.

ભારતી સાહિત્યસંઘનાં

(ફર્નાન્ડિઝ પૂલ, ગાંધીમાર્ગ, અમદાવાદ)

ઉષા અને અરુણ: રંગભેદને કારણે દક્ષિણ આફ્રિકામાં હાડમારી ભોગવતા હિંદી વસાહતીઓની, એ નીતિ સામેની ઝુંબેશને આલેખતી નવલકથા; લેખક: ડાહ્યાભાઇ પટેલ; રૂ. ૮-૭૫. **શ્યામ:** સાને ગુરુજીના વિદ્યાર્થીજીવનને નિરૂપતી મૂળ મરાઠી ચરિત્રાત્મક કથાનો આજના પ્રત્યેક વિદ્યાર્થીએ અવશ્ય વાંચવા જેવો સરળ અનુવાદ; કરનાર: જયંત પરમાર; રૂ. ૮ ૭૫. **આફ્રિકાની શ્રેષ્ઠ વાર્તાઓ:** પૂર્વ આફ્રિકાના સોળ ગુજરાતી લેખકોની વાર્તાઓનું સંપાદન; કરનાર બલવંત નાયક, ટી. પી. સૂચક અને ભાનુશંકર વ્યાસ; રૂ. ૫·૦૦. **એકલપંથ પ્રવાસી:** ભરીભરી દુનિયામાં એકાકી રીતે જીવતા પાત્રના જીવનની તડકીછાંયડી આલેખતી એક લઘુ નવલ; લેખક: ચંદ્રકાન્ત શેલત; રૂ. ૩·૨૫. **અટંકીવીરો**ના લોકકલ્યાણાર્થે આપેલા આત્મભોગની પ્રેરક અને બાલભોગ્ય વાર્તાઓ; લેખક: શ્રીકાંત ત્રિવેદી; રૂ. ૧-૫૦. **ગૃહ સંસાર અને સંસ્કારની સુવાસ:** કુટુંબજીવનની સમસ્યાઓને સ્પર્શતા બોધક લેખો અને જીવનમાં મંગલ પ્રેરવા પ્રત્યે આંગળી ચીંધતા ઈશ્વર પેટલીકરના લેખોનાં બે સંપાદનો; દરેકના રૂ ૨. **નવો અવતાર:** ગ્રામજીવનનાં શુભ તત્ત્વો આલેખતી ચાર વાર્તાઓ; લેખક: પીતાંબર પટેલ; રૂ. ૦-૭૫. **હૈયાનું**

ધામ: માતૃપ્રેમની ઝંખનાનું આલેખનકરતી ચૂનીલાલ વ. શાહની એક વાર્તા; રૂ. ૧.૦૦. **શ્રેયોમાર્ગ:** એ જ લેખકના જીવનચર્યાને શુદ્ધ માર્ગે વાળવા પ્રબોધતા પ્રેરક નિબંધો, જેને ૧૯૫૯-૬૦માં ગુજરાત સરકારનું પારિતોષિક મળ્યું હતું; રૂ. ૩-૨૫. **મહારાજ જયસિંહદેવ** પતઇ: દંતકથાઓએ જેને પાવાગઢની મહાકાળીના રૂપ ઉપર વિકારી બનનાર તરીકે આલેખી અન્યાય કર્યો છે તેના વીરોચિત ચારિત્ર્યને આલેખતી કથા; લેખક: કૃષ્ણપ્રસાદ ભટ્ટ; રૂ. ૫-૫૦.

પ્રકીર્ણ પ્રકાશનો

પૃથિવીવલ્લભ: કનૈયાલાલ મુનશીની એ વિખ્યાત નવલકથાનું પ્રાગજી ડોસા અને મધુકર રાદેરિયા જેવા સિદ્ધ હાથે થએલું નાટ્યરૂપાંતર; પ્રકાશક: ભારતીય વિદ્યાભવન, ચોપાટી રોડ, મુંબાઈ-૭; રૂ.૧-૫૦. **શ્રી ભાગવત-સુધા:** ભાગવતની કથાનો સરળ સાર, જેમાં ચૈતન્ય મહાપ્રભુ તથા આ પુસ્તકના મૂળ કર્તા સનાતન ગોસ્વામીનાં ટૂંકા ચરિત્ર પણ આપેલાં હોઈ ભાવિકોને વધુ રોચક બને તેવું છે; રૂ. ૧-૨૫. **શ્રી કૃષ્ણ-ચરિત્ર:** રૂ. ૧-૫૦; **શ્રી રામ-ચરિત્ર:** રૂ. ૩-૫૦; **શ્રી ચૈતન્ય મહાપ્રભુનું** ચરિત્ર: રૂ. ૦-૭૫; નામ પ્રમાણેના આ ત્રણે પુસ્તકોના વિષયોની રજૂઆત ઓછું ભણેલાઓ પણ બરાબર જાણી શકે એવી સરળ હોઈ એની ઉપયોગિતા ઘણી છે. **અજબ સંત શ્રી સાંઇબાબા:** બી.વી. નરસિંહસ્વામીના મૂળ 'વંડરસ સેઇન્ટ સાંઇબાબા' નામક અંગ્રેજી ગ્રંથનો સરળ ગુજરાતી અનુવાદ; રૂ.૦-૬૨. **શ્રીસાંઇબાબા ઉપાસના:** સ્તુતિ, આરતી, પૂજન, ભજન, શ્રી સાંઈમાહાત્મ્ય ઈત્યાદિ ઉપાસનાની પુસ્તિકા; રૂ. ૦-૨૫. આ બધાં પુસ્તકોના કર્તા રેવાશંકર ઓ. સોમપુરા; પ્રકાશક શ્રી સાંઈબાબા ભક્તમંડળ, ભાવનગર; **જીવનઝરમર:** ઉન્નત જીવન માટે પ્રેરક બોધવચનો; સંપાદકો: નંદલાલ શાહ અને હેમંતકુમાર નીલકંઠ; પ્રકાશક: મહાજન બુક ડીપો, અમદાવાદ; રૂ. ૦-૫૦. મુંબાઈના પ્રેમજી દેવજી કન્યા વિદ્યાલયના સંગીતતંત્રે પ્રકટ કરેલી પુસ્તિકા; **દિવ્ય વિચારમાળા** જેમાં વર્ષના પ્રત્યેક દિવસદીઠ એક એક સુવિચારનું કરેલું સંપાદન પ્રેરક અને બોધક છે; સંપાદક: રાગેન્દ્ર માહુલીકર; રૂ. ૦-૫૦.

ફંટાતા રસ્તા: પ્રિયકાંત પરીખની આશાસ્પદ કલમનો વાર્તાસંગ્રહ, પ્રકાશક: ઉદય પ્રકાશન, બાજવાડા, વડોદરા; રૂ. ૩-૮૦.

ટર્નરનો સાથી: લેથ પર કામ કરતા કારીગરોને ઘણી ઉપયોગી એવી આ સચિત્ર પુસ્તિકાનો વિષય ટેકનિકલ હોવા છતાં સૌ કારીગરોને સમજાય એવી એમની તળપદી ભાષામાં રજૂ કર્યો હોઇ વિષય વધુ સરળ બન્યો છે; સંપાદકો: સુંદરજી રાઠોડ, ઓધવજી મુજપરા અને દિનમણિશંકર ભટ્ટ; પ્રકાશક: શિશુવિહાર શ્રમમંદિર, કૃષ્ણનગર, ભાવનગર; રૂ. ૧.

શંકુઆકારની ગરણી (કોન) બનાવવાની રીત: ઉપર્યુક્ત લેખક પ્રકાશકોની ઉપયોગી પુસ્તિકા; કિં. ૨૦ ન.પૈ.

નેફામોરચે: હિંદ પરના ચીની આક્રમણને મધ્યબિંદુએ રાખી લખાએલાં કેટલાંક તખ્તાલાયક નાટકોનો સૂરતની 'સાહિત્ય સંગમ' સંસ્થાએ કરેલો સંગ્રહ; રૂ. ૩-૫૦,

શૌર્યગીત સમારોહ યોજી યુદ્ધ પરિસ્થિતિને સહાયરૂપ થવા મહાકવિ ન્હાનાલાલ સ્મારક ટ્રસ્ટે કવિ ન્હાનાલાલ, મેઘાણી, ખબરદાર અને નર્મદનાં કેટલાંક પ્રેરક યુદ્ધકાવ્યોનું કરેલું સંપાદન; ચારેનો રૂ. ૧; ન્હાનાલાલ ટ્રસ્ટ, પરિમલ સોસાએટી, અમદાવાદ-૬.

સરગમ: લેખક-પ્રકાશક મહેન્દ્ર બી. જોષી, સંગીતકાર (વડવા, ભાવનગર)નાં બાલગીતોનો સંગ્રહ; રૂ. ૧. **નહિ નમશે નિશાન:** વડોદરા જિલ્લા માધ્યમિક નાટ્યસ્પર્ધામાં ચાર પહેલાં ઈનામો લેનાર એકાંકી નાટિકા; લેખક: ત્રિલોક દેસાઈ, (નવાદહેરાભરૂચ); રૂ. ૧.

શ્રી ઘનશ્યામવિજય: કચ્છ ભૂજમાં મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે પ્રકટ થએલા આ સ્મારક ગ્રંથમાં ભગવાન ઘનશ્યામના જીવનને સ્પર્શતા અને બીજા અનેક લેખોનું સંપાદન કરેલું છે; પ્રકાશક: શ્રી ઘનશ્યામવિજય કાર્યાલય, સ્વામીનારાયણ મંદિર, મણિનગર, અમદાવાદ.

અસંસ્કારી

અંગ્રેજીમાં કેટલાક અકારાન્ત શબ્દોને છેડે 'એ' લખાય છે, તે પરથી વગર સમજ્યે કે ફૅશનમાં તણાઇને કેટલાક દિલ્હી વગેરે સ્થળના લોકો, છાપાં તેમજ રેડિયો સુદ્ધાં, ખોટા ને અસંસ્કારી ઉચ્ચાર કરે છે; દાખલા તરીકે 'અશોક'ને બદલે 'અશોકા હૉટેલ' 'મિત્ર'ને બદલે 'મિત્રા' 'મિશ્ર'ને બદલે 'મિશ્રા' વ૦

આ તરફ આંગળી ચીંધી 'સત્યાગ્રહ' લખે છે કે "આ અસંસ્કારી પ્રયોગ સત્વર સુધારવો જોઈએ. એટલું જ નહિ, પણ ગુજરાતીમાં 'મિનિસ્ટર' એટલે 'પ્રધાન' થાય, છતાં હિન્દી અનુવાદની ભૂલ પરથી આપણે ત્યાં પણ તે 'મંત્રી' તરીકે ચાલે છે. ગુજરાતીમાં તો સેક્રેટરી' એટલે 'મંત્રી' અનુવાદ રૂઢ છે; તેને સ્થાને વળી 'સચિવ' ચાલે છે, એ ભૂલ છે. આમાં તો ગોટાળો થઈ જાય છે. 'મંત્રી' જે સક્રેટરી છે, તે 'સચિવ'–પ્રધાન થઈ જાય છે; અને જે ખરેખર 'સચિવ'–પ્રધાન છે તે 'મંત્રી' સેક્રેટરી થઇ જાય છે! ગુજરાતના સરકારી દફતરમાં ચાલતી આ ભૂલ સુધરે તો સારું. પોતાની ભાષા અને એની જોડણી વિષે શિથિલતા, એ સંસ્કારિતાની ઊણપ બતાવે છે."

શબ્દશુમારી

તાજેતરની એક ગણતરી અનુસાર ગુજરાતી ભાષામાં ૨,૮૧, ૩૭૭ શબ્દો છે. આમાં સંસ્કૃતના ૧,૧૧,૧૨૯ (૪૦ ટકા), હિન્દીના ૧૪,૩૮૨ (૪ ટકા), અરબીના ૧૧,૨૪૬ (૪ ટકા), ફારસીના ૭,૩૧૦ (૩ ટકા), અંગ્રેજીના ૩,૧૭૪ (૧ ટકો), પ્રાકૃતના ૧,૪૧૮, મરાઠીના ૫૬૩, તુર્કીના ૨૬૫, યુનાનીના ૧૨૯, પોર્ચુગીઝના ૫૮, બંગાળીના ૫૩, ઉર્દૂના ૩૩ અને ગ્રીકના ૨૬ શબ્દો છે. ઉપરાંત અપભ્રંશ, અવસ્તા, જૂની ગુજરાતી, તમિલ તેલુગુ, પહેલવી, ફ્રેન્ચ, મલયાલમ, લૅટિન, સ્પૅનિશ એમ ૨૩ ભાષાના શબ્દો ગુજરાતીમાં છે.

લખવામાં વિરામચિહ્નોનો ઉપયોગ

લેખનકલાના પ્રારંભે વિરામચિહ્નો જેવું કંઈ હતું નહિ. શબ્દો વચ્ચે પણ કશી જગ્યા છોડવામાં નહોતી આવતી. એ છોડવાનું ગ્રીકોએ શરૂ કર્યું. વળી દરેક વાક્યને છેડે લીટી ઉપર એમણે ટપકાં મૂકવા માંડ્યાં, જેથી લખાણ સુવાચ્ય બને. આ ટપકાંને લૅટિનમાં 'Punctus' કહે છે, જેના પરથી જ વિરામચિહ્નોને 'પંક્ચુએશન માર્ક્સ' નામ મળ્યું. અલ્પવિરામ, અર્ધવિરામ, પૂર્ણવિરામ વગેરે પણ ગ્રીકોએ જ શોધ્યાં;–આજે આપણે અર્ધવિરામ તરીકે જે ચિહ્નનો ઉપયોગ કરીએછીએ તેને તેઓ પ્રશ્નાર્થ ચિહ્ન તરીકે વાપરતા! અત્યારે પ્રયોજાતું પ્રશ્નચિહ્નનું રૂપ તો પછી લહીઆઓને આભારી છે. લખાણમાંનો કોઈભાગ ન ઊકલતાં તેઓ 'O' મૂકી એના ઉપર પ્રશ્નસૂચક question 'Q' કરતા. જેમાંથી આજનું પ્રશ્નચિહ્ન ઉત્ક્રાન્ત થવા પામ્યું છે. મુદ્રણકલામાં આધુનિક વિરામચિહ્નોનો સૌ પ્રથમ ઉપયોગ ઇટલીમાં આલ્ડસ માનુશ્યસે (૧૪૫૦-૧૫૧૫) કર્યો. (ચાંદની)

શરીરના બંધારણ માટે પુષ્કળ પ્રમાણમાં જરૂરી એવું અતિ મહત્ત્વનું ખનિજ તત્ત્વ

કૅલ્શ્યમ

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

શરીરના બંધારણમાં પુષ્કળ પ્રમાણમાં અને અતિ મહત્ત્વનું ખનિજ તત્ત્વ હોય તો તે કૅલ્શ્યમ (ચૂનો) છે. શરીરનાં કુલ ખનિજ તત્ત્વોનું અરધું પ્રમાણ તો તેનું છે. તેના ૯૯થી વધુ ટકા હાડકાં ને દાતમાં છે; બાકીનો લોહી અને શરીરનાં પ્રવાહીઓમાં છે.

શરીરમાં કૅલ્શ્યમની ઘણી કામગીરીઓ છે. હૃદયની તાલબદ્ધ ગતિ મોટે ભાગે તેને આભારી છે. હૃદયના દરેક ધબકારા માટે તે જરૂરી છે. જ્ઞાનતંતુઓની ઉત્તેજના તે ટાળે છે. લોહીનો જામવાનો ગુણ તથા કેશવાહિનીઓમાં લોહીનું ભ્રમણ પણ તે જાળવે છે. હાડકાં ને દાંતનાં બંધારણમાં અને બાળકોની યોગ્ય વૃદ્ધિ માટે તે જરૂરી છે. ધાવણના ઉત્પાદનમાં અને ભાંગેલાં હાડકાં સાંધવામાં તેની ખાસ જરૂર છે.

ખોરાકનાં ખનિજ તત્ત્વો નાનાં આંતરડાંમાં શોષાય છે. પણ વિટામિન 'ડી'ની હાજરીમાં તે સારાં શોષાય છે. સો સી.સી. (૩૦ સી.સી=એક ઔંસ)રક્તજલમાં ૧૦ મિલિગ્રામના પ્રમાણમાં કૅલ્શ્યમનું અભિસરણ થાય છે, જે હાડકાંમાં જમા થાય છે. એ કરતાં વધારાનું પેશાબ વાટે બહાર ફેંકાય છે. વિલાયતી મીઠાના જુલાબથી આહારનો પરિપાક ઝડપથી આંતરડાં પરથી પસાર થવાથી કે પુષ્કળ કાષ્ઠક દ્રવ્યો ખાવાથી કૅલ્શ્યમનું આંતરડાંમાં શોષણ થતું નથી. શોષાયા વિનાના કૅલ્શ્યમનું મળમાં વિસર્જન થાય છે. સંગ્રહણી અને પૅન્ક્રિયાસના રોગોમાં પણ આવું થાય છે.

દુનિયાના દરેક દેશના આહારની સામાન્ય ખામી કૅલ્શ્યમના અપૂરતા પ્રમાણની છે. આથી (ખાસ કરીને હાડકાંની) રોગાવસ્થા આવે છે. આહારમાં કૅલ્શ્યમની ન્યૂનતાથી હાડકાંની ઑસ્ટીઓપોરોસિસ નામની રોગાવસ્થા થાય છે; અને કૅલ્શ્યમ, ફૉસ્ફરસ તથા વિટામિન 'ડી'ની ઊણપથી બાળકોને અસ્થિશોષ (રિકેટ્સ) અને મોટેરાંને ઑસ્ટીઓ-મેલેસિયા થાય છે, જેમાં વૃદ્ધોનાં હાડકાં બરડ બને છે અને તેમને વાતરોગની પીડા થાય છે. કૅલ્શ્યમ અને વિટામિન 'ડી' આપવાથી (એ ઉમરે પણ) નવાં હાડકાંનું ઉત્પાદન થવા સાથે તે મટી જાય છે. સગર્ભા સ્ત્રીઓને વાતરોગ જેવી પીડા કૅલ્શ્યમ અને વિટામિન 'ડી' આપવાથી મટે છે.

રોજના આહારમાંથી આપણને ઓછામાં ઓછું એક ગ્રામ તો કૅલ્શ્યમ મળવું જ જોઇએ. બાળપણમાં હાડકાં અને દાંતના વિકાસ સમયે અને સ્ત્રીઓમાં ઋતુસ્રાવ, સગર્ભાવસ્થા તથા સ્તનપાન વખતે કૅલ્શ્યમના વધારે પ્રમાણની જરૂર રહે છે. ગર્ભાધાન સમયે જ બાળકના વિકાસનાં પગરણ નંખાય છે, જન્મ સમયે નહિ. આથી સગર્ભા સ્ત્રીને પોતા ઉપરાંત ગર્ભસ્થ બાળક માટે પણ કૅલ્શ્યમની જરૂરત રહે છે. સગર્ભાવસ્થાના છેલ્લા ત્રણ મહિનાઓમાં ગર્ભસ્થ બાળકનાં હાડકાંનું બંધારણ થતું હોવાથી માતાના શરીરમાં કૅલ્શ્યમનો વધારે વપરાશ થાય છે. એ ઘસારો જો આહારમાંથી ન મળી રહે તો તે માતાનાં હાડકાં અને દાંતમાંથી ખેંચાય છે. આમ થવાથી તેના બસ્તિપ્રદેશનાં હાડકાંની એવી તો વિકૃતિ આવી પડે છે કે અગાઉની સમીસૂતરી સુવાવડોને બદલે પાછલી સુવાવડોમાં બાળકને પેટ ચીરીને (સિઝેરિયન સૅક્શનથી) પ્રસવ કરાવવો પડે છે. શરીરમાંથી કૅલ્શ્યમ ખેંચાવાથી માતાનાં હાડકાં પોચાં પડે છે ને તે ભાંગી જવાની શક્યતા વધે છે. દાંતનો સડો લાગુ પડે છે, અકારણ થાક વર્તાય છે, અમુક મર્યાદાથી વધુ પ્રમાણમાં લોહીમાંથી કૅલ્શ્યમ ખૂટીને જ્ઞાનતંતુ અને માંસપેશીઓ ઉશ્કેરાઇને અંગોમાં ખેંચ અને તાણ થાય છે. સગર્ભા અને ધાવણ આપતી સ્ત્રીઓ અને બાળકોમાં થતી આ સ્થિતિ ટિટૅની કહેવાય છે.

સગર્ભા સ્ત્રીને છેલ્લા ત્રણ મહિનાઓમાં આહારમાંથી રોજ ૧·૬ ગ્રામ કૅલ્શ્યમ મળવું જોઇએ. આમ થાય તો જ બાળકની ખોપરી અને લાંબાં હાડકાં કૅલ્શ્યમથી પુષ્ટ થાય. આશરે સવા શેર દૂધ ખવાય તો જ કૅલ્શ્યમનું એટલું પ્રમાણ મળી રહે છે. આટલું બધું દૂધ ખાવું કોને પરવડી શકે? પણ જો ન ખાઈ શકાય તો ગર્ભસ્થ બાળકનાં હાડકાં અને દાંત અધૂરાં બંધાય છે; બાળકનાં વૃદ્ધિ અને વિકાસ બરાબર સધાતાં નથી. સગર્ભાવસ્થા અને ધાવણ દરમિયાન શિશુને થતું આ નુકસાન મોટપણે પછી સમારી શકાતું નથી.

સગર્ભાવસ્થાની જેમ બાળકને ધાવણ આપતી વખતે પણ માતાના શરીરમાંથી ધાવણ વાટે કૅલ્શ્યમ ખૂટે છે; એટલે એ સમય દરમિયાન પણ માતાને પુષ્કળ કૅલ્શ્યમ મળી રહે એવો આહાર જોઈએ. આવા આહારના અભાવે સગર્ભાવસ્થા અને સ્તનપાન સમયે કૅલ્શ્યમની ગોળીઓ ખાવાની સલાહ આપવામાં આવે છે.

શિશુના શરીરનો પણ એ કાળે વિકાસ થતો હોવાથી માતાની જેમ તેને પણ કૅલ્શ્યમની વધારે જરૂર રહે છે. એ સમયમાં તેનો હાડકાંનો માવો અને દાંત બંધાતા હોવાથી મોટાં કરતાં બાળકોને શરીરના વજનના પ્રમાણમાં વધારે કૅલ્શ્યમ જોઇએ છે. જોકે માતાના શરીરમાંથી તેને તે મળી તો રહે છે, પણ જો માતાને જ અપૂરતું કૅલ્શ્યમ મળતું હોય તો પછી શિશુને તે ઓછું મળવાનું જ છે. આ કારણે તેને અંગૂઠા ચૂસવાની ફરિયાદ થવાથી માંડી અસ્થિશોષ, કરોડના વાંક અને દાંતનો સડો થાય છે.

શિશુ અવસ્થા બાદ પણ બાલ્યાવસ્થાથી માંડી સોળ વર્ષની ઉમરે જ્યારે ઊંચાઈમાં મોટો વધારો થાય છે ત્યાં સુધી પણ સારા પ્રમાણમાં કૅલ્શ્યમ લેવાની જરૂર છે; અને મોટેરાંને પણ રોજ પૂરતા પ્રમાણમાં કૅલ્શ્યમની જરૂર તો રહે છે જ, કારણ કે શરીરમાંથી તે સતત વપરાતું રહે છે.

કૅલ્શ્યમની ન્યૂનતાની દેખીતી રોગીલ અસરો ઉપરાંત ઓછી પ્રતીતિજનક પણ બીજી મહત્ત્વની અસરો થાય છે. કૅલ્શ્યમ અને ફૉસ્ફરસની ચયાપચયતા ગાઢ સંબંધમાં છે અને તેમની સાથે પૅરાથાઇરૉઈડ ગ્રંથિઓની કામગીરી પણ સંકળાએલી છે. એટલે પહેલાનો બગાડો બીજાં બન્નેમાં બગાડો ઊભો કરે છે. ડૉ. ઍક્રૉઈડ તો લખે છે 'શરીરમાં એક પણ કામગીરી એવી નથી કે જે આહારમાંના કૅલ્શ્યમની ઊણપથી ખરાબ અસર ન પામે.'

કૅલ્શ્યમનું શ્રેષ્ઠ સાધન દૂધ અને લીલોતરી શાકભાજી છે. એક પિન્ટ (સવા શેર) દૂધમાંથી ૬૮૦ મિલિગ્રામ કૅલ્શ્યમ મળે છે. દૂધ અને માખણ સિવાયની દૂધની બધી નીપજો—સેપરેટેડ દૂધ, છાશ, પનીર–પણ કૅલ્શ્યમથી સમૃદ્ધ છે. ઈંડાં પણ ખરાં, તાજી ભાજીમાં તે સારા પ્રમાણમાં છે. મૅક્કૅરિસન તાંદળજાની ભાજી, મેથીની ભાજી, કરેપાક અને સરગવાના પાનમાં તથા વિલાયતી ગાજર (ટર્નિપ)નાં

પાનમાં તે બહુ સારા પ્રમાણમાં હોવાનું લખે છે. ગુવારની શીંગ, કૅાબિજ અને ભીંડા (ખાસ કરીને કાચાં ખવાય તો) કૅલ્શ્યમનું સારું સાધન હોવાનું ડૅા. મિલ્ડ્રેડ મૅકકઈ કૅથાન કહે છે. ચોળાફળી, તુવેર, વાલ, પાપડી વગેરેની શીંગોનાં શાકોમાં પણ કૅલ્શ્યમ હોવાનું કહેવાય છે. સારું પ્રમાણ હોવા છતાં થોડું કૅલ્શ્યમ આપતા ખાદ્યોમાં તલ (ખાસ કરીને તાજો ખોળ), ચણા, બાવટો, સોયાબીન, ખજૂર અને દ્રાક્ષ છે. આમલી પણ તેનાથી સમૃદ્ધ હોવાનું મૅકૅરિસન કહે છે. કંકોડાં, ડુંગળી, લસણ અને જીરું કૅલ્શ્યમનાં સારાં સાધન છે. કવચવાળાં ફળોમાં બદામમાં કૅલ્શ્યમ છે. નાગરવેલનાં પાનમાં પણ કૅલ્શ્યમ છે અને તે ચૂના સાથે ખાવાથી તો કૅલ્શ્યમનું શ્રેષ્ઠ સાધન બને છે તે ભૂલવાનું નથી. ડૅા. મિલ્ડ્રેડ કૅથાન લખે છે 'રોજનાં છ પાન (તમાકુ વિના હોં!) ખાવાથી દસ ઔંસ દૂધના જેટલું કૅલ્શ્યમ મળે છે.'

સખત કે ભારે (હાર્ડ) પાણી પણ કૅલ્શ્યમનું એક સાધન છે. એવા પાણીમાં બાફેલાં શાકમાં કૅલ્શ્યમનું પ્રમાણ વધે છે. લીંબુનો રસ કૅલ્શ્યમના અભિશોષણમાં સહાયભૂત નીવડે છે, એટલે શાક ઉપર તે નીચોવવું હિતાવહ છે.

ઘઉં, ચોખા, બાજરી ને મકાઈ જેવાં શૂક ધાન્યો, માંસ, ફળો, કંદમૂળ અને વનસ્પતિ તેલોમાં કૅલ્શ્યમ તુચ્છ પ્રમાણમાં છે. ગોળમાં થોડું જ છે. જો એકલાં આ ખાદ્યોનો આહાર લેવાતો હોય તો તેમાંથી શ્રેષ્ઠ આરોગ્ય માટે પૂરતું કૅલ્શ્યમ મળતું નથી.

કૅલ્શ્યમનું શ્રેષ્ઠ ને સમૃદ્ધ સાધન તો દૂધ અને પનીર છે. વળી તેમાં વિટામિન 'ડી' હોવાથી એમનું ૯૦ થી ૧૦૦ ટકા કૅલ્શ્યમ શરીરમાં શોષાય છે. આ કારણે રોજિંદા આહારમાં દૂધના ખોરાકનું મહત્ત્વ છે. દૂધની અવેજીમાં સેપરેટેડ દૂધ પણ ઉત્તમ છે, કેમકે તે કૅલ્શ્યમથી તો માતબર છે. ગરીબો માટે કૅલ્શ્યમનું આવું માતબર સાધન છાશ છે. દૂધના કેન્દ્રીય વ્યાપાર (ડેરીઓ)થી ગામડાંઓમાં ગરીબોને મફત કે મફતના ભાવે મળતી છાશ હવે ઝૂંટવાઈ ગઈ છે એ શોચનીય સ્થિતિનો ઉલ્લેખ અસ્થાને નથી.

દૂધ પછી પાંદડાંવાળી ભાજીનું કૅલ્શ્યમ પણ ૮૦ થી ૧૦૦ ટકા શરીરમાં શોષાય છે. દૂધ ન પરવડી શકે તેમના માટે કૅલ્શ્યમનું સધન સાધન તાંદળજાની ભાજી છે અને તે 'દૂધથી બીજા નંબરે આવે છે. રોજ દસ તોલા ભાજી ખાવામાં આવે તો કૅલ્શ્યમનું ઇષ્ટ પ્રમાણ મળી રહે છે'–(ભિષગ્ભારતી). ઉપરાંત મોસમ વખતે મળતા ભીંડા, કંકોડાં, ગુવાર કૅાબિજ અને કૅાબીફ્લાવર પણ કૅલ્શ્યમ આપનારાં સારાં શાક છે.

પુખ્ત વયના માનવીના શરીરના વજનના દોઢથી બે ટકા પ્રમાણમાં (સાડા ત્રણ મણની કાયામાં બે રતલ જેટલું) રહેલું કૅલ્શ્યમ મોટા ભાગે ફૅાસ્ફરસ સાથે જોડાએલું છે. તેનું પ્રમાણ સરભર રાખવા માટે આહારમાંથી રોજ ઓછામાં ઓછું એક ગ્રામ (એક અધોળનો ત્રીસમો ભાગ) તો તે મળવું જ જોઇએ. આ પ્રમાણ જોકે આપણા એક આગલા દાંતના કૅલ્શ્યમ જેટલું જ છે, પણ એનાથી શરીરનો વિકાસ સધાય છે, જોમ જળવાય છે અને સુદૃઢ આરોગ્ય પ્રાપ્ત થાય છે.

કૌશલ(જાદુ)કળા–૯/ધાન અને પાણી

વક્તૃત્વનું કૌશલકળામાં અનોખું સ્થાન છે. પ્રેક્ષકોનાં મન અને દૃષ્ટિને ઊલટી દિશામાં રોકી રાખવા અને આખા કાર્યક્રમ દરમિયાન પ્રેક્ષકોમાં રસ જાળવી રાખવા સચોટ વક્તૃત્વ આવશ્યક છે. કેટલાક જાદુગરો ખેલની સાથે કોઇ ઉપજાવી કાઢેલી વાત પણ સાંકળી દે છે.



જાદુગર કહે છે:'જાદુગરોને ત્યાં કોઈ મહેમાન આવે તો તેમને કશી ચિંતા થતી નથી. ધારો કે મારે ઘેર ફક્ત એક માણસની રસોઇ તૈયાર હોય અને એક મહેમાન વધારાના આવી ચડે તો હું શું કરું? જુઓ.' આમ કહી જાદુગર ચોખાના અમુક જથ્થાને જાદુથી બમણો કરી બતાવે છે. વળી કહે છે: 'પણ અમે જાદુગરો ખોટો લોભ કરતા નથી. જો એમ કરીએ તો તો અમે જ ફસાઈ પડીએ અને ગાંઠનું ગુમાવીએ; જુઓ:' આમ કહી તે જે બતાવે છે તેમાં ચોખાને બદલે પાણી જોવા મળે છે!

ઉપરનો ખેલ મૂળ ચીનનું જાદુ ગણાય છે. ખેલ રજૂ કરવા માટે જાદુગર એક તાસકમાં બે સરખાં પ્યાલાં લઈને આવે છે. આ બન્ને પ્યાલાં ઊંધા કરી તે ખાલી છે, તેવી પ્રતીતિ પ્રેક્ષકોને કરાવે છે. પછી એક પ્યાલામાં કિનારી સુધી ચોખા ભરી [આ. ૧] તેના પર બીજું પ્યાલું ઊંધું ઢાંકી દે છે, અને સાથે ઉપરની મહેમાનવાળી વાત કરે છે. પ્યાલા પર જાદુની લાકડી ફેરવી ઉપરનું પ્યાલું જાદુગર ઉઠાવે છે ત્યારે પેલા ચોખાનો જથ્થો બમણો થઈ શગ ચડી જઇને ચોખા નીચે વેરાતા દેખાય છે [આ. ૨]. હવે જાદુગર પેલી વાત આગળ લંબાવી કિનારી ઉપરના ચોખા કાઢી નાખી તેની ઉપર બીજું પ્યાલું ઢાંકે છે. ને વાત આગળ લંબાવે છે. ફરી પ્યાલું ઉપાડે છે ત્યારે ચોખાને સ્થાને પાણી જોવા મળે છે. જાદુગર એ પ્યાલામાંથી ઢોળીને બતાવે છે[આ. ૩].

રહસ્ય: પ્રયોગની શરૂઆતમાં જ એક પ્યાલામાં પાણી ભરી રાખેલું હોય છે. પરંતુ તેની ઉપર સેલ્યુલૅાઈડ અથવા અબરખની વર્તુળાકાર ચકતી ગોઠવેલી છે જેથી પાણી ઢોળાઈ જતું નથી. પાણીવાળા પ્યાલાને ચોખાવાળા પ્યાલા પર ઊંધો મૂકી [આ. ૪] આડી તેડી વાત કરવામાં આ બન્ને પ્યાલાંને ઊલટાસુલટા ફેરવી નાખે છે. આથી નીચે પાણીનું અને ઉપર ચોખાનું પ્યાલું આવી જાય છે. [આ. ૫] હવે ઉપરનું પ્યાલું ઉઠાવી લેતાં ચોખા બહાર ઢળતા દેખાય છે. જાણે તેનો જથ્થો બે ત્રડાઈ ગયો છે! પછી એ ઢગલા પર ખાલી પ્યાલું ઊંધું વાળે છે. એને ફરી ઉપાડતી વખતે પાણી પર ઢાંકેલી ચકતી પણ ઉઠાવી લે છે, ને પછી એ પ્યાલું ઊંધું વાળી પાણી બહાર કાઢી બતાવે છે.



નિરંજન ઠક્કર

ઇનામી નિબંધ હરીફાઇ

કૈ૦ મહારાજા સયાજીરાવ ત્રીજા સ્મારક સંશોધન સમિતિ તરફથી 'વૈજ્ઞાનિક દૃષ્ટિ' (Scientific Outlook) એ વિષય ઉપર ઇનામી નિબંધ હરીફાઈમાં, ગુજરાત રાજ્યના બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, અમરેલી, વડોદરા, અમદાવાદ, ખેડા, પંચમહાલ, ભરુચ અને સૂરત જિલ્લાનો કોઇપણ વતની ભાગ લઇ શકશે. શ્રેષ્ઠ નિબંધને રૂ. ૩૦૦નું ઈનામ આપવામાં આવશે. નિબંધ (૧) ફૂલ્સ્કેપ કાગળની એક બાજુએ; (૨) ગુજરાતી, હિન્દી કે મરાઠી એ ત્રણ પૈકી કોઈ પણ ભાષામાં; (૩) ઓછામાં ઓછા દસ હજાર શબ્દોનો, પણ પચીસ હજાર શબ્દોથી વધુ નહિ તેવો; અને (૪) તા. ૧૫મી જૂન ૧૯૬૪ સુધીમાં નીચેના સરનામે પહોંચે તેમ મોકલવો જોઇએ: મંત્રી કૈ૦ મહારાજ સયાજીરાવ ત્રીજા સ્મારક સંશોધન સમિતિ, પ્રાચ્યવિદ્યા મન્દિર, પો. બો. નં. ૭૫, વડોદરા.



પચ્ચીસ વર્ષ પહેલાં પણ 'કુમાર' જે વૈવિધ્ય આપતું તેની વાનગી રૂપે આ નીચે અશોક હર્ષનો 'ઘોડા' વિષેનો માહિતીપ્રચુર લેખ, કાકાસાહેબ કાલેલકરે આલેખેલો 'લંકા'નો અંગૂઠિયો ઇતિહાસ, વાલજીભાઈ દેસાઇએ શરૂ કરેલી 'પંચતંત્ર'ની કથામાળાનો આમુખ અને એક અભિનવ કસોટી ઉતારીએ છીએ :

"પ્રાણીઓના ઉત્ક્રાન્તિક્રમમાં કોઇનો પણ અંકોડાબંધ ક્રમવિકાસ હાથ લાગ્યો હોય તો ઘોડાનો જ. ભૂસ્તરના યુગેયુગના ખડકોમાંથી તેના અવશેષો હાથ લાગતા જ રહ્યા છે. ઇઓસીન યુગ લઇએ, તો તે યુગના ઘોડા ઇઓહિપ્પસને પગે તાપિર જેવાં ચારઆંગળાં મળી આવે છે, ને તેનું કદ માત્ર ઘેટા જેવડું જણાય છે. ત્યાર પછી ઓલીગોસિન યુગમાં વળી એક આંગળું લુપ્ત થઈ, ગેંડા જેમ ત્રણ જ આંગળાં તેને જણાય છે. જેમજેમ આગળ વધતા આવીએ છીએ તેમ આંગળાં ઘટતાં જાય છે, શરીરના બંધારણમાં પણ ફેરફાર થતો જાય છે ને કદની પુખ્તાઈ ને સુઘટતા આવતાં જાય છે. (જુઓ નીચેનાં ચિત્રો)

આ બધાં સાધનો ઉપરથી સહેજે અનુમાન બાંધી શકાય કે ઘોડાનું પૂર્વજ મૂળ તો માત્ર સસલાના કદનું, પાંચ આંગળાંવાળું ભરાડ પ્રાણી હશે. ભિનાશવાળી પોચી જમીન પર તે રહેતું હશે ને કૂણીકૂંળી વનસ્પતિ ખાતું હશે. પણ કુદરત એ માટે દિનપ્રતિદિન પ્રતિકૂળ થતી જ ગઈ, ને તેને પોતાની હસ્તી ટકાવવા, ફરજિયાત પ્રાપ્ત સંયોગો અનુસાર જીવવું યા તો નાબૂદ થઈ જવું રહ્યું. એનો સળંગ ભૂત ઇતિહાસ બતાવે છે કે યુગાનુયુગે પોતાની જીવનપરિચર્યા બદલાવતા રહી ઘોડાએ પોતાની નસલ નાબૂદ થવા નથી દીધી.

ઘોડાનો પિતૃદેશ અમેરિકા લેખાય છે, છતાં નવાઈની વાત એ છે કે છેવટે છેવટે અમેરિકામાંથી જ એની હસ્તી નાબૂદ થઇ ગએલી! પૃથ્વીના ભૂતકાળમાં અમેરિકા અને એશિયા ખંડ બંને જોડાએલા હતા એ કાળે ઘોડાઓ પિતૃદેશ ત્યાગી એશિયામાં આવી વસેલા. એશિયામાંથી જ યૂરોપમાં તેમની આયાત થઈ, ને ત્યાંથી અમેરિકાએ તો ઠેઠ અઢારમી સદીમાં તેમની ફરી આયાત કરી!

પણ ઘોડાને સાચું માહાત્મ્ય આપનાર પહેલી પ્રજા તો આર્યપ્રજા જ હતી. પ્રાચીન સમયથી આર્યલોકો તેમને પાળતા, તેમના પર સવારી કરતા, તેમને રથમાં જોડતા, તેનું માંસ ખાતા ને દૂધ પીતા. આર્ય વૈદકમાં ઘોડાનાં માંસ ને દૂધના અનેક ગુણો વર્ણવવામાં આવેલા છે. સમુદ્રમન્થન વખતે પણ ચૌદ રત્નોમાં એક રત્ન તરીકે ઉચ્ચૈઃશ્રવા ઘોડો મળી આવ્યાનો ઉલ્લેખ છે. આર્યો સિવાય બીજી કોઈ જાતિને તેની ઓળખ ન હતી, તે એટલા પરથી જણાશે કે બકૂત્ર, અસુર ને મિસરની ભૂતકાલીન મહાપ્રજાઓ તેને 'પૂર્વના ગધેડા' તરીકે ઓળખાવતી!


આર્યોએ અશ્વવિજ્ઞાનને એની ચરમ સીમાએ પહોંચાડયું હતું. આજથી સદીઓ પહેલાં એમણે ઘોડાની જાતિઓ, તેમની ખાસિયતો, તેમની શરીરરચના, તેમની ચિકિત્સાનું સંપૂર્ણ વિજ્ઞાન રચી નાખેલું. ચક્રવાક, મલ્લિક, અષ્ટમંગલ, કલ્યાણપંચક, ચિન્તામણિ, શિવ જેવી ઉત્કૃષ્ટ જેમ જ મુષલી, કરાલી, શૃંગી, કૃતાન્ત વગેરે નિકૃષ્ટ જાતિઓના યે એમણે વર્ગ પાડેલા. આપણાં પુરાણોમાંનાં નળ, નકુળનો એ વિષયનો 'શાલિહોત્ર' ગ્રન્થ પ્રસિદ્ધ છે 'ભાવપ્રકાશ' તથા 'સુશ્રુતસંહિતા'માં પણ એ વિજ્ઞાન ચર્ચવામા આવ્યું છે; એ ઉપરાંત જયદત્તનું 'અશ્વવૈદક' અને ભોજનું 'યુક્તિકલ્પતરુ' પણ પ્રસિદ્ધ છે.

અત્યારે તો ઘોડાની મૂળ જાતિઓ આફ્રિકા ને પશ્ચિમ એશિયાના જંગલી મુલકમાં મળી આવે છે. એ સૌમાં તુર્કી ઘોડા સૌથી વિશેષ શ્રમશીલ ને સહિષ્ણુ ગણાય છે. યારકંદ ને ભૂતાનના ઘોડા પહાડો પર ચડવામાં કુશળ મનાય છે. હિંદમાં કચ્છ, કાઠિયાવાડ, પાલણપુર, શેખાવટી, ભરતપુર ને અલવરના ઘોડા ખાસ વખણાય છે. હિમાલયની પહાડીઓમાં 'ઘૂંટ' નામે ઓળખાતી ઘોડાની જાતિ થાય છે જે સૌથી બલિષ્ઠ ગણાય છે. આજ દિન સુધી હિંદમાં ઘોડો એ બળનું પ્રતીક ને છડી સવારીનું અજોડ વાહન ગણાય છે ને તેના વેચાણ માટે ભાલોત્ર, અમૃતસર પુષ્કર વગેરે સ્થળે દર વરસે મોટા મેળા ભરાય છે.

ઘોડાને જો માવજતપૂર્વક રાખવામાં આવે તો તે સાઠ વર્ષ જીવે છે. હાથી જેમ તેને દૂધિયા દાંત પણ આવે છે ને કૂતરા જેટલો જ તે સ્વામીભક્ત છે. મહારાણા પ્રતાપનો 'ચેતક' તેનું જ્વલંત ઉદાહરણ છે. કાઠિયાવાડના બહારવટાના ઈતિહાસમાં પણ એવાં અનેક ઉદાહરણો દફનાએલાં પડયાં છે.

માદા બાર મહિને એક બચ્ચાને જન્મ આપે છે. એનું દૂધ ખાસ પુષ્ટિકર ગણાય છે. એમાંથી એક પ્રકારની મદિરા બને છે.

મોર જેવું નૃત્ય, તીર જેવો વેગ, સિંહ જેવી ફાળ અને શ્વાન સરખી સ્વામીભક્તિ ધરાવતો ઘોડો પણ એક રીતે પ્રજાની શક્તિમત્તાનું પ્રતીક છે. આજે માત્ર ગાડીઓનાં 'ટાયડાં' રૂપે રહેલી એની પ્રતિષ્ઠા આપણી હીનતાનું સ્પષ્ટ ભાન કરાવે છે."



ઉપર: ઇઓહિપ્પસથી માંડી આજના ઘોડા અને એમના પગનો વિકાસક્રમ. ઘોડાના આજના સ્વરૂપનો આદિ વડવો. વચ્ચે: ઉત્તર યુરોપનો ઘોડો; ભારે શરીર વિશાળ છાતી ને મજબૂત પગમાં મોટી ખરી. છેલ્લે પૂર્વનો ઘોડો; પાતળી કાઠી, વેગીલી ગતિ.

આપણામાં દિગ્વિજયી પુરુષ જેમ એક બુદ્ધ જ થયા છે તેમ દિગ્વિજયી ગ્રન્થ પણ

એક પંચતન્ત્ર જ રચાએલ છે. કોઇએ લખ્યું છે, કે બાઈબલ વિના બીજા કોઈ ગ્રન્થના આના જેટલો પ્રચાર થયો નથી. પણ બાઈબલની વાત નોખી છે. બાઈબલ ધર્મશાસ્ત્ર છે; પંચતન્ત્ર અર્થશાસ્ત્ર છે. એટલે બાઈબલના પ્રચારમાં ઠીકઠીક કૃત્રિમતા રહેલી છે; પણ પંચતન્ત્ર તો સ્વયંપ્રચારી છે. આ રીતે પંચતન્ત્ર જગતગ્રન્થોમાં પણ એકમેવાદ્વિતીયમ્ સિદ્ધ થાય છે. પ્રોફેસર હર્ટલે નોંધ્યા પ્રમાણે પચાસ કરતાં અધિક ભાષાઓમાં પંચતન્ત્રનાં બસો ઉપરાન્ત રૂપાન્તર મળી આવે છે, તેમાંથી લગભગ દોઢસો ભારતના સીમાડા બહાર થએલાં છે. ખુશરૂ નૌશેરવાનના આશ્રિત ઈરાની હકીમે સં. ૬૦૦ લગભગ એનો પહ્લવી અનુવાદ કર્યો, ને પહ્લવીનું સીર્યક સં. ૬૨૫ લગભગ તથા અરબી સં. ૮૦૦ લગભગ થયું. સંવત્ ૧૦૦૦ લગભગ પંચતન્ત્ર યૂરોપ પહોંચ્યું, તે પછીનાં પાંચસો વર્ષની અંદર એના ગ્રીક, લૅટિન, સ્પૅનિશ, ઇટૅલિયન જર્મન, ઇંગ્રેજી, સ્લૅવૉનિક, ચેક આદિ ભાષાઓમાં અનુવાદ થઈ ગયા હતા. પંચતન્ત્રનું સામ્રાજ્ય પૂર્વમાં યવદ્વીપ (જાવા)થી પશ્ચિમમાં આઈસલૅન્ડ લગી પથરાયેલું છે.


દેશમાં પણ એના પર કૈક સંસ્કાર થયા છે. કોઇએ એનો વિસ્તાર, તો કોઈએ સંક્ષેપ કર્યો; કોઈએ ગદ્યમાં તો કોઇએ પદ્યમાં એનું નિરૂપણ કર્યું; પ્રાકૃતમાં અનુવાદ થયા ને એ અનુવાદનું પાછું કોઈએ સંસ્કૃત કર્યું (એજર્ટન).

હિંદુસ્તાનની દક્ષિણે આવેલો લંકાદ્વીપ વાલ્મીકિના રામાયણ પ્રમાણે કશ્યપના પુત્ર રાવણનો મુલક. સતી સીતાના નિવાસથી એ પ્રદેશ પાવન થયો. અને આખરે રામને હાથે ભક્ત વિભીષણને મળ્યો. પછી તેનું શું થયું એ આપણા ગ્રંથોમાં મળતું નથી. બૌદ્ધ ગ્રંથોની માન્યતા પ્રમાણે લંકાદ્વીપમાં પ્રથમ યક્ષ લોકો રહેતા હતા. એ પ્રદેશ બંગાળ તથા ગુજરાત સાથે સંબંધ ધરાવતો. વીરવિજય પોતાના દોસ્તોને લઈ ત્યાં જઈ પહોંચ્યો અને એ દેશ પોતાનો કર્યો. એના જ વંશમાંનો દેવાનામ્પ્રિય તિસ્સ રાજ્ય કરતો હતો ત્યારે અશોકનો પુત્ર મહીન્દ્ર અને એની બહેન સંઘમિત્રા સિલોનમાં આવ્યાં અને લંકામાં બૌદ્ધ ધર્મ દાખલ થયો. એ પછીનો ઇતિહાસ મોટે ભાગે લંકાના રાજાઓનાં માંહોમાંહેનાં યુદ્ધો અને દક્ષિણ હિંદુસ્તાનના તમીળ લોકોનાં યુદ્ધોથી ભરેલો છે. લંકામાં બૌદ્ધ ધર્મ એવોતો **સરસ** જામ્યો કે હજી યે બોધિવૃક્ષની ત્યાંની ડાળની પેઠે ત્યાં તે ફાલે છે.

મુસલમાનો લંકા પહોંચ્યા ખરા, પણ તેમણે ત્યાં રાજ્ય કરવાનો લોભ ન રાખ્યો. ચીનના બાદશાહે લંકા ઉપર થોડા દિવસ રાજ્ય ભોગવ્યું, પણ કંઈ ટક્યું નહિ. ત્યાર પછી પોર્ચ્યુંગીઝ લોકોએ સિલોનનો કબજો લીધો અને અનેક રીતે બૌદ્ધ લોકોને પજવી એ ધર્મનો નાશ કર્યો. પોર્ચ્યુંગીઝ પછી ડચ લોકો આવ્યા. ડચ લોકો ધર્મની બાબતમાં ઝનૂની ન હતા, પણ એમણે પોતાનો ડચ રોમન કાયદો ત્યાં લાગુ કર્યો તે હજુ ચાલે છે. એમણે કેટલાક કિલ્લા બાંધ્યા તે ય હજુ ઊભા છે અને કેટલાંક ડચ કુટુંબો લંકામાં હજુ છે જે બરગરને નામે ઓળખાય છે. ડચ પછી અંગ્રેજો ત્યાં પહોંચ્યા. મધ્યદેશના બૌદ્ધરાજાઓએ અંગ્રેજોને નોતર્યા અને તેમને આખું રાજ્ય સોંપી દીધું. (એ પછી ભારતની પેઠે લંકા પણ અંગ્રેજોથી સ્વતંત્ર થયું.)









એ અંકમાં આપેલી, પ્રાચીન પિત્તળકામની અદ્‌ભુત કારીગરીવાળી, અમદાવાદના શાહઆલમના રોજાની આઠ જાળીઓ પૈકીની પાંચ.

'A quick brown fox jumps over the lazy dog. આ અંગ્રેજી વાક્યમાં તમને કાંઈ જાણવા જેવું લાગે છે? નહિ? એમાં A થી Z સુધીના બધા અંગ્રેજી મૂળાક્ષરો આવી ગયા છે! ગુજરાતી ભાષાનું આવું એકાદ વાક્ય રચવાનો પ્રયત્ન કરી જુઓ તો! પણ દરેક ગુજરાતી મૂળાક્ષર તેમાં આવી જ જવો જોઇએ.'

૧૭૪મા અંકમાં કરેલી આ જાહેરાતના આવેલા ઉત્તરોમાંથી છ વાક્યો અમે (આજથી પચ્ચીસ વર્ષ પરના ૧૭૯મા અંકમાં) પ્રકટ કરેલાં. તેમાંનું પહેલું ('લઘુલિપિ'ના સર્જક સ્વ. હરિકૃષ્ણ વ્યાસનું રચેલું) તથા બીજું (શ્રીનિવાસ દિવેટિયાનું) આ નીચે ઉતારીએ છીએ:

'ઘણી ગૂઢ, છતાં વિશ્વબંધુત્વ માટે અંતઃકરણથી ઝઙ્ખાનારા વૈજ્ઞાનિકોએ સફળ ઠરાવેલી સગ્ગાજયદષ્ટિની શોધ ભૌગોલિક એકતાને ઊંચી કક્ષાએ પહોંચાડશે.'

સગ્ગાજયદષ્ટિ=ટેલિવિઝન

'જેણે ભાષા, અહ્કજ્ઞાન, ગઢમાં ચાલતા છળ, ફંદ ને ઠગાઇ ઝડપથી સુધાર્યાં તેને, હે વીર ક્ષત્રિય, ખરી શાબાશી ઘટે.'
આજે પણ આ કસોટીનું આહ્વાન ઉપાડી લેવા જેવું છે.

સ હ દે વી

એ તો સ્પષ્ટ છે કે આ લિપિનું નામ તેના સંશોધક સહદેવ ઉપરથી આવ્યું છે. પણ એ કયારે થઈ ગયા તેનો કોઈ ઉલ્લેખ કે પુરાવો મળતો નથી.

શ્રી સારાભાઈ નવાબ સંપાદિત 'જૈન ચિત્રકલ્પદ્રુપ' ગ્રંથમાં આનું ઉદાહરણ આપ્યું છે તે જ સાભાર અહીં ઉતારું છું:

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯
આ દિ સ ર પ હિ લા ન મું

અનુક્રમે અક્ષર અંક;
'ક' મિંડું ૦ 'ખ' ચોકડી ×,
'ગ'ગેં વિવણો વંક ∽.
'ચ'ચિં આધો ચંદલો ◡,
'ત'તેં લીહ તરાલ ≡;
'જ'જેં સાથિયો જાણીઇ ✠
'વ'વિં મિંડુ વાડ ⊙.
'છ'છેં દો લીટી ખડી ||
'ટ'ટેં ઊભી ચ્યાર ||||;
'ભ'ભેં મીંડું ચાંકડો δ,
'ઢ'ઢેં ત્રિખૂણ વિચાર △.

એતા અક્ષર એણે રૂપે કરવા. તેહના કાના માત્ર જે અક્ષરના બોલતા હોય તે કરવા. બીજા બાકી રહ્યા તે અક્ષર કરવા. ઇતિ સહદેવી જાણવી." (ભાષા જૂની છે; જેમ છે તેમ જ રાખી છે.)

આ લિપિની ગોઠવણ એવી છે કે તેમાં ચાર મહત્ત્વના મુદ્દા સમાઇ ગયા છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ આ અંકોને 'આદિસર પહિલા નમું' એ મૂળાક્ષરો રૂપે યોજવામાં આવ્યા છે. ઉદાહરણ તરીકે ૧ માટે 'અ', ૨ માટે 'દ', ૩ માટે 'સ', ૪ માટે 'ર' વગેરે.

હ્રસ્વ ઈ અને દીર્ઘ ઈ માત્રાઓ વગેરે તો જેમ લખાય છે તેમજ લખવાની છે. ઉદાહરણ તરીકે 'આદિસર' લખવું હોય તો ૧ા રિ ૩ ૪ આ રીતે લખાય.

કેટલાક મૂળાક્ષરો માટે અમુક આકૃતિઓ સૂચવી છે. તે નીચે મુજબ છે:
ક માટે ૦ ગોળ મીંડુ, ખ માટે ×,
ગ માટે ∽ વિવણો, ચ માટે ◡ ચંદ્ર,
ત માટે ≡ ત્રણલીટી, જ માટે ✠ સાથિયો
વ માટે ⊙ વાડ, છ માટે || ઊભી બે લીટી,
ટ માટે |||| ઊભી ચાર લીટીઓ,
ભ માટે δ આંકડો, ઢ માટે △ ત્રિકોણ.

બાકી રહેલા મૂળાક્ષરો જેવા કે ઘ ઙ ઝ, ઞ, ઠ, ડ, ણ, થ, ધ, ફ, બ, ય, શ, ષ, ળ, ક્ષ, જ્ઞ જેમ છે તેમજ લખવાનાં છે. ઇ ઈ ઉ ઊ ઋ વગેરે સ્વરો પણ જેમ છે તેમ જ રાખવાના છે.

આ રીતે ચાર નિયમોનો ઉપયોગ કરીને આ લિપિની રચના થઈ છે. આ લિપિની ખૂબી એ છે કે તેમાં વિસ્તારથી ગમે તે જણાવી શકાય છે. છતાં તેની ગૂઢતા ખૂબ રહે છે. આ લિપિમાં 'કુમાર એ કલાનું સુંદર માસિક છે' એ વાકય લખવું હોય તો ૦ુ૯ા૪ ૨ે ૦૭ાદું ડું૨૪ ૯ાડિ૦ છે એમ' લખાય.

'રવિભાઈ'લખવું હોય તો ૪િ⊙δાઈ લખાય. આ લિપિ જરા અઘરી લાગે તેવી હોવા છતાં ગૂઢ સંકેતો માટે ઘણી જ મહત્ત્વની છે; તેથી હું માનું છું કે પ્રાચીન સમયના કોઇ ગુપ્તચર નિષ્ણાતે શોધી હશે, જેનું ફક્ત સહદેવ નામ જ જળવાઈ રહ્યું છે.

અનુસંધાન] નરસિંહ મહેતાની હૂંડી [પૃ. ૪૫૧થી

કુ૦: ઓહો! તું તો મોટો મહાત્મા થવા ૧૫ છે? પણ ગઈકાલ સુધી તું શું ધારતોહતો?

પ્રદ્યુમ્ન: કાંઇ 'ધારતો' ન હતો!

કુ૦: મારી સાથેપરણવાનુંનહોતોધારતો?

: ના.

કુંદન: નહોતો ધારતો?

પ્ર૦: 'ધારતો' ન હતો! મને સંપૂર્ણ 'ખાતરી' હતી કે તું મારી સાથે પરણીશ.

કુંદન: એવી ખાતરી કેવી રીતે થઈ?

પ્ર૦: કારણકે 'અચોક્કસ' ખાતરી રહે એવું તારું વલણ નહોતું.

કુંદન: પણ તારાં ઘરનાંનું વલણ જાણ્યા વિના તું લગન કરી લેત?

પ્ર૦: આ બાબતમાં ઘરનાંનું વલણ જાણવાની હું પરવા કરતો નથી. અને મુખ્ય વાત તો એ કે તારી માફક મારે એવી 'મમ્મી' નથી જે મારી સામે ઘૂરકે. અને પપ્પા છે, પણ, માફ કરજે, તે પોતાની ખાતર મારી જિંદગી વેચે એવા નથી. ઊલટાના મારે ખાતર પોતાની જિંદગી વેચે એવા છે.

કુંદન: સારું, સારું! તો ધાર કે આપણે મૅરેજ કરી લીધાં. તો પછી મારા ફાધરનું શું? મારા કુટુંબની શી દશા થાય?

પ્ર૦: એ 'ધારવાના' દાખલા પહેલાં કોઇ ક્લાસમાં ચાલતા હતા; હવે ભૂલી ગયો છું.

કુંદન: તો પછી મારે શું કરવું?

પ્ર૦: તારે પરણી જવું.

કુંદન: પણ કોની સાથે?

પ્ર૦: ગમે તેની સાથે!

કુંદન: તને હું મારી બસીશ હોં?

પ્ર૦: હવે તારો એ હક્ક રહ્યો નથી.

કુંદન: (આવેશમાં) તું કેમ આટલો ક્રૂર થાય છે, પ્રદ્યુમ્ન તને મારી કંઈ જ પડી નથી?

પ્ર૦: તું સલાહ માંગે છે, ને હું તને આપું છું.

કુંદન: આવી સલાહ?

પ્ર૦: વાસ્તવિક સલાહ છે. કુટુંમને બચાવવું હોય તો કૃષ્ણલાલ સાથે લગન અને...

કુંદન: જિંદગી ખતમ!

પ્ર૦: (એકદમ 'મૂડ' બદલી) અરે કુંદન મને એક આઇડિયા આવ્યો છે.

કુંદન: તારા આઇડિયા બધા વાયડા પડી જાય એવા હોય છે.

પ્ર૦: તું સાંભળ તો ખરી! તારે કૃષ્ણલાલ સાથે ત્રણ ફેરા ફરવા; માત્ર ત્રણ, હોં? પછી તારા ફાધર પરનું એનું બધું લેણું વસૂલ થઇ ગયું છે એમ એ લખી આપે પછી જ ચોથો ફેરો ફરવો.

કુંદન: તારા ચક્રમવેડા રહેવા દે...(થોડી વારે) હાં પછી?

પ્ર૦: પછી એ જાડિયો બધું રીતસર લખી આપે એટલે 'ચોથો ફેરો ફરવા હમણાં આવું છું' એમ કહી રફુચક્કર થઈ જવું?

કુંદન: ક્યાં ચૂલામાં?

પ્ર૦: અરે ચૂલામાં નહિ, મોટરમાં; આપણે બે જણાએ...

કુંદન: બસ, બસ! તારી લવરી બંધ કર. તને કાંઇ ઈન્ટિગ્રિટીનું ભાન-બાન છે કે નહિ? આવી જ તારી નેકી છે?

પ્ર૦: એક બીજો આઇડિયા! (કુંદનનું મૌન) આ તો એક્સેલન્ટ આઈડિયા છે!

કુંદન: હવે તું રહેવા દે; મને કંટાળો આવે છે.

પ્ર૦: તે દૂર કરવાનો જ આઈડિયા છે. ચાલ એક સેટ રમી આવીએ.

કું૦: આવે વખતે સેટ રમવાનું સૂઝે છે?

પ્ર૦: ત્યારે શું કરું? તું કંઈ સુઝાડતી નથી ને મારું સુઝાડેલું તને ગમતું નથી!

(બારણે ઘંટડી વાગે છે.)

કુંદન: (સફાળી) કોઇ આવ્યું! મમ્મી હશે તો? આપણને આમ એકલાં જો...

પ્ર૦: એમાં શું?

કુંદન: (ગભરાઈ) તું ક્યાંક સંતાઇ જાને, પ્લીઝ...જલદી! જલદી!

પ્રદ્યુમ્ન: હું શા માટે સંતાઉં?

કુંદન: તું દલીલો ના કર, ભાઇસાબ. (એને ખેંચીને કબાટ પાસે ખૂણામાં તારની વળગણી આગળ લઇ જાય છે.) જલદી છુપાઈ જા. રહે, હું જ તને આ... આ વળગણી પર મારી મમ્મીનો સાલ્લો નાખું છું એની પાછળ ભરાઇ રહે...બોલીશ નહિ; હું જઇને બારણું ખોલું છું. (જતાં જતાં) એ ખોલું છું.

ન૦: (પ્રવેશી) કેમ બેન વાર લાગી? બારણું કેમ બંધ કર્યું હતું?

કુંદન: એ તો...છે, છે ને તે પપ્પા હું...

ન૦: વાતો કરતી હતી?

કુંદન: હું છે ને...તે કપડાં બદલતી હતી.

ન૦: પણ અહીં કોઇ બીજું બોલતું હોય એવું મેં સાંભળ્યું ને?

કુંદન: અહીં? અહીં તો કોઈ નહોતું બોલતું!

ન૦: હશે! મને એવો ભ્રમ થયો હશે. કોઇકોઈ વાર મને ભ્રમ થઈ જાય છે!

કુંદન: હા...શ!

ન૦: કેમ 'હા...શ'!

કુંદન: તમને જોયાને, પપ્પા, એટલે!

કુંદન: આવે વખતે તમને ઘરમાં જોયા નહિ એટલે મને તમારી ફિકર થતી હતી. ઘણી વાર આવે વખતે લોકો કેવું કરી બેસે છે! પણ આ મારી મમ્મી કેવી છે? આમ તમને રેઢા મૂકીને જવાતું હશે?

ન૦: એ મને રેઢો મૂકીને નહોતી ગઈ, હું જ એને રેઢી મૂકીને ગયો હતો. પેલા કૃષ્ણલાલનું મોં બાળી આવ્યો! હા...શ, હવે તું અને હું બંને છૂટ્યાં.

કુંદન: (નાચી પડતાં) સાચું પપ્પા? શી વાત કરો છો? ક્યાંથી લાવ્યા પૈસા?

ન૦: મારા હરિના એક લાલે આપ્યા વળી! નિરાંત થઇ. હવે મારું તો...

કુંદન: (ભેટી પડતાં) ઓ માય ડીઅરેસ્ટ પપ્પા! યુ આર સો...સો...ગુડ!

ન૦: (તાકીને જોતાં) પેલી વળગણીએ સાલ્લો આમ કોણે લટકાવ્યો છે?

કુંદન! હેં? હા, હા, પપ્પા, એ તો મમ્મી નાખીને ગઇ હશે. આપણે શું?

ન૦: અને નીચે પેલા બૂટ દેખાય છે તે પણ તારી મમ્મી ભૂલી ગઇ લાગે છે! પણ બૂટ એ પહેરતી તો નહોતી કોઈ દિવસ!

કુંદન: પ...અ...પ્પા...આ......

ન૦: એ બૂટમાં પગ દેખાય છે એ પણ, મને લાગે છે, તારી મમ્મી ભૂલીને ગઇ હશે!

કુંદન: (ખોળામાં માથું નાખી દઈને) પપ્પા! પ્લીઝ, એક્સક્યુઝ મી....એ તો પ્રદ્યુમ્ન છે.

પ્ર૦: (ત્યાંથી જ) હવે તું કહેતી હોય તો હું બહાર આવું!

કુંદન: ઓહ! આવને. એ તો પપ્પા, હું તમને વાત નહોતી કરતી એ પ્રદ્યુમ્ન છે. મમ્મીની બીકે આમ સંતાડી દીધો હતો...

ન૦: (હસીને) પણ બિચારાને આવી સજા?

કુંદન: તો પપ્પા તમારી રજા છે?

ન૦: શાની?

કુંદન: આ પ્રદ્યુમ્ન સાથે...

ન૦: હા, પણ મારી વાત યાદ છે ને?

કુંદન: યાદ છે, તમે જ હવે ખાતરી કરો.

ન૦: બહેન! પણ હમણાં તો મારું મગજ ઠેકાણે નથી. હજી આફતો પૂરી થઈ નથી; ને એમાંની એક આફત તો—

માણેક: (બારણાંની વચ્ચોવચ) આ આવી!

પ્ર૦: (બબડે છે) સાચી જ વાત છે.

કુંદન: (ગભરાઇને) શું આ આવી?

માણેક: એ તો તારા માસા નીચે ઊભા છે ને, એમને કહું છું, કે અહીં તારા પપ્પા છે કે નહિ તે જોઇને આ આવી! (નરસિંહને જોઈ) અરે! અહીં જ છે ને! (બૂમ પાડી) એ મનસુખલાલ...ઉપર આવો ઉપર, આ રહ્યા!

ન૦: હા, હું આ રહ્યો. શું કરવાનું છે મારું?

માણેક: શું કરવાનું હોય...? તમે પેલાને રૂપિયા કેમ ચૂકવી દીધા!

ન૦: રૂપિયા ન ચૂકવવા દઈને તારે મને જેલમાં બેસાડવાનો હતો?

મન૦: (પ્રવેશતાં જ) જેલમાં નહિ.

ન૦: મેં તમને એકવાર કહ્યું કે મારે છોકરી નથી વેચવાની. છતાં એ લપ મૂકતા નથી?

માણેક: પણ પેલો હમણાં આવશે એને મોં શું બતાવશો? 'હૂંડી' લખીને બેઠા છો, પણ સામેવાળો સ્વીકારવાનો છે?

ન૦: ભલે મારે જેલમાં બેસવું પડે. પણ કુંદનની બાબતમાં હું કોઇનું ચાલવા દેવાનો નથી. જુઓ આ પ્રદ્યુમ્ન...

માણેક: કોણ છે?

ન૦: એ પ્રદ્યુમ્ન છે.

માણેક: હા, હા, એ ગમે તે છે; પણ અહીં કેમ આવ્યા છે?

પ્ર૦: આપની પુત્રીને પૂછો.

માણેક: તમે જ કહી નાખોને!

પ્ર૦: એણે મને બોલાવ્યો હતો.

માણેક: એણે? એણે? અલી, તેં એને બોલાવ્યો'તો? તને-તમને એ શા માટે બોલાવે?

પ્ર૦: એવો અમારો સંબંધ છે!

માણેક: એવો તમારો સંબંધ છે? બોલતાં જરાક વિચાર કરજો. નહિતર ... નહિતર મારાથી કૈંક બોલી જવાશે!

પ્ર૦: આપ 'કૈંક' તો બોલી રહ્યાં છો!

માણેક: તમારું માન સાચવવું હોય તો અહીંથી ઇજ્જતભેર ચાલ્યા જાઓ.

પ્ર૦: અને જો આપનું માન જાળવવું હોય તો મારી સાથે ઈજ્જતભેર વાત કરો.

માણેક: એટલે? શું મારા ઘરમાં તું મારું અપમાન કરીશ?

પ્ર૦: એવું મારાથી થાય જ કેમ? આપ તો મારાં...શું કહું?

માણેક: શું? શું? હું તારી શું?

પ્રદ્યુમ્ન: મારાં... વડીલ છો, પૂજ્ય છો...,

મા૦: મારે કોઈનાં પૂજ્ય-ફૂજ્ય થવું નથી.

પ્ર૦: કદાચ આપને ન થવું હોય... પણ હવે થઈ ચૂક્યાં છો. એટલે હવે આપે એ પદ સ્વીકાર્યે જ છૂટકો.

માણેક: (નરસિંહને) તમે આને જવાનું કહો છો?

નરસિંહ: હું......?

માણેક: અને અલી કુંદન, તું પણ આવા આવા માથાના ફરેલાઓને સોબતી બનાવીને મારું અપમાન કરાવડાવે છે?

કુંદન: પણ અપમાન તો, મમ્મી, તું એમનું કરે છે! એમણે તો તને પૂજ્ય કહી છે. એમાં તારું અપમાન થઇ ગયું.

માણેક: અપમાન નહિ તો બીજું શું? વગર લેવાદેવાએ મને પૂજ્ય શાનો કહે?

કુંદન: પણ 'લેવાદેવા' છે, મમ્મી...

માણેક: છે?

કુંદન: હા, છે!

માણેક: શો જમાનો આવ્યો છે? ન્યાત, જાત, કુળ, કુટુંબ, ઓળખાણ, પિછાણ વગર એકદમ લેવાદેવા?

કુંદન: એ બધું તો, મમ્મી, તારા સંતોષ ખાતર. બાકી મારા સંતોષ ખાતર મારે જેટલું સમજવાનું હતું તે બધું સમજી લીધું છે.

માણેક: (નરસિંહને) તમે ય આને આ શું બકબક કરવા દો છો? જો છોકરી! મારી રજા વગર કાંઇ પણ પગલું લીધું છે તો...

કુંદન: પણ મને કૉન્ફિડેન્સ છે, મમ્મી, કે તું રજા આપીશ જ.

માણેક: આપ્યા રજા! મારી રજા મેળવતાં તો વાર લાગશે, વાર! હું તારા બાપ જેવી ગાલાવેલી નથી કે તું કહે એટલે હા પાડી દઉં. અને તમે? બાપ ઊઠીને વગર જોયે જાણ્યે એકદમ શું આવા—

તરુણ વેપારી: (આવેશમાં પ્રવેશીને) શું, આવા ધંધા કરો છો નરસિંહ મહેતા? શામળશા ઍન્ડ સને તો દુકાન પર ટાંચ લગાવી છે, અને તમે મને હૂંડી લખી આપો છો? તમારી આબરૂ નહોતી તો પછી મને પહેલેથી જ કેમ ના કહ્યું? લાવો, મારા પૈસા પાછા!

કુંદન: (પ્રદ્યુમ્ન આ સાંભળીને જવા માંડે છે તેને ધીમેથી) કેમ? તું કયાં ચાલ્યો?

પ્રદ્યુમ્ન: (ધીમેથી) મને તો, હું અરેબિયન નાઈટ્સની દુનિયામાં આવી પડયો હોઉં એમ લાગે છે! મને ભાગવા દે...

કુંદન: ગયો! બસ? આટલું જ તારું ય માપ હતું... (નિરાશ થઈ બેસી પડે છે.)

તરુણ: કેમ શેઠ? આવાં જ છોકરાં ફોસલાવતા ફરો છો? મને પહેલેથી કહ્યું કેમ નહિ?

નરસિંહ: ભાઇ તેં મને પહેલેથી એવું કયાં પૂછ્યું હતું?

તરુણ: હું તો વિશ્વાસે રહ્યો હતો; પણ તમારે ચોખ્ખું કહી દેવું જોઇતું હતું ને કે ભાઈ, મારી હૂંડી ચાલે તેમ નથી—મારાથી નહિ લખાય; તો હું બીજે જાત. પણ મને આમ રખડાવી મારીને તમે શા સવાયા કરવાના છો?

નરસિંહ: મેં તને કયાં રખડાવ્યો છે? તું જાતે રખડયો છે?

ત૦: એટલે? આ તે કાંઈ બોલવાની રીત છે.

નરસિંહ: તને એકદમ વેપાર ખેડી નાખવાની તમારા બાપાને બતાવી દેવાની હોંશ હતી. પછી મારાથી તને નિરાશ કેમ કરાય?

તરુણ: તમે શું મને નિરાશ કરતા'તા? કોઇના બાપથી ય હું નિરાશ થાઉં એવો નથી. અને તમે મારું શું ફકાળી આપવાના ય હતા? તમારું તો પહેલાં સંભાળો.

નરસિંહ: મારે જેટલું સંભાળી લેવા જેટલું હતું, તેટલું મેં સંભાળી લીધું છે; હવે—

તરુણ: હવે લાંબીચોડી કર્યા વગર ગણી આપો મારા રૂપિયા, જલ્દી.

નરસિંહ: રૂપિયા તો રૂપિયાને ઠેકાણે થયા! હવે કયાંથી લાવું?

તરુણ: એમ નાગાઇ કરવી છે? પણ યાદ રાખજો, મારી સાથે ૪૨૦ કરશો તો નહિ ફાવો. મને કાચોપોચો ના માનતા! હું તમારા પર ઠગાઇની ફરિયાદ માંડીશ.

નરસિંહ: માંડ તારે માંડવી હોય તો!

તરુણ: એટલે જેલમાં જવું પડશે મિસ્ટર! હું કાચું નહિ મેલું!

નર૦: તું તારે બધું પાકું જ કર, જા!

માણેક: આ તમે શું લઈ મંડયા છો? મારા ઘરનું ધંધોલિયું કરી દીધું. ને ઉપરથી આવા નાગાઈના શબ્દો બોલો છો? (તરુણને) ભાઇ, તમે જરા શાંતિ રાખો. એમનું મગજ ઠેકાણે નથી. તમારા રૂપિયા કયાં ય જવાના નથી.

તરુણ: કયાં ય જવાના નથી એટલે? કયાં આપવાના છે એ વાત કરોને!

માણેક: તમને જોતજોતાંમાં તમારા પૈસા મળી જશે, બસ?

તરુણ: અરે મારે તો હાલનેહાલ, અત્યારે ને અત્યારે જ જોઇએ! મારા બાપાને મારે જવાબ શો દેવો? અરેરે પ્રભુ! આ શો ધંધો કર્યો? મારા બાપા ખોટું કહેતા નથી-હું ઊંધા ને ઊંધા ધંધા જ કરું છું...(એકદમ ક્રોધમાં) આપી દો મારા રૂપિયા! નહિ તો પોલીસને—

માણેક: (મનસુખલાલને) એમ કરો; તમે હાલ ને હાલ જાઓ કૃષ્ણલાલને ઘેર; ને આપણે નક્કી કર્યા મુજબ લઈ આવો પૈસા પાછા!

નરસિંહ: હવે એ આપી રહ્યો!

મન૦: આપી રિયો શું? આપશે જ! તમારા ગયા પછી અમે એને બધી હકીકતથી વાકેફ કર્યો હતો; તે એણે રૂપિયા મળવા અથવા સંચોડા માંડી જ વાળવાનું કબૂલ કર્યું છે.હા. પછી તમારે કુંદનની બાબતમાં હા-ના નો થાય!

નરસિંહ: ગમે તેમ થાય, હું કુંદનને તો...

માણેક: તમે કહેનાર કહી રહ્યા! આજે હું

કોઇની નથી. હું બળજબરીથી કુંદનને કૃષ્ણલાલ સાથે પરણાવી દઈશ... ને રૂપિયા હાલ ને હાલ પાછા મંગાવી–

નર૦ : (સક્રોધ) હું એમ નથી થવા દેવાનો !

માણેક : મનસુખલાલ, ઊભા શું રહ્યા છો ?

નરસિંહ : નથી જવાનું.

માણેક : જવાનું છે!

નરસિંહ : (ધાંટો પાડી) હું હરગીઝ નહિ જવા દઉં?

માણેક : (મોટો ધાંટો પાડીને) તો હું ધાસલેટ છાંટીને બળી મરીશ, ને ભેગું આ ઘરે ય સળગાવતી જઈશ.

નર૦ : (સક્રોધ) તું તો કસાઈ છે, કસાઈ, ખપ્પર–જોગણી ! દીકરીને વેચવા બેઠી છો ન વેચાય તો આપઘાત કરવાની ધમકી આપે છે?

માણેક : ને તમે રાક્ષસ છો રાક્ષસ! સટ્ટામાં આખું ઘર ભરખી લીધું, આબરૂના કાંકરા કર્યા ને અમને રસ્તામાં રઝળતાં કરવા છે?

નરસિંહ : (ધાંટો પાડી પ્રહાર કરવા જતો હોય તેમ; પણ પ્રહાર કરાતો નથી–ક્રોધાવેશમાં) સળગી મર રાંખણી !

કુંદન : પપ્પા ! પપ્પા ! ના મારશો...

તરુણ : અરે રહેવા દો, રહેવા દો.

માણેક : (ક્રોધમાં પગ પછાડતી, કેરોસીન છાંટવા જાય છે.) મારું લોહી પીવા બેઠા છો ...પણ કયાં સુધી પીશો ? (ડબો ઉપાડે છે) આ દીવાસળી ચાંપી દઉં એટલે પાર આવે.

કુંદન : ઓ મમ્મી ! મમ્મી ! (ધમાધમ મચી જાય છે. બધાં રોકવા માંડે છે.)

તરુણ : હાં, હાં, હાં ! (પકડી રાખે છે.)

નરસિંહ : કર તારું કાળું ! ને હું મારું કાળું કરીશ (બારીએથી પડતું મૂકવા જાય છે. તે જોઈ કુંદનથી ચીસ પડાઈ જાય છે)

કુંદન : હાય હાય ! પ...પ્પા...(દોડીને તેના પગે બાઝી પડે છે)

તરુણ : અરે, અરે ! તમે ય શું મારા ભાઈ ! (બળ કરી પકડી રાખે છે.)

કુંદન : (રોતી) મારે નથી પરણવું પ્રદ્યુમ્ન જોડે...પપ્પા ! મારે નથી પરણવું...

મન૦ : હેં !

કુંદન : (એમ જ) જાઓ માસાજી, લઈ આવો કૃષ્ણલાલ પાસેથી રૂપિયા...

નરસિંહ : (ગળગળા થઇને) મારી દીકરી ! આ તું શું કરે છે?

કુંદન : પપ્પા...એમને લાવવા દો રૂપિયા.

નરસિંહ : ના. બેટા.

કુંદન : હું કૃષ્ણલાલને પરણીશ...

મન૦ : અબઘડી જાઉં છું. આ વેપારીનો પણ બિચારાનો નિકાલ થઈ જાય...

કુંદન : (રોતીરોતી) જા...ઓ.

તરુણ : અરે આ નરસિંહલાલને શું થયું?

માણેક : મનસુખલાલ, તમે તમારે જાઓને; અમે એમનું સંભાળીએ છીએ...જાઓ.

પ્ર૦ : (હાંફતો પ્રવેશીને) જવાની જરૂર નથી.

બધાં : (ચમકીને) કેમ? શું?

પ્ર૦ : શામળશા ઍન્ડ સન્સે નરસિંહ મહેતાની હૂંડી સ્વીકારી લીધી છે.

તરુણ : (આશ્ચર્યથી) હેં? શું કહો છો? હોય નહિ, હોય નહિ !

પ્ર૦ : હોય નહિ શું? છે. જુઓ આ બ્રાન્ચ પરનો રિપ્લાઈ ટેલિગ્રાફ. એમાં હૂંડી સ્વીકારવાનો ઑર્ડર છે કે નહિ? જુઓ.

તરુણ : (તાર હાથમાં લઈ જોઇ) ઓત્તારી ! તમે કહો છો, એમ જ છે !

માણેક : પણ આ બધું બને કેમ ?

પ્ર૦ : (કુંદન સામે મલકાઈ) આ કુંદનને મારે પહેલેથી જ મારા કુટુંબનો પરિચય આપી દેવાની જરૂર હતી. તો આ બધી રામાયણ થાત જ નહિ.

મનસુખ : તે તમારી આ શામળા ઍન્ડ સન પર આટલી લાગવગ કયાંથી ?

પ્ર૦ : હું, હું...શું કહું ? હું એ કંપનીના– ના શામળશાનો જ સન !

બધાં : હેં? તમે શામળશાના જ દીકરા ?

પ્ર૦ : હા જી! આ વેપારી જુવાનના ઝગડા પરથી મને તરત જ પરિસ્થિતિ સમજાઈ ગઈ ને તરત જ બાપુજીને કૉલ કર્યો કે મારા પૂજ્ય શ્રી નરસિંહલાલ મહેતાની હૂંડી જે ઑફિસે રીફ્યુઝ કરી છે તે સ્વીકારી લો... ને તારથી આશીર્વાદ પણ મોકલો ! (માણેકને) જુઓ આ આશીર્વાદનો તાર, પૂજ્ય...માણેકબા !

માણેક : તમે જરા જીભ ટૂંકી રાખો ! ઊગતાં છોકરાંને લાંબી જીભ સારી નહિ!

મનસુખલાલ : (કુંદનને) અરે હૂંડી, તું તો ડબલ સ્વીકારાઇ ગઇ ! (બધાં હસે છે.)

તરુણ : અરે તમે સૌ તમારું કૂટચા કરો છો, પણ આ નરસિંહ મહેતાને તો બેઠા કરો !

પ્ર૦ : એમને જગાડવા એ આપણું કામ. કુંદન! ચાલ (એમની બંને બાજુએ જઈ ગાય છે.)


મારી હૂંડી સ્વીકારો મહારાજ રે
શામળા ગિરધારી...
મને એક તમારો આધાર રે
શામળા ગિરધારી...

(નરસિંહ મહેતા ધીરેધીરે આંખ ખોલે છે.)

(પડદો)

(આકાશવાણીના સૌજન્યથી)

શતરંજનો કોયડો-૪



White to play & win

સ્થિતિ : 8/4pk Pp/7B/3K4/32

કોયડો : સફેદે પહેલાં રમીને જીતવાનું.

ઉકેલ મોકલવાની છેલ્લી તારીખ ૭-૧૨-'૬૩. સરનામું : Suresh M. Mody, 6/9 Kandhari Colony, Chembur, Bombay-71.

સપ્ટેમ્બરના કોયડાનો ઉકેલ

સ્થિતિ : 8/5q2/1Q5K/8/4k3/8/-3B4/8 સફેદે રમવાનું અને જીતવાનું.

1 Q–K3ch, K–B4. (અહીં જો 1..., K–Q4 રમાઈને 2Q–N3chની ચાલ થાય તો કાળાનો વજીર તરત મરે છે.)

2 Q–B3ch ! (અહીં 2 Q–B4ch ન ચાલે એ આપણે આગળ જોઇશું.) 2..., K–K3. (આ સિવાય વજીર તરત મરે.) 3 Q–N-3ch, K–K2. (જો 3..., K–B3 તો 4 B–N5ch અને રાજા ગમે ત્યાં ચાલે પછી 5Q × Qथाय.) 4B–N5ch, K–B1 (અહીં જો કાળો 4..., K–K1 રમે તો 5 Q–N8ch, K–Q2; 6Q–N7ch, હવે જો 6...,K–K3 રમે તો 7 Q–N3ch અને 8 Q × Q તથા જો 6..., K–K1 તો 7 Q–B8 mate.) 5Q–N8ch, Q–K1; 6Q–Q6ch! K–N1 (અહીં 6...,K–B2; કાળો બે ચાલમાં મ્હાત થાય છે. 7 Q–B6ch, K–N1; 8 Q–N7 mate. વળી જો વજીર વચ્ચે મુકાય તો 7 Q×Qch, K–N1; 8 Q–N7 mate.) 7 B–K7!!

આ કોયડાની આ સૌથી અગત્યની ચાલ છે. હવે સફેદ 8 Q–K6ch, K–R1; 9 B–B6 mateની ધમકી આપે છે. આ ધમકી સામે બે જ બચાવ છે. જે બન્ને બીજી રીતે નિષ્ફળ છે. દા. ત. 7..., Q–B2, 8 Q–B8-ch, Q–B1ch; 9 Q×Q mate. અથવા 7..., Q–QB1; 8 Q–N6ch, K–R1; 9 Q–N7 mate અથવા 9 B–B6 mate.

ઘરગથ્થુ ઔષધ [અજમો ૨૩

અજમાથી અજાણ્યું તો કોણ હોય? સંસ્કૃતમાં એણે 'યવાની' કહે છે. તે તીખો, કડવો, ઉષ્ણવીર્ય, હલકો, તીક્ષ્ણ, પાચન, દીપન, રોચક, હૃદયને પ્રિય ને હિતકર, તથા વાયુ, કફ, દંતરોગ, ગુલ્મ (ગોળો), ઉદરરોગ, શૂળ, બરોળવૃદ્ધિ ને કરમિયાનો નાશ કરનાર છે.

વાયુનાશક

અજમો ઉત્તમ વાયુહર છે. આ ગુણ એની તીખાશને કારણે છે. એ ઉપરાંત અજમામાં ઊડવાના સ્વભાવવાળું તેલ છે. તેથી વાયુની શુદ્ધિ થાય છે – આંતરડાંમાં ઉત્પન્ન થએલા વાયુનો નિકાલ થાય છે. આથી જેમને ખોરાકમાંથી વધુપડતો વાયુ ઉત્પન્ન થતો હોય એમને માટે અજમાનું સેવન અમૃત તુલ્ય છે. વાયુના વધુ ઉત્પાદનથી પેટમાં આફરો ચડે છે, અંદર ગુડગુડાટ થાય છે, અને વાયુ જો મળથી અવરોધ પામે તો શૂળ જેવી વેદનાનો અનુભવ થાય છે. તે હોજરીમાં ઉપર આવી દબાણ કરે છે તો એની અસરથી ડાબી બાજુ હૃદય પર દબાણ થાય છે અને પીડન જેવી વેદના થાય છે. આવા સર્વ વિકારોમાં અર્ધા તોલાનાં ત્રણ પડીકાં બનાવી સવાર, બપોર ને સાંજ થોડાક ગરમ પાણીના અનુપાન સાથે ચાવીને ઉતારી જવાં. ચૂર્ણ કરીને પણ લેવાય. વાયુને કારણે થતા પેટના દુખાવાનું અજમો અકસીર ઔષધ હોઈ, મરાઠીમાં તો "પેટ દુખે ત્યારે ઓવા (અજમો)નો ઉપયોગ કરવો" એમ સૂચવતી એક કહેવત પડી છે. અજમો તરત વાટીને ઉપયોગમાં લેવો; નહિ તો એમાંનું તેલ ઊડી જાય છે અને ગુણ ઘટે છે. ગૅસની કાયમી ફરિયાદ વાળાએ થોડા દિવસ અજમાનું સેવન કરવું.

દુર્ગંધનાશક

દુર્ગંધનો નાશ કરવાનો અજમામાં મહત્ત્વનો ગુણ છે. જેમને કબજિયાતને કારણે મળ સડતો હોય અને દુર્ગંધી બની જતો હોય, જેમનો કફ ગંધાતો હોય, એમને અજમો સૂચવવો જોઇએ. મોં અને શ્વાસ ગંધાવાની ફરિયાદ કરનારા માટે પણ એ હિતકારી છે. તેમણે અજમો મુખવાસની જેમ ચાવવો દાંતના રોગોમાં આયુર્વેદે એને ઉપયોગી માન્યો છે. એટલે પેઢાં અને દાંત સડતાં હોય, પરુ થતું હોય, એ સ્થિતિમાં અજમો ચાવવાથી લાભ થાય છે. અલબત્ત, પાયોરિયા જેવા દર્દમાં સાથેસાથે બીજાં ઔષધો પણ યોજવાં જોઇએ. અજમાની કડવાશ અને તીખાશ શુદ્ધિ કરવાનું કામ કરે છે. દાંત–પેઢાંમાં રહેલા જંતુઓ પર પણ અજમાની અસર સંભવિત છે.

દીપન-પાચન

'ભૂખ મરી ગઇ છે' એવી ફરિયાદ કરનારાએ દિવસમાં બે વખત અજમો ચાવવો. એમાં થોડું સિંધવ અને લીંબુના બેત્રણ ટીપાં મેળવવાથી ત્વરિત અસર થશે. વાયુ અને કફ વધી જવાથી જો ભૂખ નાશ પામી હશે તો અજમાથી ઉત્તમ લાભ થશે. અજીર્ણમાં પણ અજમો આપવાથી ખોરાકનું પાચન થાય છે. જેમને દૂધ પચતું ન હોય એમણે દૂધ પીધા પછી અજમો ચાવી જવો. દૂધના પાચનમાં અજમો ઘણો જ ઉપયોગી થશે. બાળકને દૂધ પચતું ન હોય અને શ્વાસોચ્છ્વાસમાં કફની ખરેડી બોલતી હોય તો અજમાનું ઝીણું ચૂર્ણ મધ સાથે ચટાડવું. બાળકની ઉંમર પ્રમાણે એકબે રતીનું માપ રાખવું. જો બાળક ધાવતું હોય અને માતાનું ધાવણ બાળકને પચતું ન હોય તો માતાએ પણ થોડા દિવસ અજમો ચાવવો અને હલકો ખોરાક લેવાનું પથ્ય પાળવું. અજમો કફને પચાવી ધાવણને શુદ્ધ કરશે. પ્રસૂતા સ્ત્રીને અજમાનો મુખવાસ આપવાથી અગ્નિ પ્રદીપ્ત થાય છે અને વાયુ ઘટે છે.

શીળવા

શીળવાનું સંસ્કૃત નામ શીતપિત્ત. એમાં ભમરીના દંશ જેવા સોજા શરીરે અહીંતહીં થઈ આવે છે અને રોગીને ખુજલી આવે છે. ચક્રપાણિએ એને માટે એક ઉત્તમ પ્રયોગ બતાવ્યો છે. ૦। તોલો અજમાનું ચૂર્ણ અને ૦। તોલો જૂનો ગોળ મિશ્ર કરી ચાવી જવો તથા વાયુકારક આહારવિહાર ને ખાટી ચીજો બંધ કરવી. શીળવા માટેનો આ ઉત્તમ ઘરગથ્થુ પ્રયોગ છે. કમમાં કમ ૭ દિ' તે કરવો.

પેશાબની તકલીફ

"વારંવાર પેશાબ કરવા જવું પડતું હોય તેવાઓએ રોજ ૦। તોલો અજમો અને ૦। તોલો ગોળ (ગોળ જૂનો ૧–૨ વર્ષનો હોય તે જ)ના ચાર ગોળા બનાવી સવારસાંજ થઇને પૂરા કરવા. પેશાબનું પ્રમાણ એકદમ ઓછું થવા માંડશે. જે બાળકો રાત્રે ઊંઘમાં પેશાબ કરે છે તેવાઓને રોજ રાત્રે સૂતી વખતે બે આની ભાર અજમો ખાવા આપવો. થોડા જ દિવસમાં બાળક ઊંઘમાં પેશાબ કરતું અટકશે. તલ અને અજમો બંને આપવાથી વધુ લાભ થાય છે."

આ અવતરણ શ્રી બાપાલાલભાઇના લેખમાંથી મૂક્યું છે. મૂત્રની પ્રવૃત્તિ કરવાનું સ્વાભાવિક કામ અપાન વાયુનું છે. અજમો અપાનની વિકૃતિ સુધારે છે. પરિણામે અપાન દ્વારા મૂત્રપ્રવૃત્તિનું કામ વ્યવસ્થિત થાય છે.

લાભશંકર ઠાકર

---

2 Q–B4ch રમવાથી સફેદ જીતી શકતો નથી એ જોઇ લેવા જેવું છે.

1 Q–K3ch, K–B4;
2 Q–B4ch, K–K3;
3 Q–B4ch, K–K2;
4 B–N5ch, K–B1;
5 Q–B8ch, Q–K1;
6 Q–QB5ch,

(મૂળ ઉકેલમાં આને બદલે Q–Q6ch છે જે અહીં શક્ય નથી.) K–N1. હવે સફેદ જીતી ન શકે. દા. ત. જુઓ 7 B–K7, જે ચાલ મૂળ ઉકેલમાં સુંદર કામ આપે છે. તે અહીં 7..., K–B2 પછી નકામી બને છે. જો મૂળ ઉકેલમાં કાળો 7..., K–B2 રમે તો 8 Q–B6ch, K–N1; 9 Q–N7 mate થાય છે તે ધ્યાનમાં લેવું.

જો સફેદ 7 Q–Q5ch પછી 7..., K–B1? 8 Q–Q6ch,થી મૂળ ઉકેલમાં આવતી સ્થિતિ લાવવાની આશા રાખે તો તે પણ નિષ્ફળ છે, કેમકે કાળો 7 ..., K–B1? ને બદલે 7..., Q–B2! રમીને બાજી બચાવી શકે. હવે 8 Q–Q8ch, Q–B1ch. અને આ સામો શેહ આવવાથી 9Q × Q ફરજિયાત બને છે. અને હવે 9..., K × Q પછી સફેદ જીતી શકે નહિ.

આ કોયડો Horwitz એ ૧૮૭૨માં બનાવેલ છે. હરીફોએ મેળવેલા પોઈન્ટ્સ નીચે પ્રમાણે છે. કુલ માર્કસ ૬.

૧ નીલકંઠ અંતાણી, અમદાવાદ–૨½
૨ મહેન્દ્ર મહેતા, ભુજ–૨
૩ જીણાભાઇ માંડળિયા, ભાવનગર–૨
૪ કે. એમ. મૂલિયા, વીરમગામ–૨
૫ દીપક ભટ્ટ, ભાવનગર–૧½

આમાં ભાઈ અંતાણી અને ભટ્ટ નોંધ લે કે એમના 'નૉટેશન્સ' ખોટાં છે.

હરીફોને આ કોયડો ઘણો અઘરો લાગ્યો છે. પહેલા કોયડામાં લગભગ ૨૫ જવાબ મળેલા, આમાં માત્ર પાંચ જ. આમાં યે એકે ઉકેલ ખરો નથી. લગભગ દરેક હરીફે બીજી ચાલ Q–B4ch બતાવી છે. આથી હવે નવો કોયડો સહેલો મૂક્યો છે. એમાં સફેદ ફક્ત ચાર ચાલમાં જ મ્હાત કરે છે. વળી કાળાની લગભગ બધી જ ચાલ ફરજિયાત છે.




અર્ઘ્યકણી

ધીરે ધીરે તિમિર પલટે સ્વર્ણના રમ્ય સ્વાંગે,
ધીરે ધીરે મન તમસનાં જામતાં શુભ્ર રંગે;
નાના નાના કર શિશુ તણા હસ્ત ઝાલી વિરાટ,
માંડે યાત્રા, શતશત હજી યોજનો કેરી વાટ.—સુન્દરમ્

સ્વ. હીરાભાઈ

એ શ્રીમંત મિલમાલિક, મ્યુનિસિપલ કૉર્પોરેશનની બસ સર્વિસના અધ્યક્ષ, અને શહેરના જાહેર જીવનમાં અગ્રણી હતા તેથી નહિ, પણ અનેક ગરીબોના સહાયક, ભીડમાં આવી પડેલાઓના આધાર, મૂંઝાએલાઓને હૂંફરૂપ, કર્મચારીઓના પ્રોત્સાહક પુરસ્કર્તા અને અનેકોના ઝિંદાદિલ સાથી હતા તેથી જ, ગઈ તા. ૩૦મી સપ્ટેમ્બરે ચાલુ મોટરમાં હૃદયરોગના હુમલાથી એમનું અવસાન થયું ત્યારે, એમની સ્મશાનયાત્રામાં અમદાવાદે જવલ્લે જ અનુભવેલી એટલી વિરાટ અને ગમગીન જનમેદની ઊમટી હતી.

બાવન વર્ષની વહેલી વયે આખા અમદાવાદને – અને એક રીતે ગુજરાતને ઊણું બનાવીને વિદાય થએલા એ સદા હસમુખા અને સૌજન્યથી સભર હીરાભાઇ અમદાવાદના ગર્ભશ્રીમંત અને પ્રથિતયશ શ્રેષ્ઠી શ્રી કસ્તૂરભાઈ લાલભાઇના ભાણેજ થાય. એમનું મૂળ નામ નરોત્તમ ચંદુલાલ; પણ કુટુંબમાં તેમ સ્વજનો, મિત્રો, જાહેર જનતા અને નાનાં બાળકો સુદ્ધાંમાં




હીરાભાઈ અને હીરાકાકાના વહાલાસોયા નામે ઓળખાતા હીરાભાઇ સ્વભાવે એવા નિર્દોષ, આનંદી, સજ્જન, ઉદાર અને દિલદાર હતા કે એમનો કોઈ વિરોધી કે વેરી ન હતો. એમનું શરીર ભારે હતું, પણ એમનું હૃદય ફૂલ જેવું કોમળ અને નાજુક હતું. એમના દિલમાં માનવતા ભરપૂર હતી, અને એની મહેક એ જ એમનું આકર્ષણ હતું. શ્રીમંતો તો અનેક છે, પણ એમની શ્રીમંતાઈ જુદી હતી. એમની પાસે સહાય અર્થે જનાર ભાગ્યે જ કોઈ કોરું પાછું ફરતું. પોતાની મૂડીને ટ્રસ્ટ ગણીને ચાલનાર હીરાભાઇને હાથે નાનાં મોટાં ગુપ્ત દાન એટલાં બધાં અને એટલી બધી વ્યક્તિઓને થયાં છે કે હજારો લોકોએ એમની પાછળ સાચાં આંસુ સાર્યાં છે.

અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન ટ્રાન્સપોર્ટ સર્વિસ (એ. એમ. ટી. એસ.)ની યશસ્વી કાર્યસિદ્ધિમાં એમની કાર્યદક્ષતાનો મોટો ફાળો છે. શહેરની શૈક્ષણિક, સામાજિક, સાંસ્કારિક અને રમતગમતની એવી અનેક પ્રવૃત્તિઓ છે કે જે હીરાભાઇની આર્થિક મદદથી પાંગરી છે. આવો સંવેદનશીલ ને ભાવનાશીલ તથા માનવતાભર્યો ને મહામૂલો મહાનુભાવ નાગરિક ગુમાવ્યાની ખોટ વણપૂરી જ રહેવાની. એવાના આત્માને સદા શાંતિ જ હોય.

બ્રિટિશ રાજની શરૂઆતમાં શામળાજીનો મેળો

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના પુરાતત્ત્વ વિભાગ દ્વારા થએલા ઉત્ખનનને લીધે સાબરકાંઠા જિલ્લાનું શામળાજી નામક સ્થળ જે વૈષ્ણવોમાં આજ સુધી જાણીતું હતું તે હવે ખાસ કરીને ગુજરાતમાં પ્રાગૈતિહાસિક દૃષ્ટિએ પણ ખૂબ પ્રસિદ્ધ થયું છે.

આમે ય ઉત્તર ગુજરાતમાં શામળાજીનો મેળો ખ્યાત છે. અહીં દર વર્ષે કારતક સુદ અગિયારસથી અમાસ સુધી વીસ દિવસનો મેળો ભરાય છે. સામાન્યરીતે જે સ્થળે સો-બસો માણસોની જ વસતિ હોય છે ત્યાં એ મેળા ટાણે પચીસેક હજારની મેદની ઊમટે છે. આ મેળા વિષેની માહિતી જૂન ૧૮૭૨ના 'ટાઇમ્સ ઑવ ઇન્ડિયા'માં પ્રસિદ્ધ થઈ હતી



ગરોળી–કાચંડાના વંશમાં ઈગ્વાના નામે એક વિશાળકાય પ્રાણી થાય છે. એનું આખું કુળ પણ આ જ નામે ઓળખાય છે.

દેખાવે કંઈક આના જેવાં પણ હકીકતે તદ્દન ભિન્ન 'મૉનિટર' પ્રાણીઓને પણ ખોટી રીતે ઈગ્વાના કહેવાય છે.

ઈગ્વાનાની સંખ્યાબંધ જાત છે. સામાન્ય ઈગ્વાના (ઈગ્વાના ટયુબર ક્યુલેટા) મધ્ય અને દક્ષિણ અમેરિકામાં થાય છે. છએક ફૂટ લાંબાં આ પ્રાણી પાણીકાંઠાનાં વૃક્ષો પર વસે છે. નાસવાની જરૂર પડે તો તુરત પાણીમાં કૂદી પડે ને પૂછડી અદ્ધર વાળી ઊભું તરે.

વૃક્ષમાં રહેતું હોઈ એનો વાન ઝાડપાનમાં ભળી જાય એવો લીલો. શરીર પર બદામી પટ્ટા પણ હોય જે, પૂછડી તરફ વધુ સ્પષ્ટ ને નિયમિત હોય છે. એમની બે-એક જાત સિવાય બધાં ઈગ્વાનામાં નરને માથાથી માંડી પીઠ પર થઈ પૂછડી તરફ જતાં ટૂંકા થતી જતી (કરવતના દાંતા જેવી) કાકર હોય છે. રેતાળ પ્રદેશની એની એક જાતની કાકરનું કદ મોટું હોય છે.

વધુ ચપ્પટ શરીર અને ચાબૂક જેવી લાંબી પૂછડીવાળી એની એક બીજી જાત પણ જાણીતી છે. વળી ગેલાપૅગૉસ ટાપુ પર દરિયાકાંઠે વસતા ઈગ્વાના થાય છે. ઓટ વખતે એ કાંઠા પરની વનસ્પતિ વગેરે ખાઇને પછી આખો વખત કોઈ બખોલ જેવા સ્થાનમાં પડ્યાં રહે. એક બીજી જાત તો જ્યારે કોઈ પણ લાગણીના ઉગ્ર આવેશમાં આવી જાય ત્યારે આંખમાંથી લોહીની શેડ છોડે છે. શરીરનો રંગ પણ તે બદલે છે.

બધાં ઈગ્વાનાને શરીરે ઝીણાં ભીંગડાં હોય છે. આંખો બહાર પડતી. ગળે (ગાયની ડોકે લબડતી ચામડી જેવી) કરચલિયાળી સાસ્ના હોય છે. ભય કે લડતી વખતે એ એમાં હવા ભરી એને ફુલાવે છે!

કૂંળાં પાન અને ફળ ખાતાં ઈગ્વાના ક્યારેક નાનાં પ્રાણીપક્ષી પણ મારી ખાય છે. સામાન્ય ઈગ્વાનાનું માંસ સ્વાદિષ્ટ ગણાતું હોઈ એનો સારી પેઠે શિકાર થાય છે.

ઈગ્વાના પોચાં ઈંડાં મૂકે છે.

અને એ જ માહિતી 'ઇન્ડિયન ઍન્ટિકવેરી'ના ૭મી જૂન ૧૮૭૨ના અંકમાં ફરીથી પ્રસિદ્ધ થઈ હતી. વાચકોને એ માહિતી રસમય લાગશે એ હેતુથી અને શામળાજીના મેળાનો ઐતિહાસિક ઉલ્લેખ મળે છે એ દૃષ્ટિએ આપીએ છીએ :

'મહીકાંઠા અને મેવાડ વચ્ચેની સરહદ પર ભગવાન શામળાજીનું પ્રસિદ્ધ તીર્થસ્થાન આવેલું છે. અરવલ્લીની ગિરિમાળામાંથી માર્ગ કાપતી મેશ્વો નદી અને એ નદીના નૈસર્ગિકરીતે થએલા તળાવના રૂપાંતરથી, વનરાજિ વડે અલંકૃત એ પર્વતોની શોભામાં વૃદ્ધિ થાય છે. આ નાનાનાના પર્વતોમાં થઇને એક કેડી ડુંગરપુર તરફ જાય છે.

શામળાજીનું મંદિર આશરે ૫૦૦ વર્ષ જૂનું છે. શામળાજીના મેળામાં ઠંડીની શરૂઆતમાં દર વર્ષે આશરે સિત્તેરથી ઍંશી હજાર યાત્રાળુઓ અને વેપારીઓ આવતા પણ આ સંખ્યા ક્રમેક્રમે ઘટતી ગઈ. સાથે વેપારીઓની સંખ્યામાં પણ સારો એવો ઘટાડો થયો. એનું કારણ તો એ છે કે જે પ્રદેશમાંથી ગુજરાત અને રાજપૂતાનાના વેપારીઓને જવું પડતું એ પ્રદેશના ઠાકોરો અને રજવાડાંઓએ વેપારીઓ પાસેથી ભારે કરવેરા ઉઘરાવવાની શરૂઆત કરી. અને આ વેરા ઉઘરાવ્યા છતાં કોઈ ઠકરાતરજવાડાએ રસ્તા સમરાવવાની કે લૂંટારાથી વેપારીઓનું રક્ષણ કરવાની દરકાર તો કરી જ નહિ. પરિણામે વેપારીઓ તેમજ યાત્રાળુઓની સંખ્યામાં ઘટાડો થયો. મુસલમાનોના હુમલા શરૂ થયા ત્યારથી તો વેપાર લગભગ બંધ જ પડચો.

પરંતુ કર્નલ જેમ્સ આઉટ્રામ જ્યારે મહીકાંઠાના પોલિટિકલ એજન્ટ થયા ત્યારે એમણે આ મહત્ત્વના મેળાને સજીવન કર્યો. એમણે લૂંટારાઓને જેર કર્યા ને વેપારીઓને સંરક્ષણ આપ્યું. છતાં જો કોઇ વેપારી લૂંટાય તો એને નુકસાન ભરપાઇ કરી આપવાની જોગવાઈ કરી.

પાછલાં વર્ષોમાં જમીનદારો અને ઠાકોરોએ પોતાની જૂની કુટેવો ફરી ચાલુ કરી ને વેપારીઓને કનડગત કરવાની શરૂઆત કરી. ફરી એક વાર મેળાની લોકસંખ્યામાં ઘટાડો નોંધાયો. વડોદરાના 'વૃદ્ધ જાલિમે'(The Sturdy oldman) એમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.'

આ અવતરણ જણાવે છે તે મુજબ શામળાજીના મેળામાં બ્રિટિશ રાજની શરૂઆતમાં સિત્તેરથી ઍંશી હજાર માણસો આવતાં ! ત્યાર બાદ ૧૮૭૨માં મેળાની પરિસ્થિતિ ફરી કથળી, જેની નોંધ 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'એ લીધી છે. પણ આમાં મહત્ત્વની વાત તો એ કે દેશી રજવાડાંઓએ લોકોનું કે વેપારીઓનું હિત ન જોયું, પણ કર્નલ જેમ્સ આઉટ્રામ જેવા બ્રિટિશ અધિકારીએ આ બાબતમાં મહત્ત્વનું કાર્ય કર્યું. એ કર્નલ જેમ્સ આઉટ્રામનું નામ ૧૮૫૭ની ક્રાંતિ સાથે સંકળાએલું વાચકોને ખયાલમાં હશે જ. વડોદરા ખાતે પણ કર્નલ આઉટ્રામે ઘણાં સારાં કાર્યો કરેલાં. ૧૯૩૫થી ૧૮૩૮ સુધી તેઓ મહીકાંઠાના પોલિટિકલ એજન્ટ હતા અને ૧૮૪૭ થી ૧૮૫૨ના ગાળામાં તેઓ વડોદરાના રેસિડેન્ટ હતા. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીનું કાર્યાલય આજ સુધી જ્યાં હતું એ એમનું નિવાસસ્થાન હતું. અવતરણમાં 'વૃદ્ધ જાલિમ' તરીકે જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે વડોદરાના મહારાજા મલ્હારરાવ ગાયકવાડ વિષે છે. (૧૮૭૦–'૭૫) મલ્હારરાવને પાછળથી પદભ્રષ્ટ કરવામાં આવ્યા અને સયાજીરાવની કારકીર્દિની શરૂઆત થઈ.

યશવંત રાયકર—મનોહર જોશી

ચરબી સામે ચેતવણી


(૧) વધારે ચરબીથી વીંટાએલા ખોરાકો ઉપર પાચક રસ બરાબર કામ કરી શકતા નથી. તળેલા ખોરાક પચવામાં વિલંબ થાય છે.

(૨) વધારે પડતી ખવાતી ચરબી આંતરડાંમાં નહિ શોષાતાં ઝાડા વાટે નીકળી જાય છે. પણ મોટા ભાગની તો શરીરમાં જમા થાય છે.

(૩) એવી ચરબી પેટ અને બીજા ભાગોમાં જમા થઈ મેદોવૃદ્ધિની સ્થિતિ આવી પડે છે.

(૪) મેદ ઘટાડવા માટે ચરબી સાથે કાર્બોહાઇડ્રેટ ખોરાક પણ ઘટાડવાનો છે, કારણ કે કાર્બોહાઇડ્રેટમાંથી પણ શરીર મધુપ્રમેહમાં ચરબી બનાવતું હોય છે. કાર્બો.ના ચયાપચયતા બગડેલી હોય તેનું જ બરાબર દહન થતું નથી, માટે એ સ્થિતિમાં ચરબી આપતાં ચેતવું.

(૫) વધારે પડતી ચરબી શરીરમાં કોલેસ્ટેરોલનું પ્રમાણ વધારી લોહીની નળીઓને કઠણ બનાવે છે, જેમાં લોહીનો ગઠો જામે છે અને આજના જાણીતા કૉરૉનરી થ્રૉમ્બૉસિસ નામનો પ્રાણઘાતક હૃદયરોગનો હુમલો થઈ આવે છે.



'મધદરિયે વહાણનું સ્થાન નક્કી કરવા માટે રેખાંશની ચોક્કસ ગણતરી જરૂરી છે. એ માટે વપરાતા આજના સાધન ક્રૉનોમીટરનો સત્તરમી સદીનું આ પૂર્વજ (યંત્ર) જ્હૉન હૅરિસન નામના આપબળે આગળ વધેલા એક સુથારે બનાવેલું. ઘડિયાળીને ત્યાં શીખવા માટે એક દિવસ પણ નહિ ગએલા એ કારીગરે આવાં પાંચ યંત્રો બનાવેલાં જે આજે પણ એટલી જ ચોક્કસાઈથી કામ આપે છે.'

નૉમૅડ—એક અભિનવ હવામાન-મથક

બંગાળના ઉપસાગરમાં મધદરિયે રહીને દર છ કલાકે હવા અને પાણીની પલટાતી પરિસ્થિતિ અંગે ચેતવણી આપી શકે એવું એક અમેરિકી હવામાન-મથક કામગીરીએ લાગ્યું છે. નાના જહાજના સ્વરૂપનું નવું વિકસાવવામાં આવેલું આઠ ટનનું આ સ્વયંસંચાલિત મથક 'નૉમૅડ'ના નામથી ઓળખાય છે અને હિંદી મહાસાગરના આંતરરાષ્ટ્રીય સંશોધન માટે અમેરિકાએ આપ્યું છે. છેવટે તે ભારત સરકારને આપી દેવામાં આવશે.

જ્યાં વિષુવવૃત્ત પરનાં વાવાઝોડાં અવારનવાર સરજાય છે એવા મદ્રાસ અને પોર્ટ બ્લેર (આંદામાન ટાપુઓ) વચ્ચેના વિસ્તારમાં 'નૉમૅડ' પોતાનું લંગર નાખ્યું છે. અહીંથી વાવાઝોડાની એકબે દિવસ

અગાઉથી ચેતવણી આપી શકાશે. નોર્મેડ દર છ કલાકે સ્વયંસંચાલિત રીતે, હવા અને દરિયાનાં ઉષ્ણતામાન, દબાણ, પવનની ઝડપ તથા દિશાની માહિતી શોર્ટવેવ રેડિયો દ્વારા મોકલશે. જહાજમાંનાં વીજાણુ સાધનોની બૅટરીને બે નાનકડી પવનચક્કીઓ સતત શક્તિ પૂરી પાડશે. મદ્રાસ વિસ્તારનું હવામાનકેન્દ્ર આ માહિતીઓ ઝીલીને ટેલિપ્રિન્ટર દ્વારા ભારતનાં અન્ય કેન્દ્રોને તથા પડોશી દેશોને પહોંચાડશે. એકધારી રીતે મળનારી માહિતી વરસાદની ચોકસાઈપૂર્વક આગાહી કરવામાં પણ ઉપયોગી નીવડશે. હિંદી મહાસાગરના આંતરરાષ્ટ્રીય સંશોધનમાં ઉપયોગમાં આવનારું આવા પ્રકારનું આ એક જ જહાજ છે.

વસતિ-વધારાનો ભય

આવતા ડિસેમ્બર માસમાં ભારતમાં સંયુક્ત રાષ્ટ્રસંઘ પ્રયોજિત 'સમગ્ર એશિયા વસતિ-પરિષદ' ભરાવાની છે, જેમાં દુનિયા ઉપરાંત ખાસ કરીને એશિયાના દેશોની અતિ ઝડપે વધતી જતી વસતિના ભય વિષે વિચારણા થશે.

સંયુક્ત રાષ્ટ્રસંઘના સંશોધનોના છેલ્લા આંકડા અનુસાર દુનિયાની હાલની વસતિ ૨,૯૫,૫૦,૦૦,૦૦૦ (બે અબજ ને સાડી પંચાણું કરોડ)ની છે અને એમાં દર વર્ષે ૧.૮ ટકાનો વધારો થતો રહે છે. રશિયાની માન્યતા પ્રમાણે ઈ. સ. ૨૦૦૦ની સાલમાં આ આંકડો પાંચ અબજ ને ત્રીસ કરોડે પહોંચી જશે! પશ્ચિમના નિષ્ણાતોનો અંદાજ તો એથી યે વધુ, એટલે કે છ અબજ ને ત્રીસ કરોડ જેટલો છે.

દુનિયાને યુદ્ધ કરતાં પણ વધુ ભીષણ ભીંસમાં ઉતારનારા આ વસતિવધારાના અભ્યાસમાં જણાયું છે કે વધુ વિકસિત દેશોની સરખામણીમાં આફ્રિકા, દક્ષિણ અમેરિકા અને અગ્નિ એશિયાના હજી વિકસતા જતા દેશોનું જન્મ-પ્રમાણ તો લગભગ બમણું છે! આમાં પણ આફ્રિકા, અને તેમાં યે પશ્ચિમ આફ્રિકાના વિસ્તારમાં તો જન્મ-પ્રમાણ અતિ વધારે છે. એશિયામાં અગ્નિ-એશિયાના દેશોનો ફાળો વિપુલ છે. આ નીચે આપેલા, એશિયાઈ દેશોની વસતિ અને તેમાં થતા જતા વધારાની ટકાવારીના કોઠા પરથી જણાશે કે એશિયામાં અનુક્રમે વીએટનામ પ્રજાસત્તાક, સિંગાપોર, થાઇલૅન્ડ ને હૉંગકૉંગની વસતિ ઘણી ઝડપે વધી રહી છે. આ બધાની સરખામણીમાં ભારત-પાકિસ્તાનનો ક્રમ તો લગભગ અગિયારમો આવે છે. છતાં વસતિની સંખ્યામાં તો એ ચીન પછી બીજા જ ક્રમમાં છે!

એશિયાનો વસતિ-કોઠો (અક્ષરાનુક્રમે)

	વસતિ	વધારો (ટકા)
ઇંડોનેશિયા	૯,૨૬,૦૦,૦૦૦	૨.૨
કંબોડિયા	૪૯,૫૨,૦૦૦	—
કોરિયા	૩,૨૯,૧૫,૦૦૦	૧.૩
ચીન (મુખ્ય વિસ્તાર)	૬૪,૬૫,૩૦,૦૦૦	૨.૩
ચીન(રાષ્ટ્રીય): તાઈવાન (ફૉર્મોસા) ટાપુ	૧,૦૬,૧૨,૦૦૦	૩.૬
જાપાન	૯,૩૨,૦૦,૦૦૦	૧.૦
થાઇલૅન્ડ	૨,૬૨,૫૮,૦૦૦	૪.૩
નેપાળ	૯૪,૦૭,૦૦૦	૧.૬
પાકિસ્તાન	૯,૨૭,૨૭,૦૦૦	૧.૯
ફિલિપાઈન્સ	૨,૭૭,૯૨,૦૦૦	૩.૨
બ્રહ્મદેશ	૨,૦૬,૬૨,૦૦૦	૧.૦
ભારત	૪૩,૨૫,૬૭,૦૦૦	૧.૯
મલાયા રાજ્યસંઘ	૬૯,૦૯,૦૦૦	૩.૦
મૅકાઓ	૨,૨૦,૦૦૦	૧.૪
લાઓસ	૧૮,૦૫,૦૦૦	૩.૨
વીએટનામ પ્રજાસત્તાક	૧,૪૧,૦૦,૦૦૦	૫.૪
સિંગાપોર	૧૬,૩૪,૦૦૦	૪.૬
સીલોન	૯૮,૯૬,૦૦૦	૨.૭
હૉંગકૉંગ	૨૯,૮૧,૦૦૦	૪.૧

અંગોની ફેરબદલી: માનવદેહનાં રોગિષ્ટ કે ઘવાયેલાં અંગો બદલીને, જીવતા કે મૃત દાતાઓના દેહમાંથી મેળવાયેલાં તંદુરસ્ત અંગો મૂકવાની આ પદ્ધતિમાં જૂનાને સ્થાને નવાં હૃદયો, રોગિષ્ટ ફેફસાંને બદલે તંદુરસ્ત ફેફસાં, વૃદ્ધાવસ્થા કે માંદગીથી નબળાં પડી ગએલાં લીવરની જગ્યાએ સારી રીતે કાર્ય કરતાં લીવર મૂકવાની અને પોતાનું કાર્ય નહિ બજાવી શકતા, શરીરના બીજા કોઈ પણ ભાગ માટે 'છૂટા ભાગો' મળી રહે તેવી શકયતા છે. આજે જેમ દાંતનાં ચોકઠાં બનાવીને પહેરી શકાય છે તે જ રીતે કાળે કરીને માનવદેહ માટેના આ છૂટા ભાગ તૈયાર કરી શરીરમાં ગોઠવી શકાશે.

વીસ હજાર વર્ષ પૂર્વે પર્વતો વધુ ઊંચા હતા! કૅલિફોર્નિયા યુનિવર્સિટીના 'સ્ક્રિપ્સ ઇન્સ્ટિટ્યૂટ ઑવ ઓશનોગ્રાફી'ના એક વિજ્ઞાનીએ જણાવ્યું છે કે પર્વતોની ઊંચાઈ દરિયાની સપાટીના સંદર્ભમાં માપવામાં આવે છે. પરંતુ સાગરોની સપાટીઓમાં તો સદીઓ દરમિયાન અનેક વધઘટ થઈ છે. તેમણે છેલ્લા ૭૦,૦૦૦ વર્ષ દરમિયાન દરિયાની સપાટીમાં થએલા ફેરફારો શોધી જણાવ્યું છે કે ૨૦,૦૦૦ વર્ષ પહેલાં આ સપાટીઓ નીચામાં નીચી આજના કરતાં ૪૦૦ ફૂટ (૧૨૦ મીટર જેટલી નીચી) હતી. પરિણામે પર્વતો ઊંચા હતા; કેમ કે હાલ સાગર હેઠળ છે એવી ઘણી જમીન ત્યારે બહાર હતી.

કંકાવટી

પારી(સ)માં કોઈ યુવતી વીસ વર્ષની વયે પહોંચ્યા છતાં જો કુંવારી રહી ગઈ હોય તો તેનું કારણ નીચેનાં ત્રણ પૈકી એક હોવાનું મનાય છે: ૧) તે કદરૂપી હોય; ૨) બહુ જ જાપતામાં હોય યા ૩) કૉમ્યુનિસ્ટ હોય!

ગલકાંના ગોટા

૧॥ શેર ગલકાં, ०॥ શેર ચણાનો લોટ, નવટાંક ઘઉંનો લોટ, લીલો મસાલો, મીઠું, મરચું, હળદર, ધાણાજીરું, દહીં, ગળપણ, આખા ધાણા ને તલ, લીલું લસણ તથા ફૂદીનો.


ગલકાંને છોલી, છીણી, ચણાના લોટમાં ભેળવવાં. ઘઉંના લોટમાં મોણ નાખી અંદર ભેળવવો. પછી ઉપરનો મસાલો અને તલ તથા આખા ધાણા લોટમાં ભેળવી દહીં નાખી ગોટા જેવું ખીરું બનાવવું. તેલ ગરમ થયે નાનાનાના ગોટા બનાવી તળવા. આ ગોટા ગરમાગરમ ખૂબ સરસ લાગે છે.—જયા શાહ

રસોનાદિ વટી


લસણ, ગંધક, જીરું, સિંધવ, સૂંઠ, મરી, પીપર ને હીંગ સરખા ભાગે લઇ, લીંબુના રસમાં ઘૂંટી, ચણા જેવડી ગોળીઓ બનાવી રાખવી. ભૂખ લાગતી ન હોય, કાચા ઝાડા થતા હોય, પેટમાં ગૅસ રહેતો હોય, વાયુની છૂટ ન હોય, ખાવાની અરુચિ હોય–આ સૌ માટે આ દવા સારી છે. સવાર બપોર સાંજ ત્રણ ત્રણ ગોળી પાણી સાથે ગળી જવી.

શાકભાજીનું સમયપત્રક

માગશર માસમા વાવી શકાય એવાં શાકભાજી: કાકડી, કારેલાં, નોલખોલ, કૉબીફ્લાવર, મૂળા, લેટ્યુસ, ડુંગળી, બધી ભાજીઓ.



ભરતકામના આ નાનકડા બુટ્ટામાં કાંટાળાં પાંદડાંમાં લીલો રંગ એકસરખો ન લેતાં આછી ઘેરી ઝાંયમાં ભરવાથી વધુ દીપશે. નીચેની આકૃતિમાંટાંકાનામાર્ગદર્શનમાંનં.૧-આમળો, ૨-બખિયાનો ટાંકો, ૩-ફૂલકીનો ટાંકો, ૪-નાનોમોટો ટાંકો ને ૫માં કીડી ભરત જેમ ટાંકા લઇને ભરવાથી સુંદર લાગશે.



અથાણું

એક શિક્ષકે એક વાર વિદ્યાર્થીઓને સ્વરચિત કાવ્યો લાવવા કહ્યું. એક વિદ્યાર્થીએ નીચે પ્રમાણે કાવ્ય રચી તે શિક્ષકને બતાવ્યું.

[મનહર]

ગામ બા'ર સાંજ સમે રેલવેને પાટેપાટે
બાબુનામેબાળનિતજાય હવા ખાવા માટે;
પછવાડે આવે ગાડી, પી-પી, છુક-ભુક થાય,
બાબુબાજુતરીજાય,આગગાડીઆગેજાય.

વિદ્યાર્થીની આ રચના વાંચી શિક્ષકે કહ્યું: 'તારા કાવ્યમાં ચમત્કાર નથી. સામાન્ય રીતે ન બને, કયારેક જ બને, સાંભળતાં માણસ ચકિત થઈ જાય તેને ચમત્કાર કહેવાય. કાવ્યમાં કૈંક ચમત્કાર જોઈએ.' વિદ્યાર્થી કાવ્ય પાછું લઈ ગયો. થોડીવારે ફરી તેણે શિક્ષકને નીચે પ્રમાણેની રચના આપી.

ગામ બા'ર સાંજ સમે રેલવેને પાટેપાટે
બાબુ નામે બાળ નિતજાયહવા ખાવા માટે;
પછવાડે આવી ગાડી, પી-પી છુક-ભુક થાય,
બાળ જાણીગાડી બાજુતરીને અગાડીજાય!

(પ્રસ્થાન) —નટવરલાલ પ્રભુલાલ બૂચ

પત્ની: આફ્રિકાના કોઈ સીદીએ ઘોડા સાટે પોતાની બૈરી વેચી. તમને એ કેવું લાગે છે?

પતિ: મૂર્ખો! હું તો મોટરને સાટે જ વેચું!

આંખનો દાક્તર: પેલા નકશા પરથી કેટલી લીટીઓ તમે વાંચી શકો છો?

દર્દી: પણ નકશો કયો, સાહેબ?!

'રમણનો પગ કેમ કરતાં ભાંગ્યો?'

'પેલો દાદર તમે જુઓ છો ને?'

'હા.'

'એણે તે ન જોયો તેથી!'

દુકાનદાર: (પોતાના છોકરાને) છગન, હમણાં સામેની દુકાનેથી કંઈ માલ ન લાવતો.

છગન: કેમ?

દુકાનદાર: એ આપણાં કાટલાં ઉછીનાં લઈ ગયો છે.

નવી કહેવતો

પ્રધાનના ગુણ પટાવાળો જાણે.
નટી-સતીનો જોગ નહિ.
માડી જુએ ઘર ને લાડી જુએ વર.
નટીની ગત દિગ્દર્શક જાણે.
વેપારીની ગૅરન્ટી દુકાનના દરવાજા સુધી.
દૂબળી પ્રજા ટીકામાં શૂરી.
સ્ત્રીની નજર નવી સાડીએ.
બહેરો પતિ અતિ સુખી.
તલવાર પકડયે શિવાજી ન થવાય.

ડેન્માર્કની રાજકુમારી ઍલેક્ઝાન્ડ્રા મહારાણી વિકટોરિયાની મહેમાન થએલી. એક દિવસ બગીચામાં બેઠીબેઠી એ કંઈ વાંચતી હતી. એવામાં કુમાર સાતમા એડવર્ડ ત્યાંથી જતા હતા. એમણે તેને પૂછયું: 'શું વાંચો છો?' ઍલેક્ઝાન્ડ્રાએ જવાબ આપ્યો: 'શેક્સપિયરનાં નાટકો.'

'જરા મોટેથી ન વાંચો? હું યે સાંભળું.'


સંકોચ તો થયો પણ ઍલેક્ઝાન્ડ્રાથી ના ન કહેવાઇ. એણે મોટેથી વાંચવા માંડયું. પછી તો નાટક વાંચવામાં એ એવી લીન થઇ ગઈ, કે હાવભાવ સાથે નાટક વાંચી ગઈ. એના વાચન પર ખુશ થઈ જઈ એડવર્ડ બોલી ઊઠયા: 'આવું વાચન રોજ સાંભળવા મળે તો કેવું?


ઍલેક્ઝાન્ડ્રા બોલી: 'માત્ર પચીસ શિલિંગ આપશો તો જિંદગીભર વાંચી સંભળાવીશ.'

કુમાર એડવર્ડના આશ્ચર્યનો પાર ન રહ્યો. ઍલેક્ઝનડ્રાએ સમજાવ્યું: 'જુઓ, પાંચ શિલિંગનો (સિક્કો) ક્રાઉન અને વીસ શિલિંગનો (સિક્કો) સોવરીન એ તો સાચું ને?' 'હા, સાચું.'

'બસ, મને ક્રાઉન એટલે રાજમુકુટ અને સોવરીન એટલે રાજત્વ, એ બે આપો, એટલે પછી જ્યાં તમે ત્યાં હું! પછી હું જિંદગીભર તમને સંભળાવ્યા જ કરું ને?'

કહેવાની જરૂર નથી કે રાજકુમારી ઍલેક્ઝાન્ડ્રા સાતમા એડવર્ડની સહધર્મચારિણી થઈ.





ઉપર ડાબી બાજુ : ચલો ઉસ પાર • સુરેશ શાહ
જમણી બાજુ : ચંદુલાલ શાહનો એક સ્નૅપ

ફોટોગ્રાફી હરીફાઈ

આ વખતે આવેલાં ચિત્રોમાં ગુણની દષ્ટિએ કે ચિત્રદષ્ટિએ સ્પર્ધા કરી શકે એવું કોઈ ચિત્ર નથી. એમાં નથી નવીનતા કે નથી વિવિધતા.

ફોટોકલા શીખવા ઇચ્છનારે પોતાના કૅમેરા, એની રચના અને મર્યાદા વગેરે બરાબર સમજી લઈ એનો કઈ રીતે ઉપયોગ થઇ શકે એની આવડત કેળવી લેવી જોઇએ. એ પછી પોતે જ વાપરતા હોય એ રોલ ફિલ્મની ખાસિયત તેનું ડેવેલપિંગ, તેના પરથી નીકળતા પ્રિન્ટ્સ વિષેનું જ્ઞાન ઇત્યાદિ. આ કલાની વૈજ્ઞાનિક બાબતોનો અભ્યાસ પણ કરતા રહેવું જોઇએ. અને એ બધું જાણ્યા પછી ચિત્રદષ્ટિ કેળવવી એ ચિત્રમય ફોટોગ્રાફીનું જરૂરી ને અનિવાર્ય અંગ છે. કૅમેરાનો કોણ, છાયાપ્રકાશની કરામત, કલાત્મક સંયોજન વગેરેનો અભ્યાસ ખંત સારાં ચિત્રોનાં અવલોકનો આદિથી વધારવો જોઇએ.

અમદાવાદના ભાઈ ચંદુલાલ શાહના એક જ બાળકના એક જ વખતે લેવાએલા ૩ પોઝમાં સીધાસાદા સ્નૅપ સિવાય કંઇ વિશેષતા નથી. છતાં એમાંના એક ચિત્રમાંથી કંઈક ઠીક કહેવા જેવું મળે ખરું. કલકત્તાના ભાનુરાયનાં બંને દશ્યચિત્રો પણ એક જ સ્થાનના બે ફોટોગ્રાફ્સ છે. ચિત્રદષ્ટિએ એમાં કંઈ નવીનતા નથી, એટલું જ નહિ એમનું ફૉકસિંગ પણ બરાબર નથી. નદીકિનારાના સામા કાંઠાનાં દશ્યોમાં ઘણીવાર શિખાઉ ફોટોગ્રાફરો એ કંઠારને ચિત્રની બરાબર વચ્ચે મૂકે છે. આવાં ચિત્રોમાં આગલા ભાગમાંથી કંઈ સુંદર ફ્રેમિંગ થતું હોય કે ઉપરના આકાશમાં વાદળની સુંદર રચના જોવા મળતી હોય તો તો ઠીક, નહિતર મોટેભાગે તો એથી ચિત્ર બે ભાગમાં વહેંચાઈ જાય છે અને એમાં આકાશનો ખુલ્લો ભાગ તદ્દન નિરર્થક બની રસની ક્ષતિ કરે છે. સામા પ્રકાશે લેવાએલા કલકત્તાના સુરેશ શાહના ચિત્ર 'ચલો ઉસ પાર'નો પ્રિન્ટ ડાઘાવાળો છે. જરા વધુ ચીવટ રાખી ચાંપ દાબી હોત તો સારું ચિત્ર મળી શકત. આમ, ફોટોગ્રાફી થતી હોવા છતાં ઇનામને પાત્ર કશું ન આવે એ ખંતપૂર્વકના અભ્યાસની ખામી છે.

બીજી બે વાત પ્રત્યે હરીફોનું લક્ષ દોરવું જરૂરી છે. એક તો અમને મળતા કેટલાક ફોટોગ્રાફ્સ ટપાલમાં ચૂંથાઈને મળે છે; એટલે મોકલનારે સાથે પૂઠું કે એવું કંઇ મૂકીને ફોટોગ્રાફ મોકલવા કે જેથી ચિત્ર વળી જઈને બગડે કે ફાટે નહિ. બીજી બાબત એ કે આ હરીફાઇ ધંધાદારી ફોટોગ્રાફરો માટે નથી.

શ્રીદામ ભટ્ટ

OUR FRIENDS ABROAD

જગત્સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

ભારતીય પત્રમિત્રો

(16) Rameshchandra Waghji Chavda–M29, 686, M. Vadilal Bldg., Gr. floor, Opp. Chhaghara's Pole, Outside Kikabhatt's Pole, Ahmedabad–1; Sports, Photography, Stamp–collecting, View Cards, Coins, Literature, Penfriendship. (17) Atul Devdattbhai Ayer–MI5, Shalem, Mithakhali, Ahmedabad–6; Stamps, View Cards. (3) J. K. Gala–M259/9, New Sion Road, Sion (east), Bombay–22 DD; Stamps, Penfriendship. (18) Ramesh Vithalbhai Amin–M16, 5, Sardar Patel Colony, Ahmedabad–4; Literature, Science, Photography, Sports, Stamps. (19) Paresh G. Parekh–M16, Swami Sadan, 7th Road, Santacruz (east), Bombay–55; Stamp–Collecting, Sports, Swimming, Music, Penfriendship. (20) A. K. Sheikh–M-290, Cantonment, Ahmedabad; Reading, Games. (21) Dalal Mohmad Amin Lalmiya–M15, Popatiavad, Hasan Sayed's Delo, Dariapur, Ahmedabad–1; Reading, Stamps, Penfriendship. (22) Shah Deepak Mohanlal-M17, 23, Sadhana Colony, Near Sardar Stadium, Ahmedabad–14; View–Cards; Gen. Knowledge, Photography, Politics, Sports, Swimming. (23) Kantilal L. Patel-M21, Sherdi, Post Variav, Dist. Surat, Writing, Reading, Music, Photography. (24) Manubhai B. Patel-M21, Masma, Ta. Olpad, Dist. Surat; Drawing, Reading, Cycling.

આ માસ (નવેમ્બર) ઇતિહાસમાં • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : કેશવચંદ્ર સેન



પોતાના ટૂંકા જીવનમાં પણ આપણા નવજાગૃતિના ઇતિહાસનું એક આગવું પ્રકરણ રચી જનાર કેશવચંદ્ર સેન સાચા અર્થમાં એક વિશ્વનાગરિક હતા. વર્ગ, સંપ્રદાય, જાતિ અને રાષ્ટ્રની સીમિત પરિધિથી બહાર નીકળી એમણે આપણને એક વ્યાપક આંતરરાષ્ટ્રીય ભાવનાથી પરિપ્લાવિત કરવાનો જે પ્રયત્નો કર્યા એ એમની સૌથી વધુ મૂલ્યવાન દેણગી છે.

બંગાળના વૈદ્ય જાતિના પ્રસિદ્ધ સેન પરિવારમાં ૧૮૩૮ની ૧૯મી નવેમ્બરે એમનો જન્મ. એક વેળાના બંગાળના શાસક બલ્લાલ સેનના એ વંશજ. પિતા પ્યારીમોહન તો નાનકડો 'બાલું'ને છોડી અવસાન પામેલા, એટલે કેશવચંદ્રના ઉછેરનો બધો ભાર માતા શારદાસુંદરીએ જ ઉપાડેલો. બચપણથી જ પ્રતિભાશાળી કેશવચંદ્રે બહુ નાની વયથી અધ્યાત્મ અને ધર્મવિષયક આગવી દૃષ્ટિ કેળવી હતી. જગન્મોહિની દેવી સાથે નાનપણમાં જ એમનાં લગ્ન થયાં હતાં.

ઈ. ૧૮૫૭માં એમણે બ્રાહ્મસમાજની દીક્ષા લીધી. દરમિયાન બ્રિટિશ ઇંડિયા સોસાએટી નામે એક સાહિત્યમંડળ, ગુડવિલ ફ્રૅટર્નિટી નામક એક ધાર્મિક ભ્રાતૃમંડળી, અને જન્મસ્થાન કોલૂટોલાનીરાત્રિ પાઠશાળામાં સક્રિય સેવાઓ આપી પ્રતિષ્ઠા મેળવી હતી. બ્રાહ્મ સમાજ દ્વારા પોતાની પ્રખર વક્તૃત્વશક્તિ વડે એમણે જોરદાર પ્રચાર સાથે સમાજસુધારાના ક્ષેત્રે જે હિંમતભર્યાં પગલાં ભરવા માંડયાં એનાથી પ્રભાવિત થઈ દેવેન્દ્રનાથ ટાગોરે એમને 'બ્રહ્માનંદ'ની ઉપાધિ આપી બ્રાહ્મસમાજના આચાર્ય બનાવ્યા.

બ્રાહ્મ વિદ્યાલય સ્થાપી એમણે એમાં ભાવિ કાર્યકરો ઘડવા માંડયા. 'સંગત સભા' રચી પૂર્વાશ્રમના ધર્મગ્રંથોનું અધ્યયન આદર્યું. દેવેન્દ્રનાથના 'ઇંડિયન મિરર'ના સંપાદનનો ભાર પણ એમણે ઉપાડયો. એમની પ્રખર વાણી સાંભળવા બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય અને વિવેકાનંદ જેવા પણ આવીને બેસતા. એમણે દેશમાં પ્રચારયાત્રાઓ કરી. પાછળથી એમની ધર્મભાવનામાં ઉત્તરોત્તર ઉદારતા વધવા માંડી. હિંદુ ધર્મનાં ગંભીરતમ તત્ત્વો અને ઈસાઈ મતના પાયાના સિદ્ધાંતોમાં કંઈ વિભેદ નહિ હોવાનું જાહેર કરીને તેઓ રામમોહનરાય તથા દેવેન્દ્રનાથના જ્ઞાનમૂલક બુદ્ધિવાદથી ખસતા જઇ વૈષ્ણવભક્તિ ને ઇસુની મુક્તિપ્રદાયિની પ્રેમધારાનો પક્ષ કરવા માંડયો. એમના આ વલણનો વિરોધ થવા માંડયો પણ હકીકતે તેઓ તો વિશ્વના ધર્મોનો સમન્વય કરનારા હતા.

ઈ. ૧૮૭૦માં એમણે વિલાયતની યાત્રા કરી. ત્યાંથી આવીને 'ઇંડિયન રીફૉર્મ એસોસીએશન' સ્થાપ્યું. 'સુલભ સમાચાર' નામે એક પૈસાની કિંમતનું સૌપ્રથમ બંગાળી સાપ્તાહિક, 'મદનાગરલ' નામે મદ્યનિષેધનો પ્રચાર કરતું માસિક, સ્ત્રીશિક્ષણાર્થે 'નૉર્મલ સ્કૂલ' શાળા, યુવકોમાં જાગૃતિ આણવા 'બૅંડ ઑવ હોપ' નામે મંડળ, ગરીબો માટે ઔષધશાળા, પાછળથી આલ્બર્ટ કૉલેજ તરીકે વિકસી તે 'કલકત્તા સ્કૂલ', કલાકૌશલ શીખવવા માટે 'ઇંડસ્ટ્રીઅલ સ્કૂલ', ને શ્રમિકોના લાભાર્થે એક સંસ્થા આદિ પણ એમણે સ્થાપ્યાં.

૧૮૭૨માં એમણે પસાર કરાવેલો 'બ્રાહ્મ મૅરેજ ઍક્ટ–૩' ખાસ નોંધનીય છે. ૧૮૬૩માં 'વામા બોધિની' નામે સ્ત્રીઓ માટે એક માસિક પણ કાઢેલું.

પણ ૧૮૮૪ની ૮મી જાન્યુઆરીએ એમનું ઓચિંતું અવસાન થયું. મનાય છે કે પોતાની અલ્પવયસ્કા પુત્રીનું કુચબિહારના બાળરાજા સાથે હિન્દુ વિધિથી એમણે જે લગ્ન કરેલું તેનાથી એમની સામે સમાજમાં પ્રચંડ વિરોધ ઊઠયો હતો ને એનો આઘાત એમના અકાળ અવસાનનું એક કારણ બન્યો હતો.


'જીવનવેદ' (આત્મચરિત્ર) અને 'બ્રાહ્મ ધર્માનુષ્ઠાન' નામક એમના ગ્રંથો વિખ્યાત છે.

પ્રસંગવિશેષ : બહાદુરશાહ ઝફરનું અવસાન • તા. ૭મી નવેમ્બર ૧૮૬૨

દિલ્હી શહેર હમણાં જેના અવસાનની શતાબ્દી મનાવવા વિચારી રહ્યું છે એ બહાદુરશાહ ઝફર અકબરે વિકસાવેલી મોગલાઈના તખ્ત પર ઈ. ૧૮૩૯માં બેઠો ત્યારે એ શાહી સત્તાની કંઈ જ કિંમત નહોતી. અંગ્રેજોએ બાંધી આપેલાં વર્ષાસનો પર એમનો નિભાવ ચાલતો. અમલદારો અને પ્રજા પર પણ અંગ્રેજોનો દોર ચાલતો. એમણે પચાવી પાડેલા રાજ્યવિસ્તારો સિવાયના હિંદુસ્તાનમાં સૌ સત્તાધીશો મનસ્વીપણે વર્તતા અને છતાં હિંદુસ્તાનની બાદશાહત દિલ્હીની ગણાતી હતી!

એટલે જ તો ઈ. ૧૮૫૭ના અંગ્રેજો વિરુદ્ધના બળવામાં સૌએ આ બહાદુરશાહને પોતાના મોવડી તરીકે સ્થાપ્યો હતો. ડગલેડગલે અંગ્રેજોનો તુચ્છકાર સહન કરતા આવેલા એ જૈફ બાદશાહમાં આવી મોટી બગાવતનું સંચાલન કરવા જેટલી કોઈ પહોંચ કે તાકાત નહોતી; પણ અંગ્રેજોને બહાનું મળી ગયું. બળવાના નેતા તરીકે એમણે એને કેદ કર્યો, અને બંડ માટે દોષિત ઠેરવી એને દેશનિકાલની સજા કરીને પ્રથમ કલકત્તા ને ત્યાંથી રંગૂનની જેલમાં મોકલી દીધો. જ્યાં કંગાલ હાલતમાં ઈ. ૧૮૬૨ની ૭મી નવેમ્બરે એનું અવસાન થયું.

બાબરથી આરંભાએલી ને અકબરના અમલમાં સર્વતોમુખી સમૃદ્ધિએ પહોંચેલી મહાન મુઘલ સલ્તનના આ ઓગણીસમા બાદશાહના અંત સાથે મોગલાઈ પણ આથમી ગઈ. રમલ (જ્યોતિષ)નો એ જાણકાર હતો. ઉર્દૂ ઝબાનનો એ શાયર હતો. એની શાયરીમાંથી એના જીવનની નિરાશા પ્રતિબિંબિત થાય છે. કુતુબમીનાર નજીક એના પીરોમુર્શિદની કબરો પાસે એના નામની ખાલી કબર છે. રંગૂનથી એના દેહાવશેષો પણ અહીં લાવી શકાયા નથી.



અવસાન વેળાની છબી • એમની પૂરી તસવીર માટે જુઓ અંક ૪૬૭નું પૂઠું

દિવસ ફરે તો દિલ વિષે અવળા સૂઝે ઉપાય;
કાપી વાદીનો કંડિયો, મૂષક સર્પમુખ જાય.
—દલપતરામ—

મુંબાઈમાં મળેલી વિદ્વદ્‌પરિષદમાં ટિળક મહારાજે 'ખાલ્ડિયન સંસ્કૃતિ' ઉપર આપેલા મનનપૂર્ણ વ્યાખ્યાનથી પ્રસન્ન થએલા પ્રમુખે એમને રાજકારણના કાદવને બદલે ઇતિહાસ-ક્ષેત્રમાં સંશોધન કરી જગત્ખ્યાતિ મેળવવા-ની સલાહ આપી. લોકમાન્યે કહ્યું, 'હિંદ કાંઈ વંધ્યા નથી. એકવાર એ મુક્ત થશે પછી મારા જેવા અનેક વિદ્વાનો પાકશે. હાલ અમારી માતાને પાંડિત્યની નહિ, પણ સ્વાતંત્ર્યયજ્ઞમાં સર્વસ્વ હોમવાની શક્તિનો બલિ જોઇએ છે.'

અનેકાર્થી શબ્દ : ઘર=આવાસ કે રહેવાનું મકાન; ઘરે કે મચાન; સોગઠાંબાજીનું ખાનું કે સ્થાન; રાશિનું સ્થાન કે ભુવન; ગોત્ર, કુળ, કુટુંબ કે વંશ; ચામડીનું છિદ્ર; કબજો કે માલિકી; મૂળ કે કારણ; વાજાના સૂરનું ખાનું કે સ્થાન; સંસાર; સ્ત્રી કે પુરુષ (દંપતી એકબીજાને માટે વાપરે ત્યારે); સ્થિતિ કે હાલત.

કહેવતોનો અર્થ : 'નકટીનો વર જોગી'– કોઈ રાશી માણસનો જોડીદાર એવો જ કોઇ ખોડીલો મળી જાય એ સ્થિતિ દર્શાવતી આ કહેવતને મળતી બીજી : (૧) મિયાં ખોડા ને બીબી બાખી; (૨) વર કાણો ને કન્યા આંધળી; (૩) ખોળનું ઘરાક ઘાંચી; (૪) ભૂતને મળે પલીત, વગેરે

ગણિતગમ્મત


૧×૮–૧=૭
૨૧×૮–૧=૧૬૭
૩૨૧×૮–૧=૨૫૬૭
૪૩૨૧×૮–૧=૩૪૫૬૭
૫૪૩૨૧×૮–૧=૪૩૪૫૬૭
૬૫૪૩૨૧×૮–૧=૫૨૩૪૫૬૭
૭૬૫૪૩૨૧×૮–૧=૬૧૨૩૪૫૬૭
૮૭૬૫૪૩૨૧×૮–૧=૭૦૧૨૩૪૫૬૭

—મૂળજી જેઠુ જોશી

ઍમ્બ્યુલન્સનો પહેલો ઉપયોગ ક્રીમિયન યુદ્ધમાં થયો.

બટાટાં બાફેલાં પાણીથી રૂપાની ચીજો સરસ સાફ થશે.

સીસું ૬૨૦F. ડિગ્રી ગરમીથી અને કલઈ ૪૪૬F. ડિગ્રીએ ઓગળે છે; પણ એ બંને ધાતુઓને ભેગી કરો તો ૩૫૬ ડિગ્રીએ ઓગળશે. આ મિશ્રણ રેણ કરવામાં વપરાય છે.




જળબિંદુઓ પર થતી પ્રકાશની લીલાથી મેઘધનુષ્ય રચાય છે. નિષ્ણાતો કહે છે કે તમે જ્યારે મેઘધનુષ્ય જુઓ છો ત્યારે એ તમારું આગવું દૃશ્ય જ હોય છે. દરેક માણસ-ટોળામાં ઊભો હોય તો પણ એ અમુક ખૂણેથી જોતો હોય એટલે એ પોતે બીજાઓ કરતાં જુદું જ મેઘધનુષ્ય જુએ છે!

પૈસાને તમારો ચાકર નહિ બનાવો તો તે તમારો શેઠ થઇ બેસશે.



કોઈ પરીના ઉપવન જેવા લાગતા આ ચિત્રમાં જે દેખાય છે એ રખે ફૂલના છોડ માની બેસતા. એ તો દરિયાને તળિયે નીપજતાં વિચિત્ર જીવડાં જ છે.



કલાકણિકા : ગ્રંથ-બાંધણી (બુક બાઈન્ડિંગ)ના ક્ષેત્રમાં તો યુરોપે શોભનકલાના જે ઉત્કૃષ્ટ નમૂના સર્જ્યા છે તે જોતાં દંગ થઈ જવાય છે. મજબૂત પૂઠાં પર મઢેલા ચામડામાં સોનેરી તેમજ સાદું વેલબુટ્ટાઓ આદિનું મનોહર શોભનકામ ઉપસાવવા તથા ઉતારવાની એ કલાને ઇંગ્લંડમાં ૧૮મી સદીમાં પુનર્જીવિત કરનાર રૉબર્ટ પેઇનની એક કૃતિ. શોભન વિનાના કેટલાક ખાલી ગાળામાં-ચામડાની અસલિયત દેખાડતી ભાત એ તેની વિશિષ્ટતા હતી.

